بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمة الله عليه બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمة الله عليه

**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-જાન્યુઆરી-૨૦૦૯**

મુહર્રમુલ હરામ-સફરુલ્ મુઝફ્ફર
હિજરી સન : ૧૪૩૦

વર્ષ : ૦૬, અંક : ૦૧, સળંગ અંક : ૬૧



સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦/- |
| આજીવન | રૂા. | ૩૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | પેજ નં. |
|---|---|---|
| ૦૧ | અન્ય કરે તે આતંકવાદ અને ઘરનાં કરે તે પ્રતિક્રિયાવાદ ! | ૦૨ |
| ૦૨ | *જામિઆ અક્કલકુવાનું માસિક ! :* બયાને મુસ્તફા કે "બયાને મુખાલિફે મુસ્તફા" ?! | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૧૧ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૩ |
| ૦૫ | શિફા શરીફ | ૧૬ |
| ૦૬ | કાનૂને શરીઅત | ૧૭ |
| ૦૭ | નબી ﷺની સુન્નત અને આધુનિક વિજ્ઞાન | ૧૯ |
| ૦૮ | વિજ્ઞાનની પ્રગતિમાં મુસલમાનોનો રોલ | ૨૦ |
| ૦૯ | હઝરત ઉમર ફારૂકે આ'ઝમની મહાન કરામતો | ૨૩ |
| ૧૦ | મુહર્રમમાં પ્રચલિત ગલત રસ્મો | ૨૬ |
| ૧૧ | તાઝિયાદારી અને ઉલમાએ અહલે સુન્નત | ૨૮ |
| ૧૨ | ન્યાઝ, સબીલ...વગેરે કરવું જાઈઝ છે | ૩૦ |
| ૧૩ | યઝીદ પલીદની બુરાઈઓ હક્કની રોશનીમાં | ૩૧ |
| ૧૪ | રઝાએ મુસ્તફાનું બીજું નામ મુસ્તફા રઝા ! | ૩૪ |
| ૧૫ | કા'બા શરીફનું ગુસ્લ ઈતિહાસની રોશનીમાં | ૩૭ |
| ૧૬ | વિશ્વશાંતિ માટે સૌથી મોટો ખતરો !... | ૪૧ |
| ૧૭ | મુહર્રમની મજલિસોની બરકતો | ૪૨ |
| ૧૮ | આ સમૂહ લગ્નો કે દીન તથા સુન્નિયત તોડનાર શંભૂમેળા ?! | ૪૩ |
| ૧૯ | FEAR OF ALLAH : QUALITIES | ૪૪ |
| ૨૦ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૭ |


**રોકીએ સર કો રોકીએ હાં યહી ઈમ્તેહાન હૈ**

અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمة الله عليه

અર્શ કી અકલ દંગ હૈ ચર્ખ મેં આસમાન હૈ
જાને મુરાદ અબ કિધર હાયે તેરા મકાન હૈ
અર્શ પે તાઝા છેળછાળ ફર્શ પે તરફા ધૂમધામ
કાન જિધર લગાઈએ તેરી હી દાસ્તાન હૈ
વો જો ન થે તો કુછ ન થા વો જો ન હો તો કુછ ન હો
જાન હૈ વો જહાન કી જાન હૈ તો જહાન હૈ
તુઝસા સિયાહકાર કૌન ઉનસા શફીઅ્ હૈ કહાં
ફિર વો તુઝહી કો ભૂલ જાએ દિલ યે તેરા ગુમાન હૈ
પેશે નઝર વો નૌ બહાર સજદે કો દિલ હૈ બેકરાર
રોકીએ સર કો રોકીએ હાં યહી ઈમ્તેહાન હૈ
ખૌફ ન રખ **'રઝા'** ઝરા તૂ તો હૈ અબ્દે મુસ્તફા
તેરે લિયે અમાન હૈ તેરે લિયે અમાન હૈ

**લાજવાને બદલે ગાજવું તે આનું નામ !**

**અન્ય કરે તે આતંકવાદ અને ઘરનાં કરે તે પ્રતિક્રિયાવાદ !**

કાર્યાલય

ગત મહિને મુંબઈ ખાતે જે ભયાનક ત્રાસવાદી હુમ્લો હોટલ તાજ, નરીમાન હાઉસ, હોટલ ઓબેરોય તથા CST પર થયો અને આમ પબ્લિક પર ગોળીબાર તથા હેન્ડ ગ્રેનેડ ફેંકાયા તેમાં હિંદુ મુસ્લિમ સર્વ જ્ઞાતિના લોકોનાં મૃત્યુ થયાં, કેટલાક વિદેશી નાગરીકો, પોલીસ અધિકારીઓ તથા લશ્કરના કમાન્ડો ત્રાસવાદીઓના ગોળીબારના નિશાન બન્યા, આ દુઃખદ ઘટનાથી સમગ્ર દેશવાસીઓએ આંચકો અનુભવ્યો છે, આ ઘટનાને અમો અતિ સખત શબ્દોમાં વખોડીએ છીએ, અને દુઃખ અનુભવીએ છીએ. આતંકવાદ એ સમગ્ર માનવજાત માટે અસંતોષ તથા અજંપાનો તથા ચિંતાનો સબબ છે, આતંકવાદી કોઈ પણ જ્ઞાતિવાળો હોય પણ આતંકવાદ એ આતંકવાદ જ છે, કોઈપણ ન્યાય પ્રિય સહી દિમાગવાળી વ્યક્તિને તેના પ્રત્યે હમદર્દી રહેશે નહીં. કારણ કે આતંકવાદી નિર્દોષ પ્રજાનો ભોગ લે છે અને કેટલાયનાં ઘરોને ઉઝાડી મૂકે છે, અને દેશના તંત્રને તથા સામાન્ય જનજીવનને વેરવિખેર કરી મૂકે છે અને શાંતિથી જીવી ખાતા લોકોનું જીવન ભયપૂર્ણ બની જાય છે અને દેશની પ્રગતિ રૂંધાય જાય છે.

પણ આપને એ જાણીને આશ્ચર્ય થશે કે 'ગુજરાત સમાચાર' દૈનિક પત્ર (તા. ૩–૧૨–૨૦૮)ના 'નેટવર્ક' કોલમના લેખક ગુણવંત છો. શાહે આતંકવાદને નવુ રૂડુ રૂપાળુ નામ આપ્યું 'પ્રતિક્રિયાવાદ !' એટલે કે અત્યાર સુધી કાયમ તેમની કલમ થકી તેઓ ચિલ્લાતા રહ્યા કે 'પેલા આતંકવાદીઓ' અને 'મુસ્લિમ આતંકવાદ'ને મિટાવવા માટે મુસલમાનો જાગે અને આમ કરે ને તેમ કરે ! પેલા ફત્વાબાજો ને મુલ્લાઓથી દૂર રહે....વગેરે જેવી સૂફિયાણી સલાહો આપતા રહ્યા પણ હવે તેમનાથી વાસ્તવિક હકીકત ન જીરવાયી કે હિંદુ આતંકવાદીઓ પણ પકડાઈ ગયા ! જેમ કે કહેવાતી સાધ્વી પ્રજ્ઞા તથા લેફ. કમાન્ડર પુરોહિત તથા કહેવાતા સ્વામી દયાનંદ પાંડે તથા અન્ય હિંદુ સંગઠનોના સભ્યો વગેરે. અહીં આગળ 'આવી કહેવાતી સાધ્વીઓ અને આવા કહેવાતા સ્વામીઓથી દૂર રહો !" ન લખી શક્યા ! બલ્કે આ મહાશય 'વેડનસડે' નામની ફિલ્મ સ્ટોરીને ટાંકીને આ આતંકવાદી કૃત્ય કરનારાઓ પર જાણે કે ગર્વ લઈ રહ્યા હોય તેમ આડેધડ કલમ ચલાવી રહ્યા છે અને તેમને સ્વતંત્ર ભારતની લોકશાહીમાં જાણે પૂછનાર પણ કોઈ જ નથી !

અમો દરેક આતંકવાદીને તથા દરેક આતંકવાદને વખોડીએ છીએ અને તેને કદાપી સારો ગણતા નથી, ચાહે તે આતંકવાદીની જાતિ ગમે તે હોય પણ તે માનવ જગત માટે ખતરો છે અને તેનું અસ્તિત્વ દુનિયા માટે ખતરનાક છે. પણ નિર્દોષોને બોમ્બથી ઉડાવી દેનાર તથા અસંખ્ય લોકોને ઘાયલ કરી તેમના જીવનને દુઃખદ બનાવી આપનાર ઉપરોક્ત વર્ણાવ્યા તે પકડાયેલા હિંદુ આતંકવાદીઓ પ્રત્યે કૂંણી લાગણી ધરાવનાર આ શાહ મહાશય શબ્દોની માયાજાળ ઊભી કરીને, અયોગ્ય તથા કઢંગી વાતો અને અયોગ્ય ઉદાહરણો આતંકવાદીઓ સાથે જોડી એક નવા શબ્દ 'પ્રતિક્રિયાવાદ'નું સર્જન ભલે કરે પણ જેઓ આતંકવાદી છે તેઓ આતંકવાદી જ રહેશે અને આતંકવાદી જ કહેવાશે !

એમની જેમ જ વિચારીને કોઈ કહી શકે છે કે ૧૯૯૨ ડિસેમ્બરમાં બાબરી મસ્જિદને આતંકવાદથી શહીદ કરવામાં આવી પછી જે બોમ્બ ધડાકા થયા એ આતંકવાદ નથી પણ 'પ્રતિક્રિયાવાદ' છે ! પણ અમે કહીએ છીએ કે આવું કહેનાર જાલિમ છે ! કારણ કે નિર્દોષોનું લોહી વહેવડાવનાર આતંકવાદી જ છે અને આતંકવાદને કોઈ ધર્મ નથી, તેને ધર્મ સાથે જોડવામાં ન આવે, ભલે તે ગુમરાહ થયેલ વ્યક્તિઓ ગમે તે ધર્મની હોય પણ તેને બુરા જ સમજવામાં આવશે.

દેશના ન્યાયતંત્ર તથા કોર્ટો પરથી વિશ્વાસ ઉઠાવી લઈ કાયદો હાથમાં લઈને જેને આ શાહ મહાશય 'પ્રતિક્રિયાવાદ' કહે છે એવો 'પ્રતિક્રિયાવાદ' જો દરેક ક્ષેત્રે શરૂ થઈ જશે તો દેશ ખેદાન મેદાન થઈ જશે એવું એમને કાંઈ સમજાય છે ખરું ?!

વળી વારંવાર સમજાવવામાં આવ્યું કે આતંકવાદને ઈસ્લામ સાથે કોઈ સંબંધ નથી, કુર્આનમાં નિર્દોષો પર જુલ્મ કરનારને સખત શિક્ષાના આદેશો અલ્લાહ તરફથી અપાયા છે, છતાં આ લેખક મહાશય વળી વળીને ઉશ્કેરણી ફેલાવતાં લખાણો એને વચમાં લાવીને લખે જ જાય છે.

અને દુનિયા જાણે છે કે અફઘાનિસ્તાન તથા ઈરાકમાં જે થયું તથા થઈ રહ્યું છે એ પણ અમેરિકન ગવર્નમેન્ટ પ્રેરિત ત્રાસવાદ જ છે. ત્રાસવાદનો જન્મદાતા જ એ ઈઝરાઈલ, અમેરિકા તથા બ્રિટન છે, તેમની વિદેશોમાં દખલગીરીએ જ ત્રાસવાદના રાક્ષસને જણ્યો છે એ તો તમારું દિમાગ ઠીક ચાલતુ હોય તો તમે પણ સમજી શકો છો.

તેમજ ઈઝરાઈલ જેનું અસ્તિત્વ જ ગેરકાયદેસર થયેલ છે અને તેનો વાસ્તવિક ઈતિહાસ કાંઈ જુદો છે, પેલેસ્ટાઈનીઓ પર તે વરસોથી જુલ્મોની વર્ષા કરી રહ્યું છે તેને બદલે પોતાની કૌમની ઉશ્કેરણી કરતા હોય તેમ વાહિયાત લખાણ તેઓ લખ્યે જાય છે. તો તેમણે આવી પાયા વિહોણી વાતોથી દૂર રહી એક પ્રમાણિક પત્રકારને છાજે તેવાં લખાણો કરવાં જોઈએ.

જામિઆ અક્કલકુવાનું માસિક !

# બયાને મુસ્તફા

# "બયાને મુખાલિફે મુસ્તફા"?!

(હપ્તો : બીજો)

તંત્રી લેખ....

ગતાંકમાં 'જશ્ને ઈદે મીલાદુન્નબી' ﷺ સંબંધે તેને મનાવવું જાઈઝ, મુસ્તહબ તથા મુસ્તહસન હોવું ઈસ્લામી શરીઅતની રૂએ સંતોષકારક દલીલોથી પુરવાર કર્યું અને તેને 'બિદઅત' તથા 'બિન ઈસ્લામી તહેવાર' કહેનાર 'બયાને મુસ્તફા' કહેવાતુ માસિક બહાર પાડનાર અક્કલકૂવાવાળા દેવબંદીઓ તથા અન્ય તેમના હમમસ્લક માસિકોવાળા જાતે જ સઊદી નજદી વહાબી સત્તા અગાઉના અહલે સુન્નતના મુફતીઓ થકી **બિદઅતી** તથા **ઈસ્લામી હાકિમ થકી સજાને પાત્ર** અને **દિલમાં નબી ﷺ પ્રત્યે નિફાક઼ તથા કીનો ધરાવનાર** અને પોતે જ **"બિન ઈસ્લામી"** જાહેર થયા.

હા ! જે ચીજોના શરીઅતમાં સ્પષ્ટ હરામના હુકમો છે તેને તો સૌ કોઈ જાણે જ છે તે એ કે વાજાં, ગાજાં, ત્રાંસાં, બેન્ડ બાજાં અથવા ફટાકડા ફોડવા વગેરે જાઈઝ હોવાનો હુકમ કોઈ અહલે સુન્નતના આલિમોનો છે જ નથી ! જેથી એવી ચીજો કોઈ પણ પ્રસંગે હોવી જોઈએ નહીં અને દરેક ઠેકાણે તે હરામ તથા નાજાઈઝ જ ગણાશે.

## ★ શું શબે મેઅરાજ મનાવવી પણ બિન ઈસ્લામી ! ★

રસૂલે પાક ﷺથી કીનો ધરાવનાર અદાવતે રસૂલમાં ચૂર આ દેવબંદીઓ મેઅરાજનો ખુલ્લો ઈન્કાર ન કરી શક્યા તો હવે સુન્નીઓ થકી મેઅરાજ શરીફ ૨૭–૨જબના રોજે જે મનાવવામાં આવે છે, ઈબાદત કરવામાં આવે છે, રોઝો રાખવામાં આવે છે તેને પણ પોતાના માસિક 'બયાને મુસ્તફા'માં નાજાઈઝ તથા હરામ દર્શાવ્યું છે અને કારણ ફક્ત એટલું દર્શાવ્યું કે **મેઅરાજ શરીફ કયા દિવસે થઈ તેમાં મતભેદો છે, એટલે એ નાજાઈઝ તથા હરામ છે !** અને એ જ અર્થમાં 'સદાએ મર્કઝ' નામના અંકલેશ્વરથી પ્રસિદ્ધ થતા દેવબંદી ફિર્ક઼ાના માસિક (ઓગસ્ટ–૨૦૦૬)માં ૨૭ રજબે શબે મેઅરાજ મનાવવા વિરુદ્ધ લખાણ હતું. તથા અન્ય દેવબંદી ફિર્ક઼ાનાં માસિકો એવું લખતાં જ રહે છે, જેથી તેના સંબંધે અમે અહલે સુન્નતના વિવિધ દારુલ ઈફતાને સવાલ કર્યો હતો તેમાંથી કેવળ એક જ સ્પષ્ટ જવાબ અત્રે સવાલ સાથે રજૂ કરીએ છીએ જે સર્વ ગુમરાહીની આંધીઓનાં વાદળોને વિખેરવા માટે પૂરતો છે. સાંભળો :–

**સવાલ** : શું ફર્માવે છે ઉલમાએ દીન તથા શરીઅતે પાકના મુફતીઓ નીચેના મસાઈલમાં કે; એક દેવબંદી માસિક 'સદાએ મર્કઝ' જે અંકલેશ્વરથી પ્રસિદ્ધ થાય છે એના ઓગસ્ટ–૨૦૦૬ના અંકમાં લખ્યું છે :–

"૨૭ રજબમાં કોઈ ખાસ ઈબાદતો, તસ્બીહો તથા દુઆઓની કોઈ સાબિતી નથી મળતી. શબે મેઅરાજ જે આપણે ત્યાં મનાવવામાં આવે છે તેની ઈસ્લામમાં કોઈ અસ્લ (દલીલ) નથી. આવી **મેઅરાજ મનાવવી વાહિયાત** અથવા **ગુનાહનું કામ** છે. જેને ઈસ્લામ સાથે કોઈ લેવા દેવા નથી.

હુઝૂર ﷺ મેઅરાજમાં બયતુલ્લાહથી બૈતુલ મુક઼દ્દસ પછી સિદરતુલ મુન્તહા અને સાતેવ આસ્માનો

સુધી તશરીફ લઈ ગયા, એટલે સુધી દુરુસ્ત છે. પરંતુ આ બનાવ કયા મહિનામાં થયો તેના વિશે કોઈ નિશ્ચિત વાત મૌજૂદ નથી. ઘણા લોકો આ બનાવ સંબંધે રજબનો ક઼ૌલ કરે છે અને અમુક લોકો રબીઉલ અવ્વલનો ક઼ૌલ કરે છે. કઈ તારીખે આ બનાવ બન્યો તેના વિશે પણ સખત મતભેદ છે. ૨૭ રજબ વિશે કોઈ યક઼ીની ક઼ૌલ મૌજૂદ નથી જેથી ૨૭ રજબે મેઅરાજ મનાવવું દુરુસ્ત નથી.''

વધુમાં લખ્યું છે કે, ''મેઅરાજનો આ બનાવ નબી ﷺને 'પયગંબરી મળવાના' પાંચ વરસ પછી પેશ આવ્યો. જેનો અર્થ એ થયો કે આપના પવિત્ર જીવનમાં ૧૮ વાર મેઅરાજની રાત આવી પણ આપે કદી શબે મેઅરાજ મનાવી હોય એની કોઈ સાબિતી નથી, ન કદી આપે એને મનાવવાનો હુકમ આપ્યો જેવી રીતે શબે ક઼દર તથા શબે બરાત મનાવવાનો હુકમ આપ્યો. ન સહાબાથી સાબિત છે કે તેમણે હુઝૂર ﷺના બાદ ૧૦૦ વરસોમાં શબે મેઅરાજ મનાવી હોય. એટલા માટે એને મનાવવું અને અધિક ઈબાદતની વ્યવસ્થા કરવી 'બિદઅત' તથા 'ઈસ્લામ વિરુધ્ધ' છે.

એ જ પ્રમાણે એ દિવસે રોઝો રાખવો પણ સાબિત નથી. કિતાબોમાં છે કે કેટલાક લોકોએ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના ખિલાફતકાળમાં ૨૭ રજબે ખાસ ઈબાદત કરી તથા રોઝો રાખ્યો. આપને ખબર થઈ તો આપ ઘરેથી નીકળ્યા અને એક શખ્સની પાસે પહોંચ્યા અને જબરદસ્તી કહ્યું કે તમે હમણા મારી સામે આવો અને રોઝો તોડો ! આ રીતે તુરત જ એક બિદઅતને ફેલતાં રોકી. આ વાતો તમે જાણી લીધી તો હવે રજબના ખુરાફાતની કોઈ ગુંજાઈશ રહી જ નથી.'' *(સદાએ મર્કઝ માસિક, અંકલેશ્વર, ઓગસ્ટ–૨૦૦૮)*

તો હવે સવાલ એ છે કે :–

૧. રજબ મહિનામાં મેઅરાજની કોઈ સાબિતી છે કે નથી ?

૨. ૨૭ રજબે શબે મેઅરાજ મનાવવી એ ખરેખર બિદઅત તથા ઈસ્લામ વિરુદ્ધનું કૃત્ય છે ?

૩. ૨૭ રજબના રોઝો રાખવો બિદઅત છે ? અને જે દર્શાવેલ કિતાબમાં હઝરત ઉમરના હવાલાથી જે પ્રસંગ વર્ણવ્યો છે તેની શું અસલ છે ?

દલીલબદ્ધ અને વિગતવાર જવાબ એનાયત ફર્માવીને ક઼ૌમનું માર્ગદર્શન કરશો. *(પ્રશ્નકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

## ✪ ૨૭ રજબે શબે મેઅરાજ વિશે મશ્હૂર મુહદ્દિષોનાં કથનો ✪

**અલ્ જવાબ :** اَللّٰهُمَّ هِدَايَةَ الْحَقِّ وَالصَّوَابِ મઅરાજુન્નબીનો દિવસ એક પવિત્ર તથા ઐતિહાસિક દિવસ છે જેની રાતમાં અલ્લાહ તઆલાએ પોતાના પ્યારા નબીને તે કુર્બ (નિકટતા) અર્પણ કર્યો કે અન્ય અંબિયાને એ કુર્બ અતા ન થયો. અને શબે મેઅરાજના રોજ નબી ﷺએ માથાની આંખો વડે જાગૃતાવસ્થામાં પોતાના રબનો દીદાર કર્યો અને એ રાતમાં નમાઝનો તોહફો આપવામાં આવ્યો. આવા મુક઼દ્દસ તથા ઐતિહાસિક દિવસોને **ઐયામિલ્લાહ** (અલ્લાહના દિવસો) કહેવામાં આવે છે, જેને યાદ કરવાનો અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો. ઈર્શાદે ખુદાવંદી છે : وَذَكِّرْهُمْ بِاَيّٰمِ اللّٰهِ ''અલ્લાહના દિવસોની ચર્ચા કરો.'' *(પારા–૧૩, રુકૂઅ–૧૩)*

અને યાદ કરવાની વિવિધ સ્થિતિઓ છે : તે દિવસે રોઝો રાખીને, ખાસ ઈબાદતોની વ્યવસ્થા કરીને અથવા તો જલસો કે ઝિક્રની મેહફિલ ગોઠવીને. અને એ સમયોમાં વર્ણવેલ કાર્યો કરવાની **મનાઈની કોઈ**

**દલીલ જ્યાં સુધી ન મળી જાય ત્યાં સુધી** એ કાર્યો પોતાની અસલના એ'તબારથી **જાઈઝ** થશે.

એ સહીહ છે કે મેઅરાજની તારીખ, મહિના તથા સાલમાં ઉલમાએ સિયર તથા મુહદ્દિષો વચ્ચે જબદસ્ત મતભેદ છે. મેઅરાજ બઅષત (નબુવ્વતના એલાન) પછી હિજરત પહેલાં કે હિજરત પછી થઈ ? વળી બઅષત પછી હિજરત પહેલાં કેટલા વરસો પહેલાં થઈ ? એમાં પણ વિવિધ કથનો છે, વળી મહિનામાં પણ મતભેદ છે. કોઈકે રબીઉલ અવ્વલ, કોઈકે રબીઉલ આખર, કોઈએ રજબ, કોઈએ રમઝાન, કોઈએ શવ્વાલ કહ્યું.

પણ અધિક મજબૂત તથા મશ્હૂર એ છે કે બઅષત પછી હિજરત પહેલાં ૨૭ રજબની રાતમાં થઈ. મહાન મુહદ્દિષ હાફિઝ અબ્દુલગની મુક઼દસી એ એને જ અપનાવેલ છે. **મવાહિબે લદુન્નિયા**માં છે :– كَانَ لَيْلَةَ السَّابِعِ وَالْعِشْرِيْنَ مِنْ رَجَبٍ۔ وَاَخْتَادَهُ الحَافِظُ عَبْدُ الغَنِىْ بِنْ سَرُوْرَ اَلْمُقَدَّسِىْ **(અર્થ)** : ''મેઅરાજ ૨૭ રજબની રાતમાં થઈ. હાફિઝ અબ્દુલગની મુક઼દસીએ એને અપનાવેલ છે.''

આ ક઼ૌલ હેઠળ **ઝુર્કાની અલલ્ મવાહિબ**માં છે :–

وَعَلَيْهِ عَمَلُ النَّاسِ : قَالَ بَعْضُهُمْ : وَهُوَ الاَ قْوىٰ فَاِنَّ الْمَسْئَلَةَ اِذَا كَانَ فِيْهَا خِلَافٌ لِلْسَلَفَ وَلَمْ يَقُمْ دَلِيْلٌ عَلىٰ التَّرْجِيْحِ وَ اِقْتَرَنَ العَمَلُ بِاَحَدِ الْقَوْلَيْنِ اَوِالاَقْوَالُ وَ تَلَقّٰى بِالْقُبُوْلِ فَاِنَّ ذٰلِكَ مِمَّا يَغْلُبُ عَلىٰ الظَّنِّ كَوْنُهُ رَاجِحًا۔

**(અર્થ)** : ''૨૭ રજબવાળા ક઼ૌલ (કથન) પર લોકોનો અમલ છે. અમુક ઉલમાએ ફર્માવ્યું, આ જ કથન અધિક મજબૂત છે, કેમ કે જે મસ્અલામાં સલફ (પૂર્વજ બુઝુર્ગો)નો મતભેદ હોય અને અગ્રતા માટે કોઈ દલીલ ક઼ાયમ ન થાય અને કોઈ એક ક઼ૌલની સાથે અમલ લાગુ થઈ જાય અને તેને ક઼બૂલિયત હાંસલ થાય તો અધિક્તર ગુમાન એ છે કે એ જ રાજેહ (પસંદીદા) છે.'' *(ઝુર્કાની અલલ મવાહિબ, ભાગ–૨, પેજ–૭૧)*

એટલે કે ૨૭ રજબવાળા કથન પર લોકોનો અમલ છે. અમુક ઉલમાએ ફર્માવ્યું, એ જ ક઼ૌલ અધિક મજબૂત છે. કેમ કે જે મસ્અલામાં સલફ (પૂર્વજ બુઝુર્ગો)નો મતભેદ હોય અને અગ્રતા આપવા માટે કોઈ દલીલ સ્થાપિત ન થાય અને કોઈ એક ક઼ૌલ સાથે અમલ લાગુ થઈ જાય અને તેને ક઼બૂલિયત હાંસલ હોય તો અધિક્તર ગુમાન એ છે કે એ જ રાજેહ (પસંદીદા) છે.

અને વહાબીઓ દેવબંદીઓનું એ કહેવું કે, ''હુઝૂરની જિંદગીમાં મેઅરાજની રાત વિવિધ વાર આવી, સહાબીઓની જિંદગીમાં કેટલીયેવાર આવી, પણ તે હઝરાતે કદી શબે મેઅરાજ ન મનાવી અને ન કદી મનાવવાનો હુકમ આપ્યો, એટલા માટે એ બેઅસ્લ છે.''....**પ્રથમ** તો તેને બેઅસ્લ કહેવું વહાબીઓની જેહાલત છે. નીચે અમે અમુક રિવાયતો નકલ કરીએ છીએ જેનાથી સ્પષ્ટ થઈ જશે કે એના માટે અસ્લ (મૌજૂદ) છે.

**બીજુ** કે એ હઝરાતે જશ્ને મેઅરાજુન્નબી મનાવવાથી મના ક્યારે કર્યુ ? વહાબી એને સાબિત કરી આપે ! અને **જ્યારે વસ્તુમાં અસલ અબાહત (મુબાહ હોવું) છે તો અસલના એ'તબારથી જાઈઝ હોવાનો હુકમ થશે.**

**ત્રીજુ** એ કે જો વહાબીઓને દરેક કામ માટે અસલની જરૂરત હોય તો પછી બતાવે કે દારુલ ઉલૂમ દેવબંદનો ''સદ સાલા જશ્ન'' (શતાબ્દીનો જશ્ન) મનાવવામાં આવ્યો તેની શું અસ્લ છે ? શું કુરૂને ષલાષા (રસૂલ, સહાબા, તાબઈના જમાના)માં આ પ્રકારનો કોઈ ''સદ સાલા જશ્ન'' થયો હતો ? હવે અમે એ રિવાયતોને વર્ણવીએ છીએ જેનાથી શબે મેઅરાજના રોજ ખાસ ઈબાદતોની વ્યવસ્થા કરવાની તથા ૨૭ રજબે નફલી રોઝો રાખવાની સાબિતી પૂરી પડે છે.

## ✪ ૨૭ રજબે ઈબાદત તથા રોઝાની સાબિતી ✪

'બયહકી' તથા 'શોઅબુલ ઈમાન' તથા 'દયલમી'એ 'મુસ્નદુલ ફિરદોસ'માં સલ્માન ફારસી رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત કરી કે :–

فِی رَجَبٍ یَوْمٌ وَلَیْلَةٌ مَنْ صَامَ ذٰلِكَ الْیَوْمَ وَقَامَ تِلْكَ اللَّیْلَةَ كَانَ كَمَنْ صَامَ الدَّهْرَ مِأَةَ سَنَةٍ وَهُوَ لَثٰلٰثٌ بَقَیْنَ مِنْ رَجَبٍ وَفِیْهِ بَعَثَ اللّٰهُ تَعَالٰی مُحَمَّداً صلی اللہ علیہ وسلم قَالَ الْبَیْهَقِی مُنْكَرٌ

**''રજબમાં એક દિવસ અને એક રાત છે, જે એ દિવસનો રોઝો રાખે અને તે રાત નવાફિલ (નફલો પઢવામાં) પસાર કરે તે સો (૧૦૦) વરસના રોઝાઓ તથા સો (૧૦૦) વરસની શબ બેદારીના સમાન થશે અને તે ૨૭ રજબ છે.** એ જ તારીખે અલ્લાહ عزوجلએ મુહમ્મદ صلی اللہ علیہ وسلمને મબઊષ કર્યા.

તેમજ એમાં જ અબાન ઈબ્ને અયાશના તરીક઼ાથી હઝરત અનસ رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત પામેલ છે :

فِیْ رَجَبٍ لَیْلَةٌ یُكْتَبُ فِیْهَا لِلْعَامِلِ حَسَنَاتِ مِأَةَسَنَةً وَذٰلِكَ لَثٰلٰثُ بَقِیْنَ مِنْ رَجَبٍ فَمَنْ صلّٰی فِیْهِ اثْنَتٰی عَسْرَةَ رَكْعَةً یَقْرَءُ فِیْ كُلِّ رَكْعَةٍ فَاتِحَةَ الْكِتَابِ وسُوْرَةً مِنَ الْقُرْآنِ وَیَتَشَهَّدُ فِیْ كُلِّ رَكْعَةٍ وَیُسَلِّمُ فِیْ آخِرِهِنَّ ثُمَّ یَقُوْلُ سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ مِأَةَ مَرَّةً وَ یَسْتَغْفِرُ مِأَةَ مَرَّةً وَیُصَلِّیْ عَلٰی النَّبِیِّ صلی اللہ علیہ وسلم مِأَةَ مَرَّةً وَیَدْعُوْ لِنَفْسِهِ بِمَا شَاءَ مِنْ دُنْیَاهِ اَوْ آخِرَتِهٖ وَیُصْبِحُ صَائِماً فَاِنَّ اللّٰهَ یَسْتَجِیْبُ دُعَاءَهٗ كُلَّهٗ اِلَّا اَنْ یَدْعُوْنَ فِیْ مَعْصِیَةٍ ۔

**''રજબમાં એક રાત છે કે એમાં નેક અમલ કરવાવાળાને સો (૧૦૦) વરસની નેકીઓનો સવાબ છે અને તે રજબની ૨૭મી રાત છે. જે એમાં બાર રકાતો પઢે, દરેક રકાતમાં સૂરએ ફાતિહા અને એક સૂરત અને દરેક બે રકાત પર અત્તહિય્યાત અને છેવટમાં સલામ બાદ *સુબ્હાનલ્લાહિ વલ્ હમ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર* સો વાર, ઈસ્તિગફાર સો વાર, દુરૂદ સો વાર. અને પોતાની દુનિયા તથા આખેરતથી જે ચીજની ચાહે દુઆ માંગે અને સવારે રોઝો રાખે તો અલ્લાહ તઆલા તેની સર્વ દુઆઓ ક઼બૂલ ફ઼ર્માવે.** قَالَ الْبَیْهَقِیْ هُوَا اَضْعَفُ مِنَ الَّذِیْ قَبْلَهٗ قَالَ اِبْنُ هَجَرٍ فِیْهِ مُتَّهِمَانِ

'ફવાઈદુન્નિહાદ'માં અનસ رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત થયેલ છે :–

بُعِثْتُ نَبِیًّا فِیْ السَّابِعِ وَالْعِشْرِیْنَ مِنْ رَجَبٍ مَنْ صَامَ ذٰلِكَ الْیَوْمَ وَدَعَاعِنْدَ اِفْطَارِهٖ كَانَتْ كَفَّارَةً عَشَرَ سِنِیْنَ

**(અર્થ) : ''સત્તાવીસ (૨૭) રજબે મારી બઅષત થઈ, જે એ દિવસનો રોઝો રાખે અને ઈફતારના વખતે દુઆ કરે તે દસ વરસના ગુનાહોનો કફ્ફારો બનશે.''** اَسْنَادُهٗ مَنْكِرٌ

જુઝએ અબૂ મઆઝ મરૂઝીમાં શહર ઈબ્ને હવશબના તરીક઼ાથી અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત થયેલ છે :–

مَنْ صَامَ یَوْمَ سَبْعٍ وَعَشْرِیْنَ مِنْ رَجَبٍ كَتَبَ اللّٰهُ لَهٗ صِیَامَ سِتِّیْنَ شَهْراً وَهُوَ اَلْیَوْمُ الَّذِیْ هَبَطَ فِیْهِ جِبْرَئِیْلُ عَلٰی مُحَمَّدٍ صلی اللہ علیہ وسلم بِالرِسَالَةِ ۔

**''જે રજબની ૨૭નો રોઝો રાખે તો અલ્લાહ તઆલા તેના માટે ૬૦ મહિનાના રોઝાઓનો સવાબ લખે,** અને તે એ દિવસ છે જેમાં જિબ્રઈલ علیہ السلام મુહમ્મદ صلی اللہ علیہ وسلمના માટે પયગંબરી લઈને નાઝિલ થયા. 'તન્ઝીહુશ્શરીઅહ્'થી 'મા ષબત બિસ્સુન્નહ્'માં છે : وَهٰذَا اَمْثَلُ مَا وَرَدَ فِیْ هٰذَ الْمَعْنٰی ''આ તે સર્વ

હદીષોથી બેહતર છે જે આ પ્રકરણમાં આવી."

આ સર્વ એના માટે (શબે મેઅરાજ ૨૭ રજબ તથા તેની ઈબાદતો રોઝા માટે) અસ્લ છે. અને અમલોની ફઝીલતોમાં ઝઈફ હદીષ ઉમ્મતના ઈજમાઅ સાથે મક્બૂલ (સ્વીકાર્ય) છે. *(માખૂઝ અઝ ફતાવા રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૬૫૭)*

## ✪ એક બાતિલ અક઼ીદાનું ખંડન ✪

એવું લખવું કે, "મેઅરાજનો બનાવ નબી ﷺને પયગંબરી મળવાના પાંચ વરસો પછી બન્યો." એ વાત દેવબંદીઓના એ બાતિલ અક઼ીદાને જાહેર કરે છે કે, "હુઝૂર ﷺને ૪૦મા વરસે નબુવ્વત મળી." જ્યારે કે સહીહ એ છે કે હુઝૂર ﷺ પેદાઈશી નબી છે અને આપે ઉમરના ૪૦મા વરસે નબુવ્વતનું એલાન કર્યું.

એના અનુસંધાનમાં ઘણી બધી હદીષો આવેલી છે, લખાણ ટૂંકાવવા ખાતર કેવળ બે હદીષો વર્ણન કરીએ છીએ : عَنْ اَبِیْ هُرَیْرَةَ قَالَ : قَالُوْا یَارَسُوْلَ اللّٰهِ مَتٰی وَجَبَتْ لَكَ النُّبُوَّةُ قَالَ وَ آدَمُ بَیْنَ الرُّوْحِ وَالْجَسَدِ "હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત થયેલ છે. તેમણે કહ્યું કે, સહાબાએ પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ આપના માટે નબુવ્વત ક્યારે જાહેર થઈ ? તો ફર્માવ્યું, જે વખતે આદમ રૂહ તથા શરીરની દરમ્યાન હતા." *(મિશ્ક઼ાત, પેજ–૫૧૩)*

عَنِ الْعَرْبَاضِ بْنِ سَارِیَةَ عَنْ رُسُوْلِ اللّٰهِ ﷺ اَنَّهُ قَالَ اِنِّیْ عِنْدَ اللّٰهِ مَكْتُوْبٌ خَاتِمَ النَّبِیّٖنَ وَآدَمَ لِمُنْجَدَلَ فِیْ طِیْنَتِهٖ

"અરબાઝ બિન સારિયાથી રિવાયત થયેલ છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હું અલ્લાહની નજીક તે વખતે પણ ખાતિમુન્નબીય્યીન હતો જ્યારે આદમ પૂતળાના સ્વરૂપમાં જમીન પર રાખેલા હતા." *(હવાલો : ઉપર મુજબ)*

ઉપરોક્ત વિગતોની રોશનીમાં ત્રણેવ સવાલોના જવાબો સ્પષ્ટ થઈ ગયા.

**લખનાર :** *(મુફ્તી) શમ્શાદ અહમદ મિસ્બાહી, (ખાદિમુલ ઈફતા વ તદરીસ : જામિઆ અમજદિયા રઝવિય્યહ, ઘોસી, જિ. મઊ)*

દેવબંદીઓ તથા વહાબીઓ ખઝ઼ઝલ હુમુલ્લાહુ તઆલાને અલ્લાહના મહબૂબ બંદાઓને ખાસ કરીને સૈયદના રહ્મતુલ્ લિલ્ આલમીન સૈયદુલ મહબૂબીન ﷺની અઝમત તથા મહોબ્બત પર દલીલ પૂરી પાડનારી ચીજોથી ચીડ છે, અને તેને ખેંચીતાણીને બેદલીલ બલ્કે દલીલ વિરુદ્ધ શિર્ક તથા બિદઅત અને બિન ઈસ્લામી કામ સાબિત કરવાની કોશિશ કરે છે. શું જે વાતમાં ઉલમાનો મતભેદ થઈ ગયો હોય તેને બિદઅત તથા ગૈર ઈસ્લામી કામ કહેવું જરૂરી છે ? જો એ સહીહ થઈ જશે તો ફિક઼્હના સર્વ પ્રકરણોનો મોટાભાગનો હિસ્સો ગૈર ઈસ્લામી થઈ જશે ! ઉલમાનો અમલ એ ખૂદ એક દલીલ છે. સહાબાના જમાનામાં પછી તાબઈનના જમાનામાં ઘણા બધાં કામો થતાં ન હતાં પણ આ જમાનામાં એ 'મુસ્તહસન' છે. જેમ કે : મસ્જિદોના મીનારાઓ, ગુંબદ અને એમાં ટાઈલ્સ તથા માર્બલનાં કામો, મદરસાઓનાં બાંધકામો, મદરસાના ચંદાઓ, તેની રસીદો અને ફિક઼્હ તથા હદીષ, તફસીરની તા'લીમ, પગારોનું નિશ્ચિત કરવું.....વગેરે. આ સૌ શું હરામ તથા બિદઅત છે ? હરગિઝ નહીં ! એટલા માટે હરામ હોવાની દલીલ વિના કોઈ કામને હરામ કહેવું હરામ બદ્અંજામ છે જે વહાબીઓનું મુક઼દ્દર છે. અલ્લાહ તઆલાને પોતાના મહબૂબની અઝમત પસંદ છે એટલા માટે તેમની અઝમત તથા મહોબ્બતની નિસ્બત પર અલ્લાહની

ઈબાદતો કરવી કબૂલિયતનો સબબ જાણવું દુરુસ્ત છે. રસૂલે પાક ﷺનો ઈર્શાદ છે, مَارَآهُ الْمُسْلِمُوْنَ حَسَنًا فَهُوَ عِنْدَ اللهِ حَسَنٌ "જેને મુસલમાનો સારું જાણે તે અલ્લાહના નજીક પણ સારું છે."

ફાઝિલ મુજીબ નો જવાબ કાફી શાફી છે. રબ્બે કદીર સારા બદલાથી નવાઝે. વલ્લાહુ તઆલા અઅ્લમ.
*–ફકીર ઝિયાઉલ મુસ્તફા કાદરી ગુફિરલહૂ (૧૦–ઝિલ કઅદા, હિ.સ. ૧૪૨૯)*

બીજું એ કે દેવબંદી સદાએ મર્કઝ (માસિક) લખે છે કે, **"મેઅરાજમાં હુઝૂર સાતેવ આસ્માનો સુધી તશરીફ લઈ ગયા, એટલે સુધી દુરુસ્ત છે."** તો શું બાકીનો પ્રસંગ, અર્શ પર હુઝૂર ﷺની જલ્વાગરી, લામકાં પહોંચવું, રબ તઆલાનો માથાની આંખોથી દીદાર કરવો......એ બધું નથી માનતા ? અલ્લાહ તઆલા તેના મહબૂબ ﷺને બુઝુર્ગી આપે છે તો વહાબી દેવબંદીઓને શા માટે જલન થાય છે કે એમાંય મરતાં મરતાં કહેતા હોય તેમ પોતાના તરફથી સીમાઓ લગાડીને લખે છે !

## ✪ શયખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વીનો કૌલ શું છે ? ✪

તદ્ઉપરાંત જેમને દેવબંદીઓ પણ પોતાના માનીતા ગણવાનો દાવો કરે છે તે મુહક્કિકે અલલ્ ઈત્લાક શયખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ પણ **૨૭ રજબે શબે મેઅરાજ મનાવવાને બિદઅત, નાજાઈઝ કે હરામ નથી કહ્યું**, બલ્કે ૧૦મી તથા ૧૧મી સદીના આ સર્વ માન્ય મુહદ્દિષ પોતાની કિતાબ "માષબત બિસ્સુન્નહ"માં લખે છે : **(અર્થ) : "અરબ શરીફના શહેરોમાં ૨૭ રજબ મેઅરાજ પાકના માટે મશ્હૂર છે."** *(માષબત બિસ્સુન્નહ, પેજ–૩૫૦)*

તેમજ હાશિયા શર્હે અકાઈદમાં **રૌઝતુલ અહબાબ**ના હવાલાથી છે કે, **"હરમૈન શરીફૈનમાં થતા અમલ મુજબ શબે મેઅરાજ ૨૭ રજબ છે."** *(હાશિયા શર્હે અકાઈદ, પેજ–૧૪૨, મતબૂઆ મજલિસે બરકાત)*

## ✪ ૨૭ રજબે મેઅરાજ સંબંધે મતભેદથી ઈબાદત હરામ થવાનું કોઈ કારણ નથી ✪

હજ્જમાં અરફાતમાં હાજરી તથા બકરા ઈદની કુર્બાનીની બાબતે શરીઅતનો નિશ્ચિત હુકમ છે કે તે જે તે દિવસોમાં જ જાઈઝ છે, અન્ય દિવસોમાં થશે નહીં. પણ શબે મેઅરાજમાં ઈબાદત માટે એવો કોઈ હુકમ તો નથી જેથી ૨૭ રજબે થતી નફ્લી ઈબાદત વગેરે નાજાઈઝ કઈ રીતે થશે ?! નફ્લી ઈબાદત તો ગમે ત્યારે કરી શકાય છે ! મસ્જિદમાં ઈબાદત માટે એકત્ર થવું એ મસ્અલા પર નજીકના ભૂતકાળના મક્કા શરીફના મહાન મુહદ્દિષ અલ્લામા સૈયદ મુહમ્મદ બિન અલ્વી બિન માલિકી قدس سرہએ પોતાની કિતાબ "અલ્ અન્વારુલ્ બહિય્યહ્ મિન્ ઈસ્રાઅ્ વ મિઅરાજિ ખૈરુલ બરિય્યહ્"માં ભરપુર ચર્ચા કરી છે જેનો સાર નીચે રજૂ કરીએ છીએ :–

"મેઅરાજ પાકના સંબંધે સમયની નિશ્ચિતતા બાબતે ઉલમાનો મતભેદ આપણા ૨૭ રજબના રોજ ભેગા થવા પર અસરઅંદાઝ નથી થઈ શકતો, એટલા માટે કે આપણે કોઈ ખાસ વખતમાં ભેગા થવા બાબતની શરઈ તાકીદનો અકીદો નથી ધરાવતા, એ એક આદત મુજબનું કાર્ય છે કે લોકો ભેગા થાય અને એમાં નસીહતની વાતો થાય, ચાહે લોકો સમયને નિશ્ચિત કરવામાં દુરુસ્ત હોય કે ખતા પર. **લોકોનું અલ્લાહ عزوجلના ઝિક્ર તથા હુઝૂર ﷺની મહોબ્બતમાં ભેગા થવું અલ્લાહ عزوجلના ફઝ્લ તથા રહમતની પ્રાપ્તિના માટે પૂરતુ છે.** નિ:શંક ! તેમનું ભેગા થવું અલ્લાહ عزوجلની રઝાના માટે છે જેથી **તેઓ જો સમય નિશ્ચિત કરવામાં ખતા પણ કરે તો પણ તેમનું આ ભેગા થવું અલ્લાહ عزوجلની**

**નજીક મક઼બૂલ છે,** એટલા માટે કે આ અમલ કોઈ નિશ્ચિત સમય મુજબની અથવા ફિક્સ સમયવાળી કેફિયતની ઈબાદત નથી, બલ્કે એ એક ઉમદા આદત અને મક઼બૂલ કાર્ય છે. *(અલ્ અન્વારુલ્ બહિય્યહ્, પેજ–૮, ૯)*

### ✪ હે દેવબંદીઓ ! તમારા માનીતા બુઝુર્ગોનું તો માનો ! ✪

જેની આંખોમાં રોશની છે તેના માટે આટલી વાતો હક્ક઼ સમજવા માટે પૂરતી છે અને હઠધર્મીનો કોઈ ઈલાજ નથી હોતો. અંતમાં દેવબંદીઓના જ પેશવાઓની ઝબાની કોઈ ચીજના જાઈઝ તથા નાજાઈઝ હોવા વિશેનો ખુલાસો જોઈ લો :–

**દેવબંદી પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી** લખે છે : "જનાબ રસૂલુલ્લાહ ﷺ તથા સહાબા رضوان الله تعالىٰ عليهم اجمعين ના કથન કે અમલનું ન હોવું કોઈ કથન કે અમલના નાજાઈઝ હોવાની દલીલ નથી. હુકમ ન હોવા માટે દલીલની જરૂરત છે. જાણકારીનું ન હોવું પૂરતુ નથી." *(બહવાલા મૌલાના ઈસ્માઈલ ઔર તક઼વિયતુલ ઈમાન, પેજ–૧૦૮)*

**મોલ્વી રશીદ અહમદ ગંગોહી દેવબંદી** જણાવે છે : "નાજાઈઝ હોવા માટે એ દલીલ નથી કે કોઈએ કુરૂને ખૈર (રસૂલ, સહાબાના જમાના)માં એને નથી કર્યું." અને "જાઈઝ તથા નાજાઈઝમાં જાઈઝ હોવા તરફ જવું જોઈએ." *(ફતાવા રશીદિયહ્, પેજ–૨૨૮)*

**જનાબ ક઼ારી મુહમ્મદ તૈયબ માજી મોહતમિમ દારુલ ઉલૂમ દેવબંદ**ની સાંભળો ! તે પણ કહે છે : "વર્ણન થયેલ ન હોવાનો અર્થ તદ્દન જ જાઈઝ ન હોવાનો નથી. વર્ણન ન હોવું એ વસ્તુ ન હોવાનો આધાર નથી. વર્ણન ન હોવાનો અર્થ દુનિયામાં ક્યાંય પણ નકાર તથા મનાઈનો નથી થતો." *(કલિમાએ તૈયબહ, પેજ : ૯૧–૫૭–૪૮)* સારાંશ કે કોઈ નક઼લનું ન મળવું સુન્નત હોવાનો નકાર તો થઈ શકે છે, પણ તેના હોવાનો કે જાઈઝ હોવાનો નકાર નહીં થઈ શકે.

### ✪ નાજાઈઝ કહેવા માટે નસ (શરઈ દલીલ) જોઈએ અને એ જિમ્મેદારી નાજાઈઝ કહેનાર પર છે ✪

**'ફુયૂઝુલ બારી'ના લેખક લખે છે** : "જ્યારે કોઈ વ્યક્તિ કોઈ ચીજને મના તથા ઈન્કાર કરે અને તેને હરામ તથા મકરૂહ અને નાજાઈઝ કહે, તો સાંભળો ! જાણી લો ! સાબિત કરવાના બોજાની જિમ્મેદારી તેના માથે છે, જ્યાં સુધી ઉઘાડી શરઈ દલીલ વડે સ્પષ્ટ ન કરી આપે ત્યાં સુધી એનો દાવો એના પર મરદૂદ. અને જાઈઝ તથા મુબાહ કહેનાર એનાથી મુક્ત છે કે એના માટે અસલથી દલીલ મૌજૂદ છે. **આ ક઼ાયદો કુર્આની દલીલ, નબવી હદીષો તથા હનફી, શાફઈ વગેરે મહાન આમ ઉલમા તથા ઈમામોના ખુલાસાઓથી સાબિત છે. એટલે સુધી કે કોઈ આલિમ એમાં વિરોધ કરતો નથી જોવા મળ્યો.** *(ફુયૂઝુલબારી, પેજ–૩/૨૧૯)*

**મિયાં નઝીરહુસૈન દહેલ્વી (દેવબંદી)નું એક કથન જુઓ** : "અને બેભાન ! મૂર્ખ ! ખુદા તથા રસૂલ ﷺનું જાઈઝ ન કહેવું અલગ વાત છે અને નાજાઈઝ કહેવું જુદી વાત છે. એ તો બતાવો કે તમે જે નાજાઈઝ કહો છો તેને ખુદા વ રસૂલે નાજાઈઝ ક્યાં કહ્યું છે ?!" *(ઈક઼ામતુલ ક઼િયામહ્, પેજ–૨૯)*

**'ફુયૂઝુલબારી'**માં છે : "જે શખ્સ કોઈ વાતનો દાવેદાર હોય તો તેને સાબિત કરવાની જિમ્મેદારી તેના માથે છે. પોતે પોતાના દાવાની સાબિતી ન આપે અને બીજા લોકોથી ઉલ્ટી સાબિતી માંગતો ફરે તે

પાગલ તથા ગાંડો કહેવાય છે અથવા ધોકાબાઝ ફિત્નાખોર. *(ફુયૂઝુલ બારી, ૩/૨૨૦, બહવાલા બિદઅત કી હકીકત, પેજ–૧૨૯, ૧૩૦, અલ્ મજમઉલ મિસ્બાહી, મુબારકપુર)*

ઉપરોક્ત ચર્ચાથી સાબિત થયું કે શબે મેઅરાજ ૨૭ રજબે મનાવવાને તથા ૨૭ રજબે ઈબાદત તથા રોઝા રાખવાને **નાજાઈઝ, હરામ, બિદઅત** અને **વાહિયાત** તથા **ગુનાહનું કામ** કહેનાર અક્કલકૂવાના 'બયાને મુસ્તફા' તથા અંકલેશ્વરના 'સદાએ મર્કઝ' તથા અન્ય માસિકો તેમજ પરચા કાઢનારા દેવબંદીઓ સચોટ શરઈ દલીલોથી એમની વાતને પુરવાર કરે અથવા તૌબા કરે. કારણ કે એમની તરકટ દલીલો કે, ''રસૂલ, સહાબાના જમાનામાં ન થયું એટલે નાજાઈઝ તથા હરામ''ના તાર તાર આ ચર્ચામાં વેરાઈ ચૂક્યા છે !

રહી વાત સદાએ મર્કઝ (માસિક)ની હઝરત ઉમર થકી રોઝો તોડાવવાની વાત, તો એની રજૂઆત અધ્ધર જ જણાય છે ! કારણ કે એ બનાવ સંબંધે કોઈ વિશ્વસનીય કિતાબનો હવાલો નથી આપ્યો પણ લખી દીધું કે, ''કિતાબોમાં છે કે......'' તો કઈ કિતાબો ? તેનાં શું નામો છે ? તે રજૂ કરો ! (તો તેની અસલિયત પણ જોઈ લઈએ !) જેમ કે અમોએ આ લેખમાં ''વિશ્વસનીય મુહદ્દિષો તથા ફકીહોની કિતાબોના મૂળ અરબી લખાણ સાથે હવાલા રજૂ કરી ૨૭–રજબે શબે મેઅરાજમાં ઈબાદત કરવા તથા રોઝો રાખવાના હવાલા પેશ કર્યા છે, ફક્ત હવાઈ વાતો રજૂ કરીને કોઈ ચીજ હરામ તથા નાજાઈઝ નથી થતી !

સર્વ કલ્માગો હઝરાતને અમારી વિનંતિ છે કે કોઈની ખોટી દલીલ વિહોણી કે કઢંગી દલીલોવાળી વાતોથી ગાડરીયા પ્રવાહ જેમ તેમની પાછળ દોરાય ન જાય બલ્કે હક્ક્ નાહક્ક્ની છાનબીન કરીને જ આગળ વધે. અને જેઓ કેવળ ઝભ્ભા કુભ્ભા, દાઢી અને જાહેરી ઈબાદતો જોઈને દેવબંદી ફિર્કા પ્રતિ આકર્ષાયા હોય તેમને અમારી વિનંતિ છે કે જો તમે તમારી આખેરતને બર્બાદ કરવા ન માંગતા હોઉ તો અમોએ પ્રસિદ્ધ કરેલ દેવબંદિયતની અસલિયત દર્શાવતી કિતાબો વાંચી તેમના કુફ્રી અકીદાઓની માહિતી મેળવી લો અને તમારાં ઈમાનની રક્ષા કરો એ જ વિનંતિ છે. અત્રે દેવબંદીઓની અસલિયત જાણવા માટે તેમની જ કિતાબોમાંથી તેમના અમુક **ગુમરાહ કરનાર અકીદા** રજૂ કરીએ છીએ તેને પણ જોતા ચાલો :

- ☞ ખુદા તઆલા જૂઠુ બોલી શકે છે. *(મસ્અલા ઈમ્કાને કિઝબ, બરાહીને કાતિઆ, લેખક : ખલીલ અંબેઠવી, જહદુલ મિક્લ, લેખક : મેહમૂદ હસન)*
- ☞ હુઝૂર ﷺ પછી પણ નબી થઈ શકે છે. *(તહઝીરુન્નાસ, લેખક : કાસિમ નાનોત્વી)*
- ☞ શૈતાન અને મલિકુલ મૌતનું ઈલ્મ હુઝૂર ﷺ કરતાં વધારે છે. *(બરાહીને કાતિઅહ્)*
- ☞ હુઝૂર ﷺનું ઈલ્મ બાળકો, પાગલો, જાનવરોની જેમ કે એમના સમાન છે. *(હિફઝુલ ઈમાન, લેખક : અશરફઅલી થાનવી)*
- ☞ હુઝૂર ﷺને ઉર્દૂ (ભાષા) બોલવું મદરસા દેવબંદથી આવડી ગયું. *(બરાહીને કાતિઅહ)*
- ☞ નમાઝમાં હુઝૂર ﷺનો ખયાલ લાવવો એ આપણા ગધેડા, બળદના ખયાલમાં ડૂબી જવાથી અધિક ખરાબ છે. *(સીરતે મુસ્તકીમ, લે. ઈસ્માઈલ દહેલ્વી)*

સ્થળ સંકોચને કારણે વધુ નથી લખતા. આ તો કેવળ તેમના ગંદા અકીદાઓની ઝલક છે, વધુ માટે દયાદરાથી કિતાબો મંગાવો : રહનુમાએ હક્ક, ઝલઝલા, આવો એક પ્લેટ ફોર્મ પર થઈ જઈએ, હક્ક્ નાહક્ક્ની પેહચાન, સુન્ની દેવબંદી મતભેદની ન્યાયી તપાસ, શું ખુદા જૂઠુ બોલી શકે ?.... વગેરે.

....(વધુ આવતા અંકે)

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

اَلطَّلَاقُ مَرَّتٰنِ فَاِمۡسَاكٌۢ بِمَعۡرُوۡفٍ
اَوۡ تَسۡرِيۡحٌۢ بِاِحۡسَانٍ‌ؕ وَلَا يَحِلُّ لَـكُمۡ اَنۡ تَاۡخُذُوۡا مِمَّآ اٰتَيۡتُمُوۡهُنَّ
شَيۡـئًا اِلَّاۤ اَنۡ يَّخَافَآ اَلَّا يُقِيۡمَا حُدُوۡدَ اللّٰهِ‌ؕ فَاِنۡ خِفۡتُمۡ اَلَّا يُقِيۡمَا
حُدُوۡدَ اللّٰهِ ۙ فَلَا جُنَاحَ عَلَيۡهِمَا فِيۡمَا افۡتَدَتۡ بِهٖ‌ؕ تِلۡكَ
حُدُوۡدُ اللّٰهِ فَلَا تَعۡتَدُوۡهَا ۚ وَمَنۡ يَّتَعَدَّ حُدُوۡدَ اللّٰهِ فَاُولٰٓـئِكَ
هُمُ الظّٰلِمُوۡنَ ﴿۲۲۹﴾

### ત.....ર્જુ.....મો.....

તલાક્‌ બે વાર છે[૨૯૫] પછી ક્યાં તો રોકી લેવું છે ભલાઈની સાથે અથવા છોડી આપવું છે એહસાનની સાથે, અને જાઈઝ નથી તમારા માટે કે લો તમે[૨૯૬] તેણીની પાસેથી કે જે તમે આપ્યું છે તેમને કાંઈ પણ એ સિવાય કે બંનેવ. અંદેશો કે તેઓ કાયમ ન રાખી શક્શે અલ્લાહની હદોને. પછી જો તમને ડર હોય કે તે બંનેવ કાયમ રાખી શક્શે નહીં અલ્લાહની હદોને તો કાંઈ વાંધો નથી એમના પર[૨૯૭] કે ઔરતને ફિદિયો આપીને જાન છોડાવી લે. આ હદો છે અલ્લાહની જેથી એની આગળ ન વધો, અને જે કોઈ આગળ વધે છે અલ્લાહની હદોથી તો તે જ લોકો જાલિમ છે.

### તફસીર...............

**૨૯૫.** અરબમાં એ રિવાજ હતો કે પતિ પોતાની પત્નીને અગણિતવાર તલાક્‌ આપી શકતો હતો. જેમ કે મુફસ્સિરે કબીર ઈબ્ને જરીર લખે છે કે પુરૂષ જેટલીવાર ચાહતો પોતાની પત્નીને તલાક્‌ આપતો, કોઈ પાબંદી ન હતી અને દરેક વખતે ઈદ્દત પસાર થતા પહેલાં તે રુજૂઅ (પરત) કરી શક્તો હતો. એકવાર એક અન્સારીએ પોતાની પત્નીને ધમકી આપી لا اقربك ولا تحلين منى કે ન તો હું તારી નજીક જઈશ અને ન તો મારાથી આઝાદ થઈ શક્શે. તેની પત્નીએ તેને પૂછ્યું કે, એ કેવી રીતે ? તો તે બોલ્યો કે, હું તને તલાક્‌ આપ્યા કરીશ અને ઈદ્દત પસાર થતા પહેલાં રુજૂઅ (પરત) કરી લીધા કરીશ. તેણી પોતાના અંધકારમય ભાવિની કલ્પનાથી કાંપી ઉઠી અને બારગાહે રિસાલત મઆબ ﷺમાં ફરિયાદ માટે હાજર થઈ અને પોતાની મઝલૂમિયતની દાસ્તાન અર્ઝ કરી. પરવરદિગારે આલમે પોતાની હબીબે મુકર્રમ પર આ આયત નાઝિલ ફર્માવી જેણે સ્ત્રીની મોટાભાગની મુસીબતોનો ખાત્મો કરી નાખ્યો. પતિના તલાક્‌ના હક્ક્‌ને ત્રણવારમાં સીમિત કરી આપ્યો. એકવાર તલાક્‌ આપ્યા બાદ એ જ પ્રમાણે બીજીવાર તલાક્‌ આપ્યા બાદ તે પોતાની પત્નીથી રુજૂઅ (પરત) પરત કરી શકે છે, અને જો તેણે ત્રીજીવાર પણ તલાક આપી દીધી તો હવે તેનો સંબંધ એ સ્ત્રીથી તદન કટ થઈ ગયો. હવે તેને રુજૂઅ કરવાનો કોઈ અધિકાર નથી.

**તલાક્‌ આપવાનો ક્‌ાયદો :** જો સંબંધ કટ કર્યા વિના કોઈ ચારો ન રહે તો પતિ પોતાની પત્નીને જ્યારે તેણી માસિક સ્ત્રાવ (હૈઝ)થી ફારિગ થાય તો સંભોગ કરતા પહેલાં એક તલાક આપે. પછી જ્યારે બીજા મહિને તેણી હૈઝથી પાક થાય તો સંભોગ પહેલાં બીજીવાર તલાક આપે. હજી સુધી તે રુજૂઅ (તલાક્‌ પરત) કરી શકે છે. પછી ત્રીજા મહિને જ્યારે સ્ત્રી હૈઝથી પાક થાય તો સંભોગ પહેલાં ત્રીજી તલાક આપે.

હવે નિકાહનો સંબંધ હમેશાંના માટે તૂટી ગયો છે. પુરૂષને આટલી મોહલત જે આપવામાં આવી તો તેનું કારણ એ છે કે પુરૂષ પોતાના તે ફૈંસલા પર એકવાર નહીં, વારંવાર વિચાર કરે અને જો પોતાના એ ફૈંસલાને પરત લેવા ચાહે તો બે વાર સુધી પાછો લઈ શકે છે, પરંતુ જો તેણે ત્રીજીવાર પણ તલાક઼ આપી દીધી તો જાણે તેણે એ અલાન કરી આપ્યું કે તે આ સ્ત્રીને કોઈ પણ ભોગે પોતાની સાથે રાખવા નથી ચાહતો. એના પછી એને એ હક્ક઼ નથી કે ફરી રુજૂઅ કરે, (પરત લે) અને સ્ત્રીને પોતાની મનેચ્છાનું રમકડુ બનાવી રાખે.

આ ઈસ્લામનો તલાક઼નો ક઼ાનૂન છે. હવે એની સરખામણી કરો, એક તરફ અરબનો જાહિલાના તરીક઼ો જેમાં પુરૂષ જ્યારે ચાહતો ત્યારે તલાક઼ આપતો રહેતો અને બીજી બાજુ હિંદુઓ, યહૂદીઓ અને ઈસાઈઓના ક઼ાનૂન સાથે સરખાવો કે જે એકવાર નિકાહની જંજીરમાં જકડી દેવામાં આવ્યાં પણ હવે સંજોગો ગમે તેવા અસહ્ય અયોગ્ય થઈ જાય છતાં છૂટકારાનો કોઈ જ અવકાશ નથી ! ઈસ્લામી શરીઅતનું મધ્યમમાર્ગીપણુ એવી વિશિષ્ટતા ધરાવે છે કે જેની સરખામણી દુનિયાનું કોઈ પૂરાણુ કે નવું ક઼ાયદાનું બંધારણ નથી કરી શક્તું. કાશ ! આપણે સમજતા અને એના પ્રમાણે અમલ કરતા.

**૨૯૬.** પુરૂષ સ્ત્રી કરતાં પ્રાકૃતિક રીતે અધિક મુદબ્બિર, દૂરંદેશીવાળો તથા જઝબાતના વહેણમાં વહી જવાને બદલે બુદ્ધિ તથા હોશથી અધિક કામ લેનારો છે તેમજ દાંમ્પત્યજીવનની સર્વ જિમ્મેદારીઓ પણ તેના જ ખભાઓ પર છે, એટલા માટે શરીઅત પાકે તલાક઼ આપવાનો હક્ક઼ પુરૂષને આપ્યો છે. અને એ હક્ક઼નો ઉપયોગ કરવાનો હિકમતપૂર્ણ તરીક઼ો પણ શીખવાડી આપ્યો. અને એને આ આયતમાં એ પણ હિદાયત કરી આપી કે જે ચીજો તેણે આજ સુધી પોતાની એ પત્નીને તોહફા કે ભેટ રૂપે આપી હતી તે પાછી ન લે બલ્કે تَسۡرِيۡحٌ بِاِحۡسَانٍ ના શબ્દો તો દર્શાવે છે કે આ અફસોસનાક બનાવ પર તેણીની અધિક ખિદમત કરી આપે જેથી તેણી કાંઈ ન કાંઈ રાજી થઈ જાય.

**૨૯૭.** જો પતિ સ્ત્રીને મારે પીટે છે અને તેણીને તલાક઼ પણ નથી આપતો અથવા પત્નીને પોતાના પતિથી એવી નફરત થઈ ગઈ છે કે હવે તેમની સુલેહની કોઈ શક્યતા નથી અને ખતરો પેદા થઈ ગયો કે જો તેઓ આ નિકાહના બંધનમાં બંધાઈ રહ્યાં તો તેઓ જાત જાતની મુસીબતોમાં સપડાય જશે, તો હવે શું કરવામાં આવે ? આ મુશ્કેલીનો હલ આયતના આ હિસ્સામાં વર્ણન કરવામાં આવ્યો છે જેને ફક઼ીહોની ભાષામાં "ખુલઅ" કહેવામાં આવે છે. એટલે કે જો ઉપરોક્ત સ્થિતિ ઊભી થઈ જાય તો સ્ત્રી સમયના હાકિમ પાસે ખુલઅની માંગણી કરે. અને હાકિમ પ્રથમ તેમના વચ્ચે સમાધાનની કોશિશ કરશે, જો કામયાબી ન મળે તો પતિએ પત્નીને મહેરમાં જે કાંઈ આપ્યું હતું હાકિમ તેને લઈને પતિને પરત કરી આપશે અને તેમના વચ્ચે છૂટાછેડા કરી આપશે. આ ખુલઅ છે અને એનો હુકમ 'તલાકે બાઈન'નો છે. (હાલમાં ઈદારાએ શરઈય્યહમાં પોતાની અરજ પેશ કરી શકે છે.)

હનફી ફક઼ીહોએ સ્પષ્ટતા કરી છે કે જો જુલ્મ પતિ તરફથી છે તો તેણે ખુલઅ કરતી વખતે પત્નીથી કાંઈ લેવું યોગ્ય નથી અને જો વાંક પત્નીનો છે તો જેટલું એણે પત્નીને આપ્યું હતું એટલું લેવું એના માટે મુબાહ છે અને એનાથી અધિક લેવું મકરૂહ છે. અને અન્ય અમુક ઉલમાએ કહ્યું કે અધિક પણ લઈ શકે છે. મખ્લૂઆ (ખુલઅ પામનારી)ની ઈદ્દત પણ ત્રણ હૈઝ છે. આ હુકમના નુઝૂલનું કારણ મુહદ્દિષીને કિરામે એ લખ્યું છે કે જમીલા બિન્તે અબ્દુલ્લાહે જે ષાબિત બિન કૈસના નિકાહમાં હતી, બારગાહે રિસાલતમાં હાજર થઈને અર્ઝ કરી :–

لا انا ولا ثابت لا يجمع راسى وراسهٗ شئٌ "હું અને ષાબિત એક સાથે નથી રહી શકતાં. મારું માથુ અને તેનું માથુ એક જગાએ જમા નથી થઈ શકતાં." (આ નફરતનું કારણ એ સિવાય કોઈ ન હતું કે તેણીને તેમની શક્લ પસંદ ન હતી) હુઝૂરે ફર્માવ્યું, શું તમે એ બાગ પરત કરવા તૈયાર છો જે ષાબિતે તમને મહેરમાં આપ્યો હતો ? જમીલાએ કહ્યું કે, હા ! એ પણ અને કાંઈ અધિક પણ આપવા તૈયાર છું. હુઝૂર ﷺએ એ બાગ હઝરત ષાબિતને પરત કરી આપ્યો અને તેમનામાં જુદાઈ કરી આપી. (ખુલઅના વિગતવાર હુકમો જાણવા માટે ફિક઼્હની કિતાબો 'બહારે શરીઅત' વગેરે વાંચો)

## હદીષ ૬૯

બરાઅ ઈબ્ને આઝિબ رضى الله عنهથી રિવાયત છે, તે રસૂલુલ્લાહ ﷺથી રિવાયત કરે છે મુડદાની પાસે બે ફરિશ્તા આવે છે તેને બેસાડે છે[૧] પછી તેને કહે છે કે તારો રબ કોણ ? તે કહે છે, મારો રબ અલ્લાહ છે. પછી કહે છે, તારો દીન શું છે ? તે કહે છે, મારો દીન ઈસ્લામ છે.[૨] પછી તેઓ કહે છે, આ કોણ સાહબ છે જે તમારામાં મોકલવામાં આવ્યા ? તો તે કહે છે, એ રસૂલુલ્લાહ ﷺછે. ફરિશ્તા કહે છે, તને એ કેવી રીતે ખબર પડી ?[૩] તે કહે છે, મેં અલ્લાહની કિતાબ પઢી, એના પર ઈમાન લાવ્યો, એને સાચી જાણી[૪]. આ એ આયતની તફસીર છે : يُثَبِّتُ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا بِالْقَوْلِ الثَّابِتِ الاٰية હુઝૂરે ફર્માવ્યું, પછી આસ્માનથી પોકારનાર પોકારે છે કે મારો બંદો સાચો છે[૫] જેથી એના માટે જન્નતનું બિસ્તર બિછાવો, તેને જન્નતનો લિબાસ પહેરાવો અને તેના માટે જન્નતની તરફ દરવાજા ખોલી આપો ! તો ખોલી દેવામાં આવે છે. ફર્માવે છે કે તેના સુધી જન્નતની હવા તથા ત્યાંની ખૂશ્બૂ આવે છે[૬]. અને નજરની હદ સુધી કબ્રને વિસ્તારી દેવામાં આવે છે[૭]. રહ્યો કાફિર, તો હુઝૂરે તેની મૌતનું વર્ણન કર્યું[૮]. ફર્માવ્યું કે તેની રૂહ તેના શરીરમાં પરત કરવામાં આવે છે અને તેની પાસે બે ફરિશ્તા આવે છે, પછી તેઓ એને બેસાડે છે અને તેને કહે છે, તારો રબ કોણ છે ? તે કહે છે, હાય ! હાય ! હું નથી જાણતો ![૯] પછી તેને પૂછે છે, તારો દીન શું છે ? તે કહે છે, હાય ! હાય ! હું નથી જાણતો ![૧૦] પછી તેઓ કહે છે કે આ કોણ સાહબ છે જે તમારામાં મોકલવામાં આવ્યા ?[૧૧] તે કહે છે, હાય ! હાય ! હું નથી જાણતો ![૧૨] ત્યારે પોકારનારો આસ્માનથી પોકારે છે કે એ જૂઠો છે ![૧૩] જેથી એના માટે આગનું પાથરણુ પાથરો ! આગનો લિબાસ પહેરાવો ! અને એના માટે આગની તરફ દરવાજા ખોલી આપો ! ફર્માવ્યું, પછી એના તરફ ત્યાંની ગરમી તથા લૂ આવે છે[૧૪]. ફર્માવ્યું, એના પર એની કબ્ર તંગ થઈ જાય છે એટલે સુધી કે ત્યાં તેની પાંસળીઓ આમથી તેમ થઈ જાય છે[૧૫]. પછી તેના પર આંધળા બહેરા ફરિશ્તા ગોઠવી દેવામાં આવે છે[૧૬] જેમની પાસે લોખંડના હથોડા હોય છે જેના વડે પહાડને મારવામાં આવે તો તે પણ માટી થઈ જાય ! એના વડે તેને મારે છે, એવો માર જેને જિન તથા માનવ સિવાય પૂર્વ પશ્ચિમની સર્વ મખ્લૂક સાંભળે છે[૧૭], જેનાથી તે માટી થઈ જાય છે ફરી એમાં રૂહ પરત કરવામાં આવે છે[૧૮]. *(અહમદ, અબૂ દાઊદ)*

### :::: સ....મ....જૂ....તી.... ::::

**૧.** યાદ રાખશો કે સૂતેલાનું બેસવું 'જુલૂસ' છે અને ઉભેલાનું બેસવું 'કાયદો' છે ક્યારેક મજાઝન્ એકને બીજાના અર્થમાં વાપરી લેવામાં આવે છે, અહીં હકીકી અર્થમાં છે. અહીં બેસાડવું પણ હિસ્સી (ભૌતિક રૂપમાં) નથી. શબ ઘરમાં કાફિરની લાશો આપણી સામે પડી રહે છે પણ ફરિશ્તા તેને બેસાડીને ઈમ્તેહાન લઈને અઝાબમાં સપડાવી જતા હોય છે પણ આપણને ખબર પણ નથી પડતી. આપણી સામે ઊંઘી રહેલો બુરા ખ્વાબમાં તકલીફ વેઠી રહ્યો છે, ગભરાય રહ્યો છે પણ આપણને ખબર નથી !

**૨.** આ સવાલ જવાબ સૌ અરબી ભાષામાં થાય છે. મૃત્યુ પછી સૌની ભાષા અરબી થઈ જાય છે. (મિર્કાત) પરંતુ મુડદું પોતાના જીવનની ભાષા પણ સમજે છે. આપણા હુઝૂર જીવન શરીફમાં સર્વ ભાષાઓ જાણ છે ત્યાં સુધી કે લાકડી તથા પથ્થરની

ભાષાઓ પણ જાણે છે. જાનવર હુઝૂર ﷺથી ફરિયાદ કરતાં હતાં અને આજે પણ દરેક ભાષાથી વાકેફ છે. હુઝૂર ﷺના રોઝા પર દરેક ફરિયાદી પોતાની ભાષામાં દાદ ફરિયાદ પેશ કરે છે, ત્યાં તર્જુમાની જરૂરત નથી.

**૩.** આ સવાલ ખુશીનો છે. એટલે હે બંદા ! આ ગંભીર પ્રસંગે તેં એમને કેવી રીતે ઓળખી લીધા ! અને તું ઈમ્તેહાનમાં કામયાબ કેવી રીતે થઈ ગયો ?!

**૪.** એટલે કે વાસ્તા વિના મેં કુર્આન શરીફ ખૂદ શીખ્યું અથવા ઉલમાના થકી એનાથી અક઼ીદા તથા અમલો હાંસલ કર્યા. જેથી આ જવાબ ઉલમાના માટે પણ દુરુસ્ત છે અને જાહિલોના માટે પણ. આ જવાબથી જાણવા મળ્યું કે ક઼બ્રમાં હુઝૂરની ઓળખ ઈમાની રિશ્તાથી થશે, ચાહે હુઝૂરને જોયા હોય કે ન જોયા હોય. યાદ રાખશો કે મો'મિન એક લેહાઝથી હુઝૂરથી કુર્આનને જાણે છે અને બીજા લેહાઝથી કુર્આનથી હુઝૂરને ઓળખે છે.

**૫.** 'અબદી'થી જણાય છે કે આ ક઼લામ રબનું છે, જેને બંદો આજે પ્રથમવાર પોતાના કાનથી સાંભળે છે. એ ક઼લામ સાંભળીને બંદાને જે ખુશી થાય છે તે અવર્ણનીય છે. 'સાચો છે'નો એ અર્થ છે કે દુનિયામાં પણ સાચો રહ્યો અને આજે પણ સાચુ બોલ્યો.

**૬.** અગાઉ વર્ણન કરવામાં આવી ચૂક્યું છે કે ક઼બ્રમાં જન્નતની નેઅમતો પહોંચે છે પણ બંદો ત્યાં નથી પહોંચ્યો. બંદાનું જન્નતમાં પહોંચવાનું ક઼યામતના પછી થશે.

**૭.** આ હદીષ ૭૦ ગજ વિશાળતાની તફસીર છે.

**૮.** કે કેટલી મુસીબતથી તેની જાન નીકળે છે તેમજ તેને દુનિયા છૂટવાનો સદમો, અઝાબના ફરિશ્તાઓનો ભય, ભાવિમાં અઝાબનો ડર સૌ એકત્ર થઈ જાય છે. મો'મિનને એમાંથી કાંઈ પણ નથી થતું.

**૯.** જાણવા મળ્યું કે જે લોકોએ દુનિયામાં હુઝૂરથી ગુલામીનો રિશ્તો ન જોડયો ભલે તેઓ તૌહીદને માનનારા રહ્યા પણ ક઼બ્રમાં તૌહીદ વગેરે સર્વ ભૂલી જશે, કેમ કે આ જવાબ દરેક કાફિરનો હશે, નાસ્તિક હોય કે મુશ્રિક.

**૧૦.** એટલે કે એને એ પણ યાદ ન રહ્યું કે દુનિયામાં મેં ઈસ્લામના સિવાય કયો ધર્મ અપનાવ્યો હતો, કેમ કે સર્વ કુફ્રો શૈતાની ધર્મ છે જેનો પાયો નફ઼્સાની છે, મરતાં જ શૈતાન સાથે છોડી ગયો, નફ઼્સ તૂટી ગયો. જ્યારે જડ જ કપાઈ ગઈ તો ડાળીઓ કેવી રીતે બાકી રહે ?!

**૧૧.** જાણવા મળ્યું કે કાફિર મૈયતને પણ હુઝૂરનો દીદાર કરાવવામાં આવે છે, પણ તે ઓળખી નથી શકતો કેમ કે તેમની ઓળખ જોવાથી નથી થતી, બલ્કે દિલની બસીરત (દષ્ટિ) વડે થાય છે. નાબીના સહાબાએ હુઝૂર ﷺને જોઈ લીધા પણ આંખવાળા કાફિર હુઝૂરને ન જોઈ શક્યા ! બસારત સૂરમાથી તેજ થાય છે, બસીરત મક઼બૂલ બંદાઓના આસ્તાનાની ધૂળથી.

**૧૨.** આ જવાબથી તે લોકો ઈબ્રત પકડે જેઓ **નબી કરીમ ﷺને પોતાના જેવા બશર (માનવ) અને મોટાભાઈ કહેવાને ઈમાન સમજે છે.** જો એનાથી ઈમાન મળી જાત તો એ કાફિર કહી શકતો હતો કે આ એક બશર (માનવી) છે અથવા મારા ભાઈ છે. બશરીયતે મુસ્તફવી ઓળખવા પર નજાત નથી પણ નબુવ્વતને પહેચાનવા પર નજાત છે. બશરીયત તો અબૂ જહલ પણ માનતો હતો.

**૧૩.** કેમ કે એ કહે છે હું એમને જાણતો જ નથી, જ્યારે કે જિંદગીમાં તેમને જાદૂગર, શાઈર, પોતાના જેવા માણસ, મોટા ભાઈ કહેતો હતો, અને અહીં કહે છે કે હું જાણતો જ નથી ! જેને ખરેખર હુઝૂરની નબુવ્વતની ખબર ન પહોંચી હોય તેના માટે કેવળ તૌહીદનો અક઼ીદો પૂરતો છે અને તેનાથી આ સવાલ જવાબ પણ નથી. તેમજ હુઝૂર ﷺની નબુવ્વત પૂર્વ તથા પશ્ચિમમાં ફેલાઈ ચૂકી, જે જાણીબુઝીને એનાથી ગાફેલ રહે તે પણ મુજરિમ છે અને 'લા અદરી' (હું નથી જાણતો) કહેવામાં જૂઠો છે. યાદ રાખશો કે અહીં 'અબદી' નથી ફર્માવ્યું. કેમ કે એ શબ્દ રહમતનો છે

પેજ નં. ૧૬ નું ચાલુ...

અને કાફિર લઅનતનો હક્કદાર છે.

**૧૪.** એટલે આગના શોલા, ધૂમાડા બલ્કે ત્યાંના સાપ, વિંછી પણ અને ગરમ હવા પણ. અમુક કબ્રોમાં એ ચીજો જોવામાં પણ આવી, અલ્લાહની પનાહ !

**૧૫.** આ તંગી પણ કયામત સુધી રહે છે જેવી રીતે કે ગરમી તથા આગ.

**૧૬.** એ અઝાબના ફરિશ્તાઓનું નામ ઝબાનિયહ્ છે. આંધળા, બેહરાથી મુરાદ સખ્ત દિલવાળા, બેરહમી તથા લાપરવાહીવાળા છે કે તેની તકલીફ જોઈને દયા નથી ખાતા, આહ, ફરિયાદ સાંભળીને કાન નથી ધરતા. (અશ્અત) નહીં તો આંધળા બહેરા હોવું ઐબ છે જેનાથી ફરિશ્તા પાક છે. રબ કયામતમાં કાફિરથી ફર્માવશે وَكَذٰلِكَ الْيَوْمَ تُنْسٰى જ્યારે કે રબ ભૂલથી પાક છે.

**૧૭.** હદીષ બિલકુલ જાહેર પર છે, કોઈ તાવીલની જરૂરત નથી. જિન તથા માનવથી સામાન્ય લોકો મુરાદ છે, અલ્લાહના મકબૂલ બંદાઓ આ આહો તથા ચીસો સાંભળે પણ છે બલ્કે કબ્રનો અઝાબ જુએ પણ છે.

**૧૮.** એટલે કે જેવી રીતે દુનિયામાં સખત તકલીફમાં જીવ નીકળી જતો હતો એવી જ રીતે ત્યાં પણ થશે કે હથોડાના દરેક ઘા પર જાન નીકળી જશે, ફરી નાખવામાં આવશે. એ જ પ્રમાણે કયામત સુધી થશે. કાફિરો અર્ઝ કરશે : ربنا امتنا اثْنَتَيْنِ وَ اَحْيَيْتَنَا اثْنَتَيْنِ "હે ખુદા ! તેં અમને વારંવાર મૌત તથા જિંદગી આપી." આ આયતમાં اثنتين થી વારંવાર મુરાદ છે, જેમ કે فَارْجِعِ الْبَصَرَ كَرَّتَيْنِ સારાંશ કે આ આયત આ હદીષની તફસીર છે. આ આયતની અન્ય તફસીરો પણ કરવામાં આવી છે.

હતી. શરીક પોતાની રિવાયતમાં તેને મેઅરાજ અને વહીના પહેલાં બતાવે છે. જો કે તેમાં કોઈ મતભેદ નથી કે મેઅરાજનો બનાવ વહીના પછી થયો અને કેટલાયે ઉલ્માએ કિરામે લખ્યું છે કે આ બનાવ હિજરતના એક સાલ પહેલા બન્યો. અને એ પણ કહેવામાં આવ્યું છે કે તેનાથી પણ વધુ પહેલાં આપને મેઅરાજ કરાવવામાં આવી હતી.

ષાબિત رحمۃ اللہ علیہ એ હમ્માદ બિન સલ્મા رحمۃ اللہ علیہ ના માટે જે અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે આમાં નબી કરીમ ﷺ ના પાસે હઝરત જિબ્રઈલ علیہ السلام નું આવવું, આપની છાતી મુબારકને ચીરવી તે સમય સાથે વર્ણવેલ છે જ્યારે દાયાના પાસે રહેતા અને બાળકો સાથે રમતા હતા. પછી તેઓએ આ ઘટનાનું મેઅરાજથી અલગ બયાન કર્યું છે અને સચ્ચાઈ તો એ છે કે બંને બનાવોને સારી રીતે બયાન કર્યા છે અને આ માટે પણ તેમની રિવાયત ઉમદા છે કેમ કે તેમણે પહેલાં લયલતુલ મુકદ્દસ સુધી અને ત્યાંથી સિદ્રતુલ મુન્તહા સુધી એક જ બનાવના જેમ ક્રમબદ્ધ બયાન કરેલ છે એટલે કે આપ લયલતુલ મુકદ્દસ તશરીફ લઈ ગયા અને તેના પછી આસમાનોની તરફ તરક્કી કરી આનાથી તે તમામ પરિસ્થિતિઓ દૂર થઈ જાય છે જે બીજા હઝરાતોએ પેદા કરી દીધી છે. યૂનુસે ઈબ્ને શહાબથી અને તેમણે હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું છે કે મારા ઘરની છત ફાડી (ચીરી) નાખવામાં આવી પછી તેમાંથી હઝરત જિબ્રઈલ علیہ السلام હાજર થયા પછી તેમણે મારી છાતી ચીરી, તે પછી આબે ઝમઝમથી ધોઈ. તેના પછી ઈમાન અને હિકમતથી ભરેલો સોનાનો એક થાળ લાવ્યા અને તેને મારા દિલમાં ઠાલવીને છાતી બરાબર કરી દીધી. પછી મારો હાથ પકડયો અને પછી મને સાથે લઈને આસમાનો પર ચઢી ગયા, તેના પછી પૂરો બનાવ વર્ણવ્યો છે.

હઝરત અનસ رضی اللہ عنہ થી કતાદા رحمۃ اللہ علیہ એ પણ આ જ રીતે રિવાયત કરી છે. તેમની રિવાયતમાં કેટલાક બનાવોમાં આગળ પાછળ અને વધારો ઘટાડો થઈ ગયો છે. પછી એ કે કયા આસમાન પર કયા નબીથી મુલાકાત થઈ તેમાં પણ ફેરફાર થયેલ છ. હા, ષાબિત رحمۃ اللہ علیہ ની તે હદીષ જેની રિવાયત તેમણે હઝરત અનસ رضی اللہ عنہ થી કરી છે તે સંપૂર્ણ સુરક્ષિત અને ઉમદા રિવાયત છે. હદીષે ઈસરાના અંદર કેટલીક રિવાયતોમાં જે વાતો વધુ પડતી વર્ણવવામાં આવી છે તે અમે જરૂરી ભેદની વાતો સાથે તે સ્થળોએ રજૂ કરીશું.

# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)

વિભાગ : ૨૬

## અહાદીષે નબવીની રોશનીમાં મેઅરાજનો બનાવ

**સિદ્‌રતુલમુન્તહા** : આના પછી બુરાક મને સિદરતુલ્ મુન્તહા સુધી લઈ ગયો. જેનાં પાંદડાં હાથીના કાન જેવાં છે અને ફળ એટલાં મોટાં છે, જેવાં કે માટલાં. રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે તેને અલ્લાહ તઆલાના હુકમે ઢાંકી રાખ્યા છે એટલે ખાસ રહમતે ખુદાવંદીએ પોતાના આગોશ (ખોળા)માં લીધેલા છે. માનવજાતિની શું શક્તિ જે તેની શોભા અને વિશિષ્ટતાનું બયાન કરી શકે. અહીં અલ્લાહ તઆલાએ મારી પર જે ઈચ્છી તે વહી ફર્માવી. અને દરરોજની પચાસ નમાઝો ફર્ઝ ફર્માવી દીધી, જે હું નિશ્ચિત થઈને પાછો આવી રહ્યો હતો ત્યારે હઝરત મૂસા ﷺ સાથે મુલાકાત થઈ. તેમણે પૂછયું, યા સૈયદુલ મુરસલીન ! અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે આપની ઉમ્મત પર શું ફર્ઝ કર્યું છે ? મેં જવાબ આપ્યો, રોજની પચાસ નમાઝ. કહેવા લાગ્યા, પાછા જઈને ઓછી કરાવો ! કેમ કે આપની ઉમ્મતમાં એ તાક઼ાત નથી, હું આ પહેલાં બની ઈસ્રાઈલની કસોટી કરી ચૂક્યો છું.

સરવરે કોનો મકાં ﷺ ફર્માવે છે કે હું પાછો ફર્યો અને બારગાહે ખુદાવંદીમાં નમાઝો ઘટાડવા માટે અર્ઝ કરવા લાગ્યો. અલ્લાહ ﷻ એ પાંચ નમાઝ માફ કરી દીધી. હું પાછો આવ્યો, આવતા સમયે હઝરત મૂસા علیہ السلام થી પાંચ નમાઝ માફ કરાવ્યાનું વર્ણન કર્યું ત્યારે તેમણે કહ્યું, હુઝૂર ! આપની ઉમ્મતમાં એટલી તાક઼ત નથી, પાછા જઈને વધુ ઘટાડો કરાવી આવો. સૈયદુલ અંબિયા ફર્માવે છે કે હું હઝરત મૂસા علیہ السلام ના કહેવા પર પાછો ફર્યો અને બારગાહે ખુદાવંદીમાં નમાઝ ઘટાડવાનો મસ્અલો રજૂ કરતો રહ્યો ત્યાં સુધી કે અલ્લાહ ﷻ એ ફર્માવ્યું કે, અય મહબૂબ ! આપની ઉમ્મત પર દરરોજની પાંચ વખતની નમાઝ પઢવી ફર્ઝ છે. જો કે ગતણરીમાં આ પાંચ જ નમાઝ હશે પરંતુ તેનો સવાબ એટલો આપવામાં આવશે જેટલો કે પચાસ નમાઝોનો હોય છે.

આ સાથે જ અલ્લાહ તબારક વ તઆલાએ એ પણ ફર્માવ્યું કે જો આપના કોઈ ઉમ્મતીએ નેકીનો ઈરાદો કર્યો અને તેને પૂરો ન કરી શક્યો તો પણ તેના આમાલ નામામાં એક નેકી લખી દેવામાં આવશે. અને જો તેને કરી લીધો ત્યારે દસ નેકીઓનો સવાબ મળશે. તેના વિરુદ્ધ જેણે કોઈ બદીનો ઈરાદો કર્યો અને ન કરી શક્યો ત્યારે આ મામલામાં તેને રદની ગણતરીમાં ગણવામાં આવશે અને જો આ બુરાઈ થઈ પણ ગઈ ત્યારે એક બુરાઈ જ લખીશ.

ફખ્રે દો આલમ ﷺ ફર્માવે છે કે પાછા આવતા સમયે આ ઘટના પછી હું મૂસા علیہ السلام ને મળ્યો અને તેમને આ હુકમની જાણકારી આપી ત્યારે તેઓ કહેવા લાગ્યા, હુઝુર ! બારગાહે ખુદાવંદીમાં હજુ ઓછી કરાવો. રસૂલ ﷺ એ ફર્માવ્યું કે મને આ સિલસિલામાં હવે બારગાહે ખુદાવંદીમાં અર્ઝ કરતાં શરમ લાગે છે.

**હદીષ શક્કે સદ્ર** : કાઝી અયાઝ માલિકી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે ષાબિત رحمۃ اللہ علیہ એ આ હદીષને હઝરત અનસ رضی اللہ عنہ થી સરસ બયાન કરી છે. જે ખૂબી સાથે તેમણે બયાન કરી છે એ જ રીતે આ હદીષને તેમનાથી સારી રીતે કોઈ બયાન કરી શક્યું નથી. અન્ય રાવીઓથી બયાનો (વર્ણનો)માં કાંઈક ભેળસેળ થઈ ગયેલ છે, ખાસ કરીને તે રિવાયતમાં જે શરીક બિન અબી નુમૈરથી મરવી છે. આ રિવાયતની શરૂઆતમાં ફરિશ્તાનું આવવું, આપના મુબારક પેટને ચીરવું અને તેને આબે ઝમઝમથી ધોવાનું ચર્ચાએલ છે, જો કે આ આપના બચપણનો પ્રસંગ છે જ્યારે કે આપ વધુ પેજ નં. ૧૫.....પર

દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ

એટલે

# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક** : **જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## :::: નમાઝના ફર્ઝો ::::

નમાઝમાં સાત ચીજો ફર્ઝ છે :–

૧. તકબીરે તહરીમા★ એટલે પહેલી 'અલ્લાહુ અકબર' કે જેનાથી નમાઝ શરૂ થાય છે.

૨. કયામ : એટલે કે એટલીવાર ઉભું રહેવું જેટલીવારમાં ફર્ઝ ક઼િરાઅત પૂરી થઈ શકે✪.

૩. ક઼િરાઅત : એટલે ઓછામાં ઓછું મોટી એક આયત જેટલું કુર્આન શરીફમાંથી પઢવું.

૪. રુકૂઅ : એટલું નમવું કે હાથો ઘુંટણો સુધી પહોંચી જાય.

૫. સિજદો : માથાને જમીન ઉપર ટેકવવું એ રીતે કે પગની ઓછામાં ઓછી એક આંગળીનું પેટ જમીન સાથે લાગ્યું હોય.✪

૬. છેલ્લો ક઼ાયદો : નમાઝની રકાતો પૂરી કર્યા પછી એટલીવાર બેસવું કે પૂરી અત્તહિય્યાત **અબ્દુહુવરસૂલુહ** સુધી પઢી શકાય.

૭. ખુરૂજે બિસુન્અહ્ : એટલે કે છેલ્લા ક઼ાએદા પછી પોતાના ઈરાદા અને અમલથી નમાઝને પૂરી કરવી. ભલે સલામ અને ક઼લામ (વાત)થી હોય કે બીજા કોઈ કાર્યથી.

## :::: નમાઝના વાજિબો ::::

૧. તકબીરે તહરીમામાં **અલ્લાહુ અકબર** બોલવું.

૨. અલ્હમ્દુની પૂરી સૂરત પઢવી.

૩. અલ્હમ્દુ પછી સૂરત કે આયત પઢવી.

૪. ફર્ઝ નમાઝમાં પહેલી બે રકાતોમાં ક઼િરાઅત વાજિબ છે.

૫. અલ્હમ્દુ અને એની સાથે સૂરત કે આયત મેળવવી (પઢવી) ફજરની પહેલી બે રકાતોમાં તેમજ નફ્લ, વિત્ર અને સુન્નતની દરેક રકાતોમાં વાજિબ છે.

૬. અલ્હમ્દુને સૂરત કે આયત પહેલાં પઢવી.

૭. દરેક રકાતમાં સૂરત કે આયતની પહેલાં એક જ વખત અલ્હમ્દુ શરીફ પઢવી.

૮. અલ્હમ્દુ શરીફ પઢયા પછી 'આમીન' અને સૂરત પઢતાં પહેલાં 'બિસ્મિલ્લાહ' સિવાય બીજું કાંઈ ન પઢવું.

૯. ક઼િરાઅત પૂરી કરી તરત જ રુકૂઅ કરવો.

૧૦. એક સિજદા પછી બીજો સિજદો કરવો કે વચમાં બીજો કોઈ રૂકન ન આવવા પામે.

૧૧. તઅદીલે અરકાન એટલે કે રુકૂઅ, સિજદા, કવમહ વગેરે દરેક અરકાનોમાં ઓછામાં ઓછું એકવાર 'સુબ્હાનલ્લાહ' પઢાય તેટલીવાર થોભવું (મતલબ કે શાંતિથી અરકાનો અદા કરવા).

૧૨. કવમહ એટલે રુકૂઅમાંથી સીધું ઉભુ થવું.

૧૩. સિજદામાં દરેક પગની ત્રણ ત્રણ આંગળીઓ જમીન સાથે બરાબર લાગવી. (આંગળીઓના પેટ જમીન સાથે લાગવાં જોઈએ.)

૧૪. જલસા એટલે કે બંને સિજદાઓની વચમાં સીધા બેસવું.

૧૫. પહેલો ક઼ાયદો (પછી ભલે નમાઝ નફ્લ હોય).

૧૬. ફર્ઝ, વિત્ર અને મોઅક્કદા સુન્નતોના પહેલાં ક઼ાયદામાં તશહ્હુદ પછી વધુ કાંઈ પણ ન પઢવું.

★ *તકબીરે તહરીમામાં ખાસ શબ્દ* ***'અલ્લાહુ અકબર'*** *ફર્ઝ નથી. ફર્ઝ તો એટલું જ છે કે ફક્ત સ્પષ્ટ રીતે અલ્લાહ તઆલાની તાઅઝીમના શબ્દ હોય. દા.ત. અલ્લાહુ આ'ઝમ, અલ્લાહુ અકબર, અર્રહમાનુ અકબર તો પણ ફર્ઝ અદા થઈ ગયો. પરંતુ આ ફેરફાર મકરૂહે તહરીમી છે.*

✪ *ક઼િરાઅતથી મતલબ કુર્આન શરીફ પઢવું.*

✪ *જો કોઈએ એ રીતે સિજદો કર્યો કે બંને પગો જમીનથી ઊંચા રહ્યા અથવા ફક્ત એક આંગળીની અણી અડકીને રહી તો નમાઝ થશે નહીં.* (દુર્રે મુખ્તાર, ફતાવા રઝવિય્યા, બહારે શરીઅત)

**૧૭.** બંને કાયદાઓમાં તશહ્‌હુદ પૂરી પઢવી, એ જ રીતે જેટલા પણ કાયદા કરવા પડે દરેકમાં 'તશહ્‌હુદ' પૂરી પઢવી વાજિબ છે. એક શબ્દ પણ છોડશે તો વાજિબ છોડયાનો હુકમ લાગુ પડશે.

**૧૮.** બંને સલામોમાં 'અસ્સલામ' શબ્દ વાજિબ છે, 'વઅલયકુમ' અને 'રહ્‌મતુલ્લાહ' વાજિબ નથી.

**૧૯.** 'વિત્ર' નમાઝમાં દુઆએ કુનૂત પઢવી.

**૨૦.** 'તકબીરે કુનૂત' (અલ્હમ્દુ અને સૂરત પઢયા પછી **'અલ્લાહુ અકબર'** કહી હાથ ઉઠાવી બાંધવામાં આવે છે તે તકબીર).

**૨૧.** ઈદની નમાઝોમાં વધારાની છ તકબીરો.

**૨૨.** ઈદની નમાઝમાં બીજી રકાતમાં રુકૂઅમાં જતી વેળાની તકબીર અને એ તકબીર માટે **'અલ્લાહુ અકબર'** શબ્દ હોવો.

**૨૩.** દરેક ઝહરી નમાઝમાં ઈમામે કિર્અત ઝહરથી કરવી. (ઝહરી નમાઝ એટલે કે જે નમાઝના ફર્ઝોની પહેલી બે રકાતોમાં અવાજથી કિરાઅત પઢાતી હોય કે જેમ કે ફજર, મગરિબ, ઈશા) અને એ સિવાયની નમાઝો (ઝહોર, અસર)માં આહિસ્તા (અવાજથી નહીં) કિરાઅત પઢવી.

**૨૪.** દરેક ફર્ઝો અને વાજિબોને પોતપોતાની જગ્યાએ અદા કરવા.

**૨૫.** દરેક રકાતમાં એક જ વખત રુકૂઅ કરવો અને સિજદો બે જ વખત કરવો.

**૨૬.** બીજી રકાતથી પહેલાં કાએદો ન કરવો અને ચાર રકાતવાળી નમાઝમાં ત્રીજી રકાતે ન કરવો.

**૨૭.** આયતે સિજદા પછી હોય તો તિલાવતનો સિજદો કરવો.

**૨૮.** ભૂલથી વાજિબ છૂટી ગયો હોય તો ભૂલનો સિજદો કરવો.

**૨૯.** બે ફર્ઝો કે બે વાજિબો અને ફર્ઝની વચ્ચે ત્રણવાર **સુબ્હાનલ્લાહ** પઢાય તેટલીયવાર ન લગાડવી.

**૩૦.** ઈમામ જ્યારે કિરાઅત પઢતા હોય ચાહે આવાજથી કે મનમાં ત્યારે મુકતદીએ ચૂપ રહેવું.

**૩૧.** કિરાઅત સિવાય તમામ વાજિબોમાં ઈમામનું અનુકરણ કરવું.

ફર્ઝો અને વાજિબો સિવાય નમાઝ પઢવાની રીતમાં બીજી જે જે બાબતો વર્ણન થઈ તે સર્વમાં અમુક સુન્નતો છે અને અમુક મુસ્તહબો છે એને જાણીબુઝીને છોડવામાં ન આવે. અને ભૂલથી છૂટી જાય તો 'સિજદએ સહ્‌વ' (ભૂલના સિજદા)ની જરૂરત નથી. તેમજ નમાઝ ફરીવાર પઢવાની પણ જરૂરત નથી. પરંતુ જો ફરીવાર પઢી લે તો સારું જ છે.

જો સુન્નતો અને મુસ્તહબોની વિસ્તૃત માહિતી જાણવી હોય તો 'બહારે શરીઅત, ફતાવા રઝવિય્યા'નો અભ્યાસ કરશો. અમે અહીં (કિતાબ ઘણી મોટી ન બની જાય તે માટે) તથા યાદ રહે તે માટે ટૂંકાણમાં જરૂરી વિગતો આપી અને સુન્નતો મુસ્તહબોની વિસ્તૃત માહિતી આપી નથી.

## મુહર્રમ તથા સફરમાં નિકાહ

આ જમાનામાં ઘણા લોકોએ વિના કારણે આ ખયાલને પોતાના દિમાગના ખૂણામાં જગા આપી રાખી છે કે મુહર્રમ અથવા સફરમાં નિકાહ અથવા કોઈ અન્ય તેવો પ્રસંગ ન કરવો જોઈએ અને મોટા ભાગના લોકો તેના ઉપર અમલ પણ કરે છે, આ'લા હઝરતે આ ગલત ખયાલને નષ્ટ કરવાની કોશિશ કરી છે. જોઈ લેશો : એક સાઈલે (પ્રશ્નકારે) આપની બારગાહમાં આવીને સવાલ કર્યો કે, **"મુહર્રમ તથા સફરમાં નિકાહ કરવો મના છે ?"** આપે જવાબ આપ્યો, **"નિકાહ કોઈ મહિનામાં મના નથી. એ માન્યતા (ઉપર જણાવેલ) ખોટી છે."**

*–(અલ્ મલ્ફૂઝ કામિલ, પેજ–૩૬)*

## જનાઝો કે બલા !

એક વ્યક્તિ કબ્રસ્તાનમાં એક કબ્રની પાસે ઊંઘી ગયો અને જોયું કે કબ્રવાસી કહે છે, હે ખુદાના બંદા ! એ બલાને મારી પાસેથી દૂર કર જે થોડીવારમાં આવવાની છે. તેની તરત જ આંખ ખૂલી ગઈ જોયું કે એક કબ્ર ત્યાં જ ખોદાઈ રહી છે અને સામેથી એક જનાઝો જે કોઈ રઈસનો હતો આવી રહ્યો છે. તેણે બધાને મના કરી કે આ જગા ઠીક નથી, આવી છે, તેવી છે, મતલબ કે તે લોકો માની ગયા અને બીજી જગાએ તે મૈયતને લઈ ગયા. રાત્રે તે શખ્સે ખ્વાબમાં જોયું કે તે બીબી ફર્માવે છે કે ખુદા તને જઝાએ ખૈર આપે કે તેં તે આગને મારી પાસેથી દૂર કરી." *(અલ્ મલ્ફૂઝ કામિલ, પેજ : ૮૩/૮૪)* આ હિકાયતને દર્શાવવાનો મતલબ એ છે કે કબ્રવાળા સાંભળે, જુએ તથા સમજે છે એટલા માટે તેમની બારગાહોમાં ખૂબ જ અદબ તથા એહતેરામની સાથે હાજર થવું જોઈએ. *(તા'લીમાતે આ'લા હઝરત)*

કાર્યાલય

# નબી ﷺની સુન્નત અને આધુનિક વિજ્ઞાન

## ઈસ્લામનું મધ્યમમાર્ગીપણુ અને સખ્તીથી મનાઈ

નબી ﷺએ ફર્માવ્યું, "સીધા સાદા રહો, મધ્યમમાર્ગીપણુ અપનાવો અને સ્ફૂર્તિવાળા રહો." *(મિશ્કાત)*

એકવાર આપ ﷺએ એક વૃદ્ધ શખ્સને જોયો કે તે પોતાના બે પુત્રોનો સહારો લઈને તેમની વચ્ચે ઘસડાતો જઈ રહ્યો છે. આપ ﷺએ પૂછયું, આ વૃદ્ધને શું થયું છે ? લોકોએ જણાવ્યું કે તેણે બયતુલ્લાહ સુધી પગપાળા જવાની મન્નત માની છે. નબી કરીમ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ બેનિયાઝ છે કે આ વૃદ્ધ પોતે પોતાને અઝાબ સપડાવે ! અને એ વૃદ્ધને હુકમ આપ્યો કે સવાર થઈને તમારો સફર પૂર્ણ કરો." *(અદબુલ્ મુફરદ)*

હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે નબી કરીમ ﷺનો ઈર્શાદ છે કે એટલો જ અમલ કરો જેટલો કરી શકવાની તમારામાં શક્તિ હોય. એટલા માટે કે અલ્લાહ નથી ઉકતાઈ જતો એટલે સુધી કે તમે જ ઉકતાઈ જશો. *(બુખારી)*

હઝરત અબૂ કૈસ رضی اللہ عنہ ફર્માવે છે કે તે નબી ﷺની ખિદમતમાં એવા સમયે હાજર થયા જ્યારે કે આપ ﷺ ખુત્બો આપી રહ્યા હતા. હઝરત અબૂ કૈસ તડકામાં ઉભા રહી ગયા. આપ ﷺએ હુકમ આપ્યો તો છાંયડા તરફ ખસી ગયા. *(અદબુલ મુફરદ)*

એના બારામાં અર્વાચીન નિષ્ણાતોની રાય પર આધારિત સાયન્ટિફિક સંશોધન એની બેસન્ટની બુક વાંચો.

ઈસ્લામનું મધ્યમમાર્ગીપણુ, માનવીનું મધ્યમમાર્ગી વલણ માનવ જીવન પદ્ધતિ પર ઘણી સારી અસર પાડે છે. માનવીની પ્રકૃતિમાં રહેલી લાલશા તથા લોભ તેને કેટલીકવાર પોતાના શરીરની ક્ષમતા કરતાં કેટલુંય અધિક કાર્ય કરવા મજબૂર કરે છે અને જ્યારે અમુક ઘડીઓની આ લાલચ ખત્મ થઈ જાય છે તો તે માનસિક તાણમાં સપડાય જાય છે અને પછી તે અમલ જે જોર શોરથી શરૂ થયો હતો તે પોતાની જાનને ખોઈ બેસે છે અને અમલનું અસ્તિત્વ ખત્મ થઈ છે. (The life of Teaching of Hazrat Muhammad ﷺ)

થોમસ ડબ્લ્યૂ. આર્નોલ્ડ કહે છે : જ્યારે એક લાંબી આંત્રિક કશ્મકશ તથા બેચૈની ઈન્સાનના અંદરના નિશ્ચય તથા ઈરાદાને મજબૂત કરે છે તો એ નિશ્ચય તથા ઈરાદો તેને મોટાં મોટાં કામો કરવા માટે મજબૂર કરે છે. પણ એ જ માણસ જ્યારે પોતાના શરીરના બળથી ઘણુ અધિક કામ પાર પાડવાની કોશિશ કરે છે તો તે નિષ્ફળતા તથા નિરાશા પ્રતિ વળવાની કોશિશ કરી રહ્યો છે. (The Preaching of Islam)

## સવારની (મોર્નિંગ વોક) અને કસરત


નબી કરીમ ﷺ બાગમાં ફરવાને પસંદ કરતા હતા તથા કદી કદી પોતે પણ બાગોમાં તશરીફ લઈ જતા હતા. *(મામૂલાતે નબવી, આદાબે જિંદગી)*

સહાબાએ કિરામની મુજાહિદાના જિંદગી સતત કસરત જ હતી. ખાઈ ખોદવી, જંગલથી લાકડાં કાપીને લાવવાં, ગરીબોની મદદ કરવી, પાણીની ડોલ ખેંચવી, માટીનાં ઘરો બનાવવાં, ઘરના કામકાજમાં ઘરવાળાંઓને સાથ આપવો વગેરે કામો હતાં જે મુસલમાનોની જિંદગીમાં કસરતનું કામ કરતાં હતાં. વધુમાં એ કે હુઝૂર ﷺએ નાવડી તથા તરવા જેવી કસરતમાં પણ ભાગ લીધો છે.

**સાંધાની બીમારીની કહાની :** સોળમી સદીની વાત છે, આધુનિક મેડિકલના જન્મદાતા સેડનબામની પાસે સાંધાની બીમારીનો એક બીમાર આવ્યો ડો. સેડનબામે તેનો વિવિધ રીતે ઈલાજ કર્યો, દવાઓ બદલી અને શક્ય તે યુક્તિ પ્રયુક્તિઓ અપનાવી પણ તે સારો ન થયો. છેવટે ડોકટરે તે બીમારને લંડનથી સો માઈલ દૂર એક એવા ડોકટરની પાસે જવા માટે કહ્યું જે સાંધાની બીમારીનો દુનિયામાં સૌથી મોટો ઈલાજ કરનાર ગણાતો હતો. બીમારે જ્યારે માલૂમ કર્યું તો જાણવા મળ્યું કે એ કસ્બા સુધી જવા માટે ઘોડે સવારીના સિવાય કોઈ સવારી મળતી નથી. બીમાર સફરની તકલીફ વેઠીને ઘોડા પર સવાર થઈને ત્યાં પહોંચ્યો તો જાણવા મળ્યું કે એ નામનો ત્યાં કોઈ ડોકટર જ નથી જે નામ ડો. સેડન બામે બતાવ્યું હતું ! જેથી બીમાર આમને આમ જ ત્યાંથી પાછો આવ્યો અને કહેવા લાગ્યો, કયા જંગલમાં તમે મને મોકલી આપ્યો હતો ?! ત્યાં તો કોઈ એ ડોકટરનું નામ પણ નથી જાણતું ?! ડોકટર સેડનબામે જવાબ આપવાને બદલે સવાલ કર્યો કે, તારી સાંધાની બીમારીનું શું થયું ?! બીમારે કહ્યું કે, "કેવી બીમારી ?!"

ઘોડાની પીઠ પર બસો માઈલ સફર કરવાથી તે બીમારને શારીરિક રીતે સક્રિય કરી આપ્યો હતો કે શારીરિક હલનચલનથી જે પરસેવો શરીરેથી નીકળ્યો અને જે ઓક્સીજન વિવિધ અંગોમાં પહોંચ્યો અને જે હોર્મોન તેના કોશોએ બનાવ્યા એ સૌએ મળીને બીમારની તકલીફને દૂર કરી આપી.

એક હકીમને કોઈએ પૂછયું, સાંધાની બીમારીનો ઈલાજ શું છે ? હકીમે કહ્યું, દિવસભરમાં બે રૂપિયા ખર્ચ કરો અને એટલું કમાવ. મતલબ એ હતો કે મહેનત તથા તકલીફ વધુમાં વધુ ઉઠાવો.



# વિજ્ઞાનની પ્રગતિમાં મુસલમાનોનો રોલ

::::: રજૂકર્તા :::::

**મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહી**

*(મુદર્રિસ દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા)*

ઈસ્લામના કિરણોએ જ્યારે હિજાઝે મુક઼દસથી નીકળીને બીજા શેહરો અને ગામોને રોશન કરવાનું શરૂ કર્યું તો સૌથી પહેલાં જે અજ્ઞાત વિચારધારા સાથે ઈસ્લામનો સામનો થયો તે યુનાનની સાઈન્સ અને ફિલોસોફી હતી જે સરપરસ્તીથી મેહરૂમ લાપરવાહીનો શિકાર અને ઈસાઈ ધર્મસ્થાનોના સખ્ત વિરોધના સબબથી મરણની નજીક હતી જ્યારે મુસલમાનોને તેમના અઝીમ હાદી (માર્ગદર્શક) સૈયદે આલમ ﷺની તા'લીમ એ હતી કે, ''ઈલ્મ મો'મિનનો ગુમ થયેલ વારસો છે, જ્યાં પણ મળે તેને લઈ લેવો જોઈએ.''

મશહૂર યૂરોપી ઈતિહાસકાર ડ્રેપર પોતાની મશહૂર કિતાબ 'મઝહબ અને સાઈન્સની લડાઈ' (Conflict between religion and Science)માં ઉપરોક્ત હક઼ીક઼તો તરફ ઈશારો કરીને લખે છે, ''મુહમ્મદ (ﷺ)ના વિસાલ પછી સો વરસોથી પણ ઓછા ગાળામાં મોટા મોટા યુનાનના વૈજ્ઞાનિકોની કિતાબોનાં ભાષાંતર અરબી ભાષામાં થઈ ગયાં હતાં.''

આ એક અઝીમુશ્શાન ચળવળના સૂર્યની માત્ર ક્ષિતિજ હતી, જ્યારે કે ઈસ્લામની સાઈન્સી ફિતરત (પ્રકૃતિ) તે વેળા ભરપૂર રીતે જાહેર થઈ જ્યારે બગદાદ અબ્બાસીઓના કબ્જામાં આવ્યું અને મુસલમાનો જેમણે ત્યાં સુધી કેવળ લડાઈના મેદાનમાં પોતાની સલાહિયત (ક્ષમતા)નો કમાલ દેખાડયો હતો, હવે પૂરી રીતે દિલ લગાડી ઈલ્મની તેહક઼ીક઼ અને તલાશમાં લાગી ગયા. મશહૂર ઈતિહાસકાર સૈયદ અમીર અલીએ પોતાની કિતાબ 'રૂહે ઈસ્લામ' (The spirit of Islam)માં ઘણી ખૂબસૂરત વાત લખી છે. ફર્માવે છે :–

દુનિયાની દરેક ક઼ૌમનો એક સુવર્ણ યુગ હોય છે. રૂમીઓ (રૂમના રહેવાસી) અને યુનાનીઓના અઝીમુશ્શાન દૌરના વિશે ઈતિહાસનો દરેક વિદ્યાર્થી જાણે છે. એવી જ રીતે ઈસ્લામ પણ એક સમયે અઝમતની બુલંદીઓને સ્પર્શી રહ્યો હતો. મુતવક્કિલ બિલ્લાહની હુકૂમતનો થોડો જમાનો છોડી દઈએ તો આપણે ઈન્સાફની સાથે કહી શકીએ છીએ કે મન્સૂરના સત્તાકાળથી લઈને મોઅતઝ બિલ્લાહના મૃત્યુ સુધીનો જમાનો જો તેનાથી ઊંચી શાનો શૌકતવાળો નહીં તો તેના સમકક્ષ જરૂર હતો. શરૂના છ અબ્બાસી ખલીફા ખાસ કરીને મામૂનના સત્તાકાળ હેઠળ મુસલમાનોએ પોતાની સંસ્કૃતિ (Culture)ને ઘણી તરક્કી આપી. જ્યારે યુનાન પોતાના કિંમતી ખજાનાઓ સાથે મૌતના દરવાજાઓ પર ટકોરા આપી રહ્યું હતું, એક બાજુ રોમ અને બીજી બાજુ ઈરાન અને ઘણી દૂરી પર હિંદુસ્તાન અને ચીન ગાઢ નિદ્રામાં સૂઈ રહ્યાં હતાં તે વેળા અરબો પોતાની અસામાન્ય અક્લમંદી (બુદ્ધિમતા) અને મર્કઝિયત (કેન્દ્રિયતા)ના સબબથી વિશિષ્ટપણે ઉભર્યા અને આખી ઈન્સાનિયતના રેહબર બની ગયા. એક ક઼ાનૂન અને ક઼ૌમી એહસાસથી નવાઝનાર પૈગંબર (ﷺ)ની પ્રોત્સાહક કેળવણી અને પોતાની હુકૂમતોની સરપરસ્તી હેઠળ અરબોએ પૂર્વ અને પશ્ચિમથી ઈલ્મ પ્રાપ્ત કર્યો તેનો પોતાના આક઼ા (ﷺ)ની તા'લીમાત મુજબ અમલ કર્યો, અને સિપાહીઓની જિંદગીથી વિદ્વાનપણાવાળી જિંદગી તરફ પ્રયાણ શરૂ કર્યું.

હેમ્બોલ્ટ (Humbolt) કહે છે, અરબોએ દરિયાએ ફુરાતથી લઈ સ્પેન અને મધ્ય આફ્રિકા સુધીની ક઼ૌમો પર પોતાનો રંગ જમાવી દીધો, તેમની અનમોલ ઈલ્મી કોશિશોએ દુનિયાના ઈતિહાસમાં એક યાદગાર દૌરનો વધારો કર્યો.

ઈલ્મની કોઈપણ એવી શાખ (પાસુ) નથી જેમાં મુસલમાનોએ પોતાની છાપ ન છોડી હોય, છતાંય હું થોડાક જરૂરી અને મહત્વના ઈલ્મોનો ખુલાસો કરીશ જેનાથી તમોને માલૂમ થઈ જશે કે મુસલમાનોએ ન કેવળ સાઈન્સમાં તરક્કીનાં દ્વારો જ ઉઘાડયાં નથી, બલ્કે તેઓને ઘણી બધી સાઈન્સની શોધો કરવાનો પણ ગર્વ હાંસલ છે.

ઈસ્લામનો એક ક઼ાનૂન છે કે સંપૂર્ણ છાનબીન વગર કોઈ વાત ક઼બૂલ કરવામાં ન આવે. એ જ કારણે જ્યાં બીજા ધર્મોમાં એ દલીલ આપવામાં આવે છે કે ધાર્મિક કામોમાં દલીલોને દખલ થવાનો હક઼્ક઼ નથી ત્યાં

મુસલમાનોને એ કાનૂન આપવામાં આવ્યો છે કે બહસ (ચર્ચા) પછી દલીલોના પ્રકાશમાં પોતાના દિમાગને સારી રીતે સંતૃષ્ઠ કરે, તમારા યકીનમાં આપો આપ મજબૂતી આવી જશે એટલા માટે પ્રાકૃતિક બાબતોમાં મુસલમાનોની વિચારધારમાં કમજોરીની શક્યતા ન હતી અને સંશોધન તથા પ્રયોગો વિના તેઓ પોતાની રાય કેમ કરીને કાયમ કરી શકતા હતા ? ! એટલા માટે જ્યારે તેઓનાં દિમાગ તેના તરફ વળ્યાં તો ન કેવળ તેઓને સાઈન્સની જાણકારી મળી બલ્કે તેઓ સાઈન્સના મેદાનમાં શીખવનાર અને સરદાર બની ગયા. સાઈન્સની બુનિયાદી પ્રગતિ પ્રાથમિક કાયદાઓના પરિણામે હતી જેના વિશે તેઓને કુર્આને મુકદ્દસમાં તા'લીમ આપવામાં આવી હતી. જો એવું ન થાત તો સાયન્સ કદાપી પોતાની પૂરાણી બુનિયાદોથી નીકળી વર્તમાનકાળની ફાયદાકારક સ્થિતિમાં જોવા ન મળત. એક મશહૂર ઈતિહાસકારના મુજબ માન્યતાની જગા પ્રાયોગિક સાઈન્સે લઈ લીધી અને પૂરાણા વૈજ્ઞાનિકોની નિરર્થક માન્યતાઓએ સિદ્ધ થયેલ સાઈન્સનું રૂપ ધારણ કરી લીધુ. બ્રીફોલ્ટ (Briffault) પોતાની કિતાબ Making of Huminity (માનવતાનું ઘડતર)માં લખે છે : ઓક્સફોર્ડમાં તેના અનુયાયીઓના લીધે રોજર બૈકને અરબી ભાષા અને અરબી સાઈન્સની તા'લીમ હાંસલ કરી, ન રોજર બૈકન અને ન તો તેના અનુયાયીઓ અને શિષ્યોને સંશોધન કરેલા કાયદાઓને જારી કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત છે, બલ્કે રોજર બેકન તો માત્ર ઈસાઈ યૂરોપને આપવામાં આવેલી મુસ્લિમ સાઈન્સ અને તેના કાયદા કાનૂનનો કેવળ પ્રચારક હતો અને હમેશાં તેણે એ વાત કોઈ સંકોચ વિના કહી છે કે તેના દૌરના લોકોના હકીકી ઈલ્મો સુધી પહોંચવા માટે અરબી ભાષા અને અરબી સાઈન્સનો માર્ગ છે. સંશોધન થયેલા કાયદા કાનૂન વિશે વિચાર વિમર્શ અસલમાં યૂરોપિયન કલ્ચરની ગલત બયાનીનો એક હિસ્સો છે. રોજર બેકનના જમાનામાં કાનૂન અને કાયદા દૂર સુધી પહોંચી ગયા અને તેની ઘણી ઝડપભેર યૂરોપમાં પ્રગતિ પ્રાપ્ત થઈ.

સાઈન્સ અરબ સોસાયટી તરફથી નવા યુગ માટે એક બેહતરીન તોહફો છે તેનાં પરિણામો બાદમાં જાહેર થયાં. અરબે પોતાના યુગમાં જ ઉચ્ચ કારનામાં કર્યાં છે તેની અસરો સ્પેનની સંસ્કૃતિ (કલ્ચર) ખત્મ થયા પછી જાહેર થયાં. આ માત્ર સાઈન્સનો કમાલ ન હતો જેણે યૂરોપને નવી જિંદગી આપી બલ્કે આ ઈસ્લામી કલ્ચરની દૈન હતી જેણે યૂરોપની જિંદગીમાં રૂહ ફૂંકવાનું કામ કર્યું.

યૂરોપની તરક્કીમાં કોઈ એવું પાસુ નથી જેમાં ઈસ્લામી કલ્ચરના ગાઢ નિશાનોની ભાળ ન મળી શકે, તેનાથી વધુ તેની સચ્ચાઈની શું દલીલ હોઈ શકે છે કે મોટી તાકત જેણે નવા યુગમાં પોતાની તાકતનો સિક્કો બેસાડયો તેની તરક્કીમાં પણ ઈસ્લામી સંસ્કારની રૂહ દેખાય છે અને તેની કામયાબીનું સૌથી મહત્વનું કારણ કુદરતી સાઈન્સ અને સાઈન્સની રૂહ છે.

સાઈન્સે અરબી કલ્ચરથી જે ગેહરી (ગાઢ) અસરો કબૂલ કરી છે તે માત્ર ઈન્કેલાબી વિચારોની હૈરતઅંગેજ શોધો પર અવલંબિત નથી, બલ્કે સાઈન્સ મુસ્લિમ કલ્ચરની દૈન છે. આ બિલ્કુલ સ્પષ્ટ વાત છે યૂરોપી દુનિયા સાઈન્સની દુનિયા ન હતી ખગોળ શાસ્ત્ર અને ગણિત શાસ્ત્ર બહારથી આવેલા ઈલ્મોના લીધે યુનાનના કલ્ચરમાં મળી ન શક્યાં. યુનાનીઓએ કાયદા, કાનૂન, કુલ્લિયાત (મૂળ સિદ્ધાંતો), પરિણામો અને વિચારધારા સંપાદન કરી પરંતુ તેહકીક (સંશોધન) અને જાંચનો મુસ્તકીલ (સચોટ) રસ્તો, સિદ્ધ થયેલ ઈલ્મની પ્રગતિ (જે મુસલમાન હકીમો અને ઉલ્માની વિશિષ્ટતા રહી છે) સાઈન્સના ઉસૂલ (કાનૂન)ની બારકીઓ, વિસ્તૃત વિગતવાળા અને લાંબા સમયના અનુભવો પર આધારિત સંશોધનનાં કામો યુનાની પ્રકૃતિના વિરોધમાં હતાં. માત્ર યુનાની વિદ્યાઓ ઈસ્કંદરિયા Hellenstic Alexandvia માં અમુક બાબતોમાં આગળ વધ્યાં. આ કામ જૂની પદ્ધતિની દુનિયામાં અમલમાં આવ્યું. પરંતુ જેને આપણે સાઈન્સના નામથી ઓળખીએ છીએ, આ સંશોધનના નવા માર્ગો, સંશોધનનાં નવાં પાસાંઓ, પ્રયોગ કરેલા નિયમો, માપતોલ તથા ગણિતની પ્રગતિની એવી પદ્ધતિઓ જેનાથી યૂરોપિયનો વાકેફ ન હતા તે યૂરોપમાં જાહેર થઈ. આ અંદાઝ અને પદ્ધતિ યૂરોપમાં અરબોના હેઠળ ફેલાયી. યૂરોપને સંશોધનની જાણકારી અરબોની અર્પણ કરેલી છે.

ક્રોપરની રાય જરૂર એ લાયક છે કે તેને અહીંયાં રજૂ કરવામાં આવે તે પોતાના પુસ્તક Conflict between Science and religionમાં લખે છે, પ્રયોગો અને પ્રેક્ટિસ અરબોની કળાના તરીકાનું જરૂરી અંગ છે. Geometry (અંક શાસ્ત્ર) અને Mathematical Science (ગણિત શાસ્ત્ર)માં તેમની નજરો દલીલોની

શક્તિ પર ઠરેલી હતી. અને આ એક દિલચસ્પ વાત છે. ઈલ્મે હરકત અને સુકૂન (Mechanics) Hydrostatics, opticsના વિશે અગણિત લખાણોમાં તેઓએ દરેક કોયડાનો ખુલાસો અમલી પ્રયોગ અને પ્રેક્ટિસ પછી રજૂ કર્યો છે. અને તેઓના પ્રયોગ અને પ્રેક્ટિસે તેમને Chemistryના સ્થાપક બનાવી દીધા, જેણે તેઓને Distilation, Sublimation, Fusionનો અમલ અને Filteration વગેરે માટે દરેક જાતના યંત્રોની શોધની પ્રતિ રેહનુમાઈ કરી. તેમણે ગ્રહગતિ વિદ્યામાં બિંદુઓના માપ વિશે સૂરજ અને તારાઓની ઊંચાઈ માપવાના યંત્રો અને Astrolable વગેરેની શોધો અને કેમેસ્ટ્રીમાં બેલેન્સનો ઉપયોગ કરવાનો તરીકો બતાવ્યો જેનાથી મુસલમાન પહેલેથી જ વાકેફ હતા. Specific Gravity અને ઈલ્મે હયઅતના પૈમાના (ગ્રહગતિ વિદ્યાનાં યંત્રો)ની શોધમાં મદદ કરી જેને બગદાદ, સ્પેન અને સમરકંદ (જે વિદ્યાનાં કેન્દ્રો હતાં)માં ઘણી ઊંચાઈ પ્રાપ્ત થઈ. મુસલમાનોએ Geometry, Trignometry અને ઈલ્મે જબ્ર તથા મુકાબલા (આંકડાગણિત)ની શોધ અને Arithmetic (આંકડાશાસ્ત્ર)માં ભારતની ગણત્રીને અપનાવવામાં પૂરી મદદ કરી. તેઓના પરિણાત્મક પ્રયોગના તરીકાથી સારાં પરિણામો સામે આવ્યાં જેનાથી અફલાતુન (એક હકીમનું નામ)ના વહેમો પોતાની મૌત આપોઆપ મરી પરવાર્યા.

કુદરતના બનાવો અને તેમાં જાહેર થતા કાયદાના અનુભવો તથા અભ્યાસની કુર્આને મુકદ્દસની વારંવારની તાકીદે મુસલમાનોને ગણિત શાસ્ત્ર તરફ ધ્યાન કેન્દ્રિત કરવા પર મજબૂર કર્યા. તેમણે જૂના ગણિતના નિષ્ણાંતોના વિચારો શીખી તેમાં જરૂરી સુધારો વધારો કર્યો અને પછી તેની તરક્કીમાં ઐતિહાસિક રોલ અદા કર્યો. પોતાની બુલંદીના સમયે મુસલમાનોએ ઈબ્ને સીના, અબ્દુર્રહમાન સૂફી, અલ બૈરૂની, ઉમર ઈબ્ને ખુલદુન, યાકૂબ ઈબ્ને તારિક, મુસલેમા મગરિબી, ઈબ્ને હિશામ, ઈબ્ને રૂશ્દ, ઈબ્ને હયષમ અને ઈબ્ને યૂનુસ જેવા હજારો ગણિત વિદ્યાના નિષ્ણાતો પેદા કર્યા જેમાં પેન્ડયુલમ (લોલક) અને તેની હરકતથી સમય નિશ્ચિત કરનારા પણ સામેલ છે. મુસલમાન ઉલ્માની ગણિત વિદ્યાની બુદ્ધિમતાનો ખયાલ આપવા માટે અહીંયા હું માત્ર તેમનામાંથી અલહૈષમનું વર્ણન કરું છું. સૈયદ અમીર અલી લખે છે, ઈબ્ને હયષમ જે સામાન્યતઃ અલહૈષમના નામથી ઓળખાય છે અને વાતાવરણમાં હવામાનના ફેરફારની શોધના વિશે પ્રખ્યાત છે. અગ્યારમી સદી ઈસ્વીના અંતમાં તે ટોચ પર હતો અને એક માત્ર ગ્રહગતિનો જાણકાર અને ઈલ્મે બસારત (દૃષ્ટિ સંબંધી વિદ્યા)ના નિષ્ણાત તરીકે ઓળખાતો હતો. તે સ્પેનમાં પેદા થયો પરંતુ વધારે સમય મિસરમાં રહ્યાં. યૂરોપમાં તે ઈલ્મે બસારત (Optic)ના કામના હેતુથી મશ્હૂર છે. રિઝનરે (Risner) તેની એક કિતાબનું ભાષાંતર લેટીની ભાષામાં કર્યું છે. આંખની બનાવટના વિશે તેણે યુનાનના ગલત વિચારની ભૂલ સુધારી અને પ્રથમવાર એ ખયાલ આપ્યો કે આંખથી રોશનીનાં કિરણો બહાર નીકળવાની બદલે બહારની વસ્તુઓથી આંખ બાજુ આવે છે અને પછી બહારની વસ્તુઓથી અથડાઈ છે. તેણે આંખના પહેલા પર્દાને જોવાનું સ્થાન ગણાવ્યું અને સાબિત કર્યું કે તેના પર ભેગા થનાર પરિણામો આંખની નસોથી દિમાગ સુધી પહોંચે છે. તેણે Single vision પર વર્ણન કર્યું. બે પર્દા પર બરાબર હિસ્સા પર નજર આવનાર અક્સ (પડછાયો) બતાવી તેણે Single visionના કાયદા કાનૂનનો ખુલાસો કર્યો. તેણે જ શોધ કરી કે પ્રકાશના ફેલાવામાં ઋતુની ઘનતાના લીધે ફેરફાર થાય છે. અને ઋતુની ઘનતામાં ફેરફારનો સંબંધ સીધી રીતે ઊંચાઈ Height સાથે છે. તેણે સ્પષ્ટ કર્યું છે કે ઈન્એતાફ (ચક્ર, ફેરફાર)ના લીધે કેવી રીતે ચમકતા અને છુપાયેલા તારાઓને જોઈ શકાય છે. તેણે એ પણ સ્પષ્ટ કર્યું કે ઋતુમાં ફેરફાર અને પ્રકાશના માર્ગો પર હવાઓના પડછાયાના લીધે શફક (આકાશમાં રતાશ) ઉત્પન્ન થાય છે. પોતાની કિતાબ The Balance Wisdomમાં તેણે ઈલ્મ અને હરકતના કાનૂન વિશે ચર્ચા કરી જેને સામાન્યતઃ વર્તમાનકાળના વૈજ્ઞાનિકોની ઠેકેદારી સમજવામાં આવે છે. વાતાવરણનું વર્ણન અને તેની ઘનતાના વિશે અને પતલાપણુ અને ઘનતા વાતાવરણમાં ભૌતિક વસ્તુઓના ફર્ક વિશે તેણે સંપૂર્ણ સ્પષ્ટતા કરી છે. તેણે પ્રકાશ અથવા ભારે માધ્યમમાં તરતા જંતુઓ અને તે તાકત જેનાથી તેઓ સપાટી તરફ ઉઠે છે તેના પર પણ ચર્ચા કરી, તે પડતા જંતુઓની ગતિ, જગા અને સમયના સંબંધ વિશે સહીહ માલૂમાત ધરાવે છે. સાઈન્સને તરક્કી આપવામાં મુસલમાનોની કોશિશોનો મકસદ (હેતુ) અલ્લાહની મઅરેફત અને ખાલિકે હકીકીની પેહચાન હતી. *(સુન્ની દા'વતે ઈસ્લામી ત્રિમાસિક ઉર્દૂ–મુંબઈ, જાન્યુ. થી માર્ચ–૨૦૦૮)*

**ફા**રૂકે આ'ઝમ رضی اللہ عنہની થકી ઘણી કરામતો જાહેર થયેલી છે. ફારૂકે આ'ઝમ બેશુમાર ખૂબીઓના માલિક હતા. આપ ઈસ્લામના બીજા ખલીફા છે, આપની રાય મુજબની જ કુર્આને પાકમાં રબ તઆલાએ લગભગ ૨૦ આયતો નાઝિલ કરેલી છે, હુઝૂરે અકરમ ﷺનું ફર્માન છે કે, "મારા બાદ જો કોઈ નબી હોત તો તે ઉમર હોતા." આ હદીષ આપના મર્તબાની મહાનતાનું એલાન કરી રહી છે. ઉપરાંત આપ અશરાએ મુબશ્શરામાંથી છે. અત્રે કેવળ આપની અમુક કરામતો 'બરકાતે ખ્વાજા' (માસિક)ના વાંચકોના ઈમાનમાં તાજગી લાવવા રજૂ કરીએ છીએ :–

## મહાન કરામતો

## હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની

કા...ર્યા...લ...ય...

### આપની ખુદાદાદ પહોંચનો આલમ !

અલ્લામા અબૂ નુઐમે દલાઈલમાં હઝરત ઉમર બિન હારિષ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ જુમ્આનો ખુત્બો ફર્માવી રહ્યા હતા. એકાએક આપે દરમ્યાનમાં ખુત્બો છોડીને ત્રણવાર ફર્માવ્યું, "યા સારિયતુલ્ જબલ ! યા સારિયતુલ જબલ !......" એટલે કે "હે સારીયા ! પહાડની તરફ જાવ ! હે સારીયા ! પહાડની તરફ જાવ !" આ રીતે હઝરત સારીયા رضی اللہ عنہને પોકારીને પહાડની તરફ જવાનો હુકમ આપ્યો અને ત્યારબાદ ફરી ખુત્બો શરૂ કરી આપ્યો. હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہએ નમાઝ બાદ હઝરત ઉમર رضی اللہ عنہને પૂછયું કે, આપ ખુત્બા દરમ્યાન એકાએક "હે સારીયા ! પહાડ ! હે સારીયા પહાડ !" મોટા અવાજે કહેવા લાગ્યા, તો શું મામલો હતો ?! હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, કસમ છે ખુદાએ ઝુલજલાલની ! હું એવું કહેવા માટે મજબૂર થઈ ગયો હતો. મેં મુસલમાનોને જોયા કે તેઓ પહાડની પાસે લડી રહ્યા છે અને કાફિરોએ તેમને આગળ તથા પાછળથી ઘેરી લીધા છે. એ જોઈને મારાથી રહી ન શકાયું અને મેં કહી દીધું, પહાડની તરફ જાવ !"

આ બનાવના કેટલાક દિવસો બાદ હઝરત સારીયા رضی اللہ عنہનો કાસિદ એક પત્ર લઈને આવ્યો જેમાં લખ્યું હતું કે, અમે લોકો જુમ્આના દિવસે કાફિરોની સાથે લડી રહ્યા હતા અને નજીક હતું કે અમે હાર પામતા ! એવામાં બરાબર જુમ્આના સમયે અમે કોઈનો અવાજ સાંભળ્યો, "હે સારીયા ! પહાડની તરફ જાવ !" એ અવાજ સાંભળીને અમે પહાડની તરફ ચાલ્યા ગયા તો ખુદા તઆલાએ કાફિરોને હાર આપી, અમે તેમને કત્લ કરી દીધા. આ રીતે અમને જીત મળી ગઈ. *(તારીખુલ ખુલફા, પેજ–૮૬)*

હઝરત સારીયા رضی اللہ عنہ નેહાવંદમાં લડાઈ કરી રહ્યા હતા જે ઈરાનમાં આઝરબાઈજાનના પહાડી શહેરોમાંથી છે અને મદીના તયબાહથી એટલા દૂર છે કે એ જમાનામાં ત્યાંથી ચાલીને એક મહિનામાં નેહાવંદ ન પહોંચી શકતા હતા. તો જ્યારે નેહાવંદ મદીના શરીફથી આટલુ દૂર છે કે એ જમાનામાં માણસ ચાલીને એક મહિનામાં ન પહોંચી શકતા હતા, પણ હઝરત ઉમર رضی اللہ عنہએ મસ્જિદે નબવીમાં ખુત્બો ફર્માવતાં હઝરત સારીયા رضی اللہ عنہને નેહાવંદમાં લડતા જોયા અને આપે એ પણ જોયું કે દુશ્મને મુસલમાનોને પાછળથી ઘેરેલ છે અને પહાડની નજીકમાં છે. પછી આપે તેમને અવાજ આપીને પહાડની તરફ જવાનો હુકમ કર્યો અને કોઈ જાતના મશીનની મદદ વિના પોતાના અવાજને ત્યાં પહોંચાડી દીધો. આ હઝરત ઉમર رضی اللہ عنہની ઉઘાડી કરામત છે.

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની આ કરામતને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી પણ રિવાયત કરી છે જે હદીષની મશ્હૂર તથા વિશ્વસનીય કિતાબ "મિશ્કાત શરીફ"ના પેજ ૫૪૬ પર પણ લખેલી છે.

**નોંધ** : એ દેવબંદીઓનો હઝરત ઉમર رضی اللہ عنہના બારામાં તથા હઝરત સારીયા رضی اللہ عنہના તથા અન્ય સહાબાના બારામાં શું અકીદો છે ? કે એઓને ગયબની ખબર થઈ ગઈ બલ્કે અલ્લાહ جل جلالہ એ

ઈખ્તિયાર આપ્યો કે દૂરની ચીજ જોયી, દૂરનો અવાજ સાંભળ્યો અને તે પ્રમાણે અમલ કર્યો ! તો શું કુફ્ર અથવા શિર્કનો કયો હુકમ લગાડશો એમના પર ?!

કેમ કે તેમના પેશ્વા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી લખે છે કે, "ગયબની વાત અલ્લાહ જ જાણે છે, રસૂલને શું ખબર ?! *(તક્વિયતુલ ઈમાન)*

તથા એટલે સુધી લખે છે કે, "એ વાત (ગયબ જાણવું) તેમને પોતાની મેળે છે એવું માને અથવા અલ્લાહના આપવાથી માને પણ **દરેક રીતે** આ અક઼ીદાથી **શિર્ક** સાબિત થશે." *(તક઼્વિયતુલ ઈમાન)*

તથા દેવબંદી પેશ્વા રશીદ અહમદ ગંગોહી લખે છે, "જે શખ્સ અલ્લાહ ﷻ સિવાય કોઈ બીજા માટે ઈલ્મે ગયબ સાબિત કરે તે **બેશક ! કાફિર** છે." *(ફતાવા રશીદિયહ, ભાગ–૨)*

હવે કોને માનશો ? જો દેવબંદી મોલ્વીઓને માનશો તો મઆઝલ્લાહ ! હઝરત ઉમર તથા અન્ય સહાબા ઈલ્મે ગયબ માનવાને કારણે શું ઠરશે ? કુફ્ર કરનારા ?! જેથી માની લો કે વહાબી દેવબંદી જૂઠો ધર્મ છે.

## ઘરને આગ લાગી ગઈ !

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہ એ એક શખ્સને પૂછયું કે તમારું નામ શું છે ? તેણે કહ્યું કે, જુમરા એટલી ચિન્ગારી. પછી આપે તેના બાપનું નામ પૂછયું તો તેણે કહ્યું, શહાબ એટલે ભડકો. પછી આપે તેને પૂછયું, તમારા ક઼બીલાનું નામ શું છે ? તેણે કહ્યું, હરક઼ા એટલે આગ. અને આપે જયારે તેના રહેઠાણ વિશે પૂછયું તો તેણે કહ્યું, હુર્રા એટલે ગરમી. આપે પૂછયું કે હુર્રા કયાં છે ? તેણે કહ્યું, ઝાતુન્નતા (ભડકાવાળી જગા)માં છે. આ સર્વ સવાલોના જવાબો સાંભળ્યા બાદ હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہ એ ફર્માવ્યું, "તમારાં ઘરવાળાંઓની ખબર લો ! કે તેઓ સૌ સળગીને મરી ગયાં !" જ્યારે તે શખ્સ પોતાના ઘરે પાછો ફર્યો તો જોયું કે ખરેખર તેના ઘરને આગ લાગી ગઈ હતી અને સર્વ લોકો સળગીને મરી ગયા હતા. *(તારીખુલ ખુલફા, પેજ–૮૬)*

## હઝરત ઉમરનો નાઈલ નદીના નામે પત્ર !

હઝરત અબૂશ્શયખ કિતાબુલ અસ્મતમાં હઝરત કૈસ બિન હજ્જાજ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે જ્યારે હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ એ હઝરત ઉમર رضی اللہ عنہ ના ખિલાફતના જમાનામાં મિસરને ફતહ કર્યું તો અજમવાસીઓ એક નિશ્ચિત દિવસે હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہ ની પાસે આવ્યા અને કહ્યું, હે હાકિમ ! અમારી આ નાઈલ નદીના માટે એક પૂરાણો તરીક઼ો ચાલ્યો આવ્યો છે કે જેના વિના તે વહેતી નથી થતી, બલ્કે સૂકાઈ જાય છે, અને અમારી ખેતીનો આધાર એ જ નાઈલ નદીના પાણી પર જ છે. હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ એ તે લોકોને પૂછયું કે નાઈલ નદીને વહેતા રહેવા માટેનો એ પૂરાણો તરીક઼ો શો છે ? એ લોકોએ કહ્યું કે જ્યારે આ મહિનાના ચાંદની ૧૧મી તારીખ આવે છે તો અમે લોકો એક કુંવારી યુવાન કન્યાને પસંદ કરીને તેનાં માંબાપને રાજી કરીએ છીએ પછી તેણીને શ્રેષ્ઠ કક્ષાનાં ઘરેણાં તથા કપડાં પહેરાવીને પછી તે કન્યાને નાઈલ નદીમાં ફેંકી દઈએ છીએ. (આ હતો ઈસ્લામ પહેલાંની જેહાલતનો સ્ત્રીઓ પરનો જુલ્મ !)

હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ એ ફર્માવ્યું, "ઈસ્લામમાં આવું કદી પણ થઈ શકતું નથી ! આ સર્વ વાતો બેકાર અને ધડ માથા વિનાની છે. ઈસ્લામ આવી સર્વ પ્રકારની બાતિલ ગલત વાતોને નાબૂદ કરવા માટે આવ્યો છે. એ કન્યાને નાઈલ નદીમાં ફેંકવાની ઈજાઝત કદી આપી શકતો નથી." આપના આ જવાબ પછી તે લોકો પાછા જતા રહ્યા.

થોડાક દિવસો પછી ખરેખર નાઈલ નદી સૂકાઈ ગઈ ! એટલે સુધી કે ઘણા લોકો વતન છોડવા માટે તૈયાર થઈ ગયા. હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ એ પરિસ્થિતિ જોઈ તો એક પત્ર લખીને હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہ ને સર્વ સ્થિતિથી માહિતગાર કર્યા. આપે પત્ર વાંચ્યા બાદ હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ ને લખ્યું કે તમે મિસરીઓને ઘણો જ ઉમદા જવાબ

આપ્યો. બેશક ! ઈસ્લામ આ પ્રકારની તમામ નિર્રથક તથા કઢંગી વાતોને નષ્ટ કરવાના માટે આવ્યો છે. હું પત્રની સાથે એક પત્ર રવાના કરી રહ્યો છું તેને તમે નાઈલ નદીમાં નાખી દેજો.

જ્યારે તે પત્ર હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہને પહોંચ્યો તો આપે, તેને ખોલીને વાંચ્યો, તેમાં લખ્યું હતું કે :–

''અલ્લાહના બંદા ઉમર અમીરુલ મો'મિનીન તરફથી નાઈલ નદીને માલૂમ થાય કે જો તું જાતે પોતે વહેતી થાય છે તો વહેતી ન થતી અને જો ખુદા ﷻ તને વહેતી કરે છે તો હું અલ્લાહ વાહિદ કહ્હારથી દુઆ કરું છું કે તે તને વહેતી કરી આપે.''

હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہએ અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના એ પત્રને રાતના સમયે નાઈલ નદીમાં નાખી આપ્યો. મિસરવાળા જ્યારે સવારે ઊંઘમાંથી જાગ્યા તો જોયું કે અલ્લાહ તબારક વ તઆલાએ તેને એ રીતે વહેતી કરી આપી કે તેનું સોળ હાથ પાણી ઉપર ચઢેલું છે ! પછી નાઈલ નદી એ રીતે કદી ન સૂકાઈ અને મિસરવાળાઓની એ જાહિલાના રસમ હમેશાંના માટે ખત્મ થઈ ગઈ. *(તારીખુલ્ ખુલફા, ૮૭)*

આ હઝરત ઉમર رضی اللہ عنہની ઘણી જ મહાન કરામત છે કે આપે નાઈલ નદીના નામે પત્ર લખ્યો અને ખુદા ﷻથી દુઆ કરી તો તે નાઈલ નદી જે દર વરસે એક કુંવારી કન્યાની જાન લીધા વિના વહેતી ન થતી હતી તે હઝરત ઉમરના પત્રથી હમેશાં માટે વહેતી થઈ ગઈ. જાણવા મળ્યું કે આપ જમીન તથા દરિયા બંને પર હુકૂમત ધરાવતા હતા.

## જાન લેવા આવનાર મુસલમાન થઈ ગયો !

ફારૂકી ખિલાફતનો જમાનો હતો. એક અજમી શખ્સ મદીના પાક આવ્યો જે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہને શોધી રહ્યો હતો. કોઈએ બતાવ્યું કે ક્યાંક વસ્તીની બહાર સૂઈ રહ્યા હશે. તે શખ્સ વસ્તી બહાર નીકળીને આપને શોધવા લાગ્યો, એટલે સુધી કે હઝરત ઉમરને એ હાલતમાં પામ્યા કે તેઓ જમીન ઉપર માથા નીચે બખ્તર રાખીને સૂઈ રહ્યા હતા. તેણે દિલમાં વિચાર્યું કે આખી દુનિયામાં આ શખ્સના કારણે ફિત્નો ફેલાયો છે એટલા માટે કે એ સમયે ઈરાન તથા અન્ય દેશોમાં ઈસ્લામી ફોજોએ તેહલકો મચાવી આપ્યો હતો, જેથી તેને કતલ કરી નાખવો યોગ્ય છે અને અત્યારે આસાન પણ છે ! એટલા માટે કે આબાદી બહાર સૂતેલા માણસને મારી નાખવો કોઈ મુશ્કેલ વાત નથી. આમ વિચારીને તેણે મ્યાનથી તલ્વાર બહાર કાઢી અને આપની બાબરકત જાત પર વાર કરવા જ ચાહતો હતો કે એવામાં અચાનક ગયબથી બે સિંહો જાહેર થયા અને એ અજમીની તરફ ઝપટયા. એ દશ્ય જોઈને તે ચીસ પાડી ઉઠયો. તેના અવાજથી હઝરત ઉમર رضی اللہ عنہ જાગી ગયા. આપ જાગી જતાં તેણે પોતાનો આખો કિસ્સો વર્ણવ્યો અને મુસલમાન થઈ ગયો. *(સીરતે ખુલફાએ રાશિદીન)*

આ પણ એક કરામત છે કે સિંહ જે જાન લેનારા હોય છે તે આપની હિફાઝત માટે જાહેર થઈ ગયા, આપના રક્ષક બની ગયા ! અને કેમ ન હોય કે, ''જે અલ્લાહનો થઈ જાય છે, અલ્લાહ તેનો થઈ જાય છે અને દરેક રીતે તેની હિફાઝત કરે છે.

હઝરત અલ્લામા ઈમામ રાઝી رحمۃ اللہ علیہ સૂરએ કહફની આયતે કરીમા :–

اَمۡ حَسِبۡتَ اَنَّ اَصۡحٰبَ الۡكَهۡفِ--- ની તફસીરમાં બુખારી શરીફની હદીષ કે, ''જ્યારે કોઈ બંદો નેકીઓ પર હમેશગી અપનાવી લે છે તો તે ઉચ્ચ મકામ સુધી પહોંચી જાય છે કે જેના વિશે અલ્લાહ તઆલાએ كُنۡتُ لَهٗ سَمۡعًا وَ بَصَرًا ફર્માવ્યું છે. તો જ્યારે અલ્લાહના જલાલનું નૂર તેની શ્રવણ શક્તિ બની જાય છે તો તે દૂર તથા નજીકનો અવાજ સાંભળી લે છે અને જ્યારે એ જ નૂર તેની દષ્ટિ શક્તિ બની જાય છે તો તે દૂર તથા નજીકની ચીજોને જોઈ લે છે અને જ્યારે એ જ નૂરે જલાલ તેનો હાથ બની જાય છે તો તે બંદો આસાન તથા મુશ્કેલ અને દૂર તથા નજીકની ચીજોમાં પહોંચ પ્રાપ્ત કરવા પર શક્તિમાન થઈ જાય છે.

*–(તફસીરે કબીર, ૫/૪૮૦, બહવાલા ખુત્બાતે મુહર્રમ)*

# મુહર્રમમાં પ્રચલિત ગલત રસ્મો

લેખક : ..........................................
મૌલાના મુહમ્મદ તાહિર અલી
મિસ્બાહી (જામનગર)

માહે મુહર્રમમાં આશૂરાનો દિવસ ઘણો જ પ્રતિષ્ઠત છે કારણ કે એમાં ઘણીયે મહત્વપૂર્ણ ઘટનાઓ ઘટી. આશૂરાના દિવસે રોઝો રાખવો સુન્નત છે, આ દિવસમાં દરેક નેક કાર્ય ઘણા અજરો સવાબનો સબબ બને છે પરંતુ આજકાલના નાદાન અજ્ઞાનીઓ આ મુક્દ્દસ દિવસની તા'ઝીમો તકરીમ કરવાના બદલે ભાત ભાતની ખુરાફાત કરતા હોય છે. વિવિધ પ્રકારનાં તા'ઝીયા તથા ઝંડાના જુલૂસ કાઢે છે, ઢોલ તાશાં અને વાજાં વગાડે છે, ગલી ગલી શોક પ્રકટ કરવા તેમનો સરઘસ કાઢે છે અને શીઆઓની જેમ તેમની આગળ પાછળ છાટી પીટવાનું અને માતમ કરે છે. સ્ત્રી પુરૂષોની મેદની લાગે છે અને વિવિધ પ્રકારના બેહૂદા ખેલ તો તે ઉપરાંત છે. જ્યારે કે શરીઅતે મુતહ્હરાએ આવી તમામ ખુરાફાતને મમ્નૂઅ અને નાજાઈઝ તથા હરામ ઠરાવી છે. સારાંશ કે તા'ઝીયાદારી કેટલાંયે હરામ કાર્યોનો સમૂહ છે. દર વર્ષે તા'ઝીયાદારીમાં હજારો લાખો રૂપિયા ખર્ચ થાય છે, કારણ કે તા'ઝીયા બનાવવામાં લાકડી, કાગળ, અબરખ વીજળીના ગોળા અને ડેકોરેશનની સામગ્રી વિગેરે ઘણી બધી વસ્તુઓ વપરાય છે તે પછી તા'ઝીયાને પાણીમાં ડૂબાડી દેવામાં આવે છે, અથવા જમીનમાં દાબી દેવામાં આવે છે જે નિઃસંકોચ ફુઝૂલખર્ચી છે, જે નાજાઈઝ તથા હરામ છે, કારણ કે આમાં માલ બર્બાદ કરવો છે જે નાજાઈઝ તથા હરામ છે. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૧, પેજ–૭૭)*

અલ્લાહ તઆલાએ ફુઝૂલખર્ચી કરવાવાળાઓને શૈતાનના ભાઈ કહી તેનાથી રોક્યા છે.

وَلَا تُبَذِّرْ تَبْذِيْرًا ۝ اِنَّ الْمُبَذِّرِيْنَ كَانُوْۤا اِخْوَانَ الشَّيٰطِيْنِ۔

**(ભાવાર્થ)** : "ફઝૂલુખર્ચી ન કરો ! બેશક ! માલ ઉડાવવાવાળા શૈતાનના ભાઈ છે." *(પા–૧૫, સૂ. બની ઈસ્રાઈલ, આયત–૨૫, ૨૬)*

આજકાલ અમુક વિસ્તારોમાં એવાં તા'ઝીયા પણ બનાવવામાં આવે છે, જેમાં તસ્વીરો પણ હોય છે, શક્લ ઈન્સાની અને શરીર ઘોડાનું હોય છે, ક્યાંક તો સંપૂર્ણ ઘોડાની જ આકૃતિ બનાવવામાં આવે છે જેને "દુલ દુલ" ઘોડો સમજવામાં આવે છે, વિચારો તો ! આમાં તસ્વીર બનાવવું થાય છે, જે મુતલક્ન મમ્નૂઓ હરામ છે. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૯, પેજ–૭૧)*

હદીષે કુદ્સીમાં છે, કયામતના દિવસે અલ્લાહ તઆલા સૌથી વધુ અઝાબ તેને આપશે જેણે કોઈ નબીને ક્ત્લ કર્યો હોય, ત્યાર પછી તેને આપશે જેને કોઈ નબીએ ક્ત્લ કર્યો હોય, પછી તસ્વીર બનાવનારને. આ હદીષથી અંદાજો કરી શકાય છે કે તસ્વીર બનાવવું કેટલો સખ્ત જુર્મ અને ગુનાહિત કાર્ય છે. તદ્ઉપરાંત લોકો તા'ઝીયા, ઢોલ નગારાં, વાજિંત્રો વગેરે લઈ જુલૂસની શક્લમાં નીકળે છે, ખૂબ ધાંધલ ધમાલ કરતા હોય છે, તેમના હાથોમાં લાઠી, ચાકૂ, તલ્વાર વિગેરે હોય છે, જેના દ્વારા એકબીજાથી ખેલકૂદ કરે છે. કેટલાક પોતાની જીભ કાપી નાંખે છે, કોઈ ચાકૂથી પોતાનું સીનું ઝખ્મી કરે છે, તો કોઈ પોતાની ભુજાઓને, અર્થાત ખેલકૂદની સાથે વાજિંત્રો હોય છે, અને આ બંનેવ લહવો લઈબ છે, જે નાજાઈઝ તથા હરામ છે, જેની સ્પષ્ટતા આ હદીષે કરીમામાં જોવા મળે છે, (ભાવાર્થ) : મુસલમાનોનો દરેક ખેલ હરામ છે પણ ત્રણ (ખેલ હરામ નથી). હઝરત ઉત્બા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેટલી વસ્તુઓથી આદમી લહ્વ (ખેલ) કરે છે સૌ બાતિલ છે, પરંતુ ત્રણ વસ્તુઓ તીરંદાઝી, ઘોડાને સીધાવવો, અને પત્ની સાથે મિલાપ, આ ત્રણ હક્ક્ છે. *(તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજા)*

વધુ એક ખરાબી એ છે કે આશૂરાના દિવસે જ્યારે તા'ઝીયા કાઢવામાં આવે છે તો તેને જોવા માટે લોકો જમા થાય છે, સ્ત્રીઓ અને પુરૂષોનો એક સમૂહ હોય છે જેમાં અધિક્તમ ઈસ્લામી ખવાતીન બેપર્દા હોય છે, તેમાં પણ લગભગ વધુ સંખ્યા સ્ત્રીઓની જ હોય છે. વળી આ ભીડમાં કેવળ મુસ્લિમો જ નહીં ગૈર મુસ્લિમો પણ હોય છે જેમનો મક્સદ એકમાત્ર સ્ત્રીઓની છેડતી કરવાનો હોય છે. અર્થાત ઘણી જ બેહયાઈ અને બેપર્દગીનું પ્રદર્શન કરવામાં આવે છે. આવા સમયે આંખોનો ઝિના થાય છે જેથી ઈન્સાન દિલમાં લિજ્જત

અનુભવે છે અને જ્યાં સુધી તેને મજા મળે છે દિલનો પણ ઝિના થાય છે. તેમજ મર્દનું ગૈર મહરમ સ્ત્રીની તરફ જોવું તથા ઔરતનું ગૈર મહરમ મર્દ તરફ જોવું હરામ ! હરામ ! સખત હરામ ! છે. *(કિતાબુલ હઝરે વલ ઈબાહત, પેજ–૧૫)*

આ નાદાનોને કોઈ આલિમે દીન મના કરે છે તો ઉલ્ટો તેના પર વહાબિયત અને સુલેહ કુલ્લિય્યતનો ફત્વો ચાંપી દેવામાં આવે છે, વળી ક્યાંક તો મારપીટ પર ઉતરી આવે છે ! તેઓ કહે છે કે, આ તો ઈમામ હુસૈન رضی اللہ عنہથી અમારી અક઼ીદત છે ! જેનો ઈઝહાર અમો આ રીતે કરીએ છીએ. હું તેમને કહીશ કે મહોબ્બતના ઈઝહારનો આ તે કયો તરીક઼ો છે કે તા'ઝીયા બનાવી ગલી ગલી તેમનો સરઘસ કાઢી બેન્ડબાજા વગાડવામાં આવે કે જે હરામ છે ! તેમાં આગળ પાછળ નાચી ધાંધલ કરવામાં આવે ! શું તે નાદાનોને એ માલૂમ નથી કે આ તો યઝીદીઓનો તરીક઼ો છે કે એ જાલિમોએ શોહદાએ ક઼ર્બલા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના મુક઼દ્દસ સરોને નેઝા પર ચઢાવી વસ્તીમાં ગુમાવી ખૂબ ખુશીઓ મનાવી, ઢોલતાશા પીટયા હતાં. *(ખુત્બાતે મુહર્રમ, પેજ–૪૩૫, અઝ : મુફ્તી જલાલુદ્દીન અમજદી)*

બીજી વાત કે એ લોકો જે રીતે ઈમામ આલી મુક઼ામ رضی اللہ عنہથી મહોબ્બત કરે છે પોતાના માં બાપથી પણ એટલી મહોબ્બત કરતા હશે કે એથી કમ ! તો શું તેઓ પોતાના માં બાપના મૃત્યુ પર અથવા તેમના તીજીયા, ચાળીસાના પ્રસંગે પણ આવી ધાંધલ ધમાલ મચાવે છે ?! પોતાના માતા પિતાથી પણ મહોબ્બત છે તો એમની મહોબ્બતનો ઈઝહાર આ રીતે કેમ નથી કરતા ?! એનું કારણ એ જ છે કે તેઓ જાણે છે કે આમ કરવાથી તેમના માતા પિતાની રૂહ ખુશ થવાના બદલને નાખુશ થઈ જશે, તો યક઼ીનન ! તા'ઝીયા બનાવી ખેલકૂદ કરી તેઓ ઈમામે પાક رضی اللہ عنہને નારાજ કરી રહ્યા છે અને ગઝબે ઈલાહીને નોંતરી રહ્યા છે. (નઊઝુબિલ્લાહ !)

સૈયદી આ'લા હઝરત અઝીમુલ બરકત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہથી ફત્વો પૂછવામાં આવ્યો કે તા'ઝીયા બનાવવાં, જોવાં, અને તેના પર દિલથી અક઼ીદત રાખવી અહલે સુન્નત વલ જમાઅતને જાઈઝ કે નહીં ? આપે જવાબમાં ફર્માવ્યું, જે તા'ઝીયા સામૂહિક રીતે કાઢવામાં આવે છે, બિદઅતે શનીઆ સૈય્યેઆ (ખરાબ બુરી બિદઅત) છે. જેનું બનાવવું, જોવું નાજાઈઝ અને તા'ઝીમો અક઼ીદત સખત હરામ અને બિદઅત છે. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૯, પેજ–૧૮૬)*

પ્રિય વાંચકો ! વિચારો કે જો તા'ઝીયાદારી તથા તેની આગળ પાછળ ધમ્મા ચકરી જાઈઝ અને મુબાહ હોત તો આપણા અસ્લાફે કિરામ પણ તા'ઝીયાદારી કરતાં, આવા જુલૂસોમાં ઉલમાએ કિરામ સૌથી આગળ હોતા, તેની ફઝીલતો વિશે કિતાબો હોતી, પરંતુ આમ નથી. ઉપરોક્ત વર્ણનથી આપ ખૂદ અંદાઝો લગાડી શકો છે કે તા'ઝીયા કેટલાં ગુનાહિત તથા હરામ કૃત્યોનો સમૂહ છે. ક઼ૌમના આગેવાનો ભલે તે ઉલ્માએ કિરામ હોય કે યા કોઈ કમિટીના પ્રમુખ તેઓથી વિનંતિ છે કે તા'ઝીયાદારી પર બની શકે તેમ રોક લગાડે.

વળી કેટલીક જગાએ ઈમામ હુસૈન رضی اللہ عنہનું ચાળીસુ પણ કરવાનો રિવાજ શરૂ થયો છે ! તો એ પણ ગલત છે. ચાળીસુ (ચહેલૂમ) તો ઈન્તેકાલના ચાલીસમાં દિવસે થાય છે તેને પછી દર વર્ષે નથી કરવામાં આવતું. દર વરસે ઈન્તેકાલના દિવસની તારીખે હા ! ઉર્સ મનાવવો જાઈઝ છે, પણ આ દર વર્ષે ચાળીસુ તો જાહિલોની જ ઉપજ છે જેથી જેઓ એવું કરતા હોય તેઓ હવે એને બંધ કરે કે એ જહાલત છે.

વળી કેટલાક નાદાનો કહે છે કે, "તાઝીયાના જુલૂસથી તો ઈસ્લામની શાન જાહેર થાય છે ! તથા મુસલમાનોનો દબદબો તથા પ્રભાવ પડે છે !" તેમને અમારો જવાબ છે કે **ખરેખર તમે ઈસ્લામની શાન તથા મુસલમાનોનો દબદબો ચાહો છો તો ઈસ્લામમાં હરામ એવાં કામોથી દબદબો થશે નહીં ! પણ સર્વ મુસ્લિમો અંગ્રેજી યહૂદીઓના લિબાસ ત્યજી ઈસ્લામી લિબાસ અપનાવો, સર્વ સ્ત્રીઓ બાપર્દા બની જાય, અને સર્વ મુસલમાનો ઈસાઈ, યહૂદી, મુશ્રિક તથા મજૂસી જેમ દાઢી મૂંડાવવાનું ત્યજી સુન્નતે રસૂલ દાઢી અપનાવી લો તથા પાંચેવ નમાઝોએ બાજમાઅત જુમ્આ જેમ મસ્જિદો ભરી દો અને જૂઠ, વાદા ખિલાફી, અપ્રમાણિક્તા તથા શરીઅત વિરુદ્ધ સર્વ કાર્યો ત્યજી દો ! પછી જુઓ ઈસ્લામની શાન લાગે છે કે નહીં ! અને મુસ્લિમોનો દબદબો થાય છે કે નહીં !**

અલ્લાહ તઆલા સૌને આવી ખુરાફાતથી બચવા તથા બીજાઓને બચાવવાની તૌફીક઼ અતા ફર્માવે. (આમીન)

# તાઝિયાદારી અને ઉલમાએ અહલે સુન્નત

:::: અઝ ::::

ફખ્રે ગુજરાત **હઝરત મૌલાના યૂનુસ મિસ્બાહી** *(હાલ : પ્રેસ્ટન, યુ.કે.)*

કેટલાક લોકો સમજે છે કે તાઝિયાદારી સુન્નીઓનું કામ છે અને એનાથી રોકવું તથા મના કરવું વહાબીઓનું કામ છે. તો જાણી લો કે જ્યારથી તા'ઝિયાદારીનો રિવાજ થયો છે ત્યારથી કોઈ પણ સુન્ની જિમ્મેદાર આલિમે તેને સારું નથી કહ્યું.

હિંદુસ્તાનમાં વહાબી દેવબંદી ફિર્કાના જન્મ પહેલાંના મહાન આલિમ તથા બુઝુર્ગ હઝરત અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ લખે છે : ''મુહર્રમની દસમી એ જે તાઝિયાદારી થાય છે, ગુંબદ જેવા તાઝીયાં તથા આકૃતિઓ બનાવવામાં આવે છે એ સૌ નાજાઈઝ છે.'' *(ફતાવા અઝીઝિયા, ૧/૭૫)*

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝાખાં મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ જેમનો ફત્વો જગતભરમાં માનવામાં આવે છે, આપ ફર્માવે છે :–

''હવે આ તાઝિયાદારી એ નાપસંદીદા તરીકાનું નામ છે જે કતઅન્ (સદંતર) બિદઅત તથા નાજાઈઝ તથા હરામ છે.''

કેટલાક લોકો કહે છે કે તાઝીયાં બનાવવાં જાઈઝ છે અને ઘુમાવવાં નાજાઈઝ છે, તો આ'લા હઝરત رضی اللہ عنہએ એની પણ રદ કરી છે અને બનાવવાથી પણ મના ફર્માવ્યું છે. લખે છે :–

''પણ આ નકલમાં પણ બિદઅતીઓથી એક મુશાબેહત (મળતાપણુ) તથા તાઝીયાદારીની તોહમતનો અંદેશો છે તથા ભાવિમાં આપણી ઔલાદ અથવા એતેકાદવાળાઓના માટે બિદઅતમાં સપડાવાનો અંદેશો છે. અને હદીષમાં છે : ''આક્ષેપની જગ્યાઓએથી બચો !'' અને ફર્માવ્યું, ''જે અલ્લાહ અને કયામતના દિવસ પર ઈમાન ધરાવતો હોય તે તોહમતની જગાઓ પર ન રોકાય.'' જેથી હુઝૂર સૈયદુશ્શોહદાના રોઝા મુબારકની એવી આકૃતિ ન બનાવે, બલ્કે કાગળ પરના સાચા નકશાથી સંતોષ લે.'' *(ફતાવા રઝવિય્યહ્)*

જે લોકો કહે છે કે તાઝીયા બનાવવું અહલે સુન્નતનું કામ છે તેઓ આ'લા હઝરતની કિતાબોનો અભ્યાસ કરે, અનેક જગાએ તેમની કિતાબોમાં તા'ઝીયાદારીને નાજાઈઝ તથા હરામ અને ગુનોહ લખ્યું છે, બલ્કે આખી એક કિતાબ એના બારામાં લખી છે જેનું નામ છે : આલિલ ઈફાદહ ફી તાઝિયાતિલ હિંદ વ બયાનિશ્શહાદહ્.

## ★ બદ્અકીદાઓને અમારું એલાન ★

મુસલમાનોના નામથી નીકળેલા નવા ફિર્કાઓ વહાબી, દેવબંદી, મૌદૂદી વગેરેને અમારા તરફથી એ એલાન કરવામાં આવે છે કે શરીઅતના પ્રકાશમાં જે કામ બિદઅતે સૈયેઆ (બુરી બિદઅતો)માં જતું હોય તેવાં સઘળાં કામોથી અમે દૂર છીએ. અમારામાં બિદઅતી લોકોની જમાઅત ઘૂસી આવેલી છે, એટલે **મસ્લકે આ'લા હઝરત** પર સવાલ ન કરતાં બિદઅતી લોકોને સંબોધવું જોઈએ. અમે કોઈ પણ બુરી બિદઅતને અમલમાં લાવવા તૈયાર નથી અને બિદઅતી લોકોને અમે સાથ આપીશું નહીં.

બહારે શરીઅત, ભાગ–૧૬, પેજ–૨૪૭ અને ૨૪૮ પર હકીમુલ ઉમ્મત સદરુશ્શરીઅહ્ હઝરત અમજદ અલી علیہ الرحمۃ والرضوان એ પણ તાઝિયાદારી અને એની સાથે કરવામાં આવતાં ખરાબ કામોને નાજાઈઝ અને ગુનાહનાં કામ બતાવ્યાં છે. ''યે સબ નાજાઈઝ ઔર ગુનાહ કે કામ હંય.''

આ'લા હઝરતના દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામનો ફત્વો પણ નાજાઈઝ અને હરામનો છે.

**સવાલ ૧ : (અ)** મુરવ્વજા (હાલ ચાલતી) તાઝિયાદારી જાઈઝ હય યા નાજાઈઝ ? **(૨)** અલમ ઔર શુદે નિકાલના નીઝ તાઝિયાકો શબે આશૂરા ગલી કૂચામેં ગશ્ત કરાના ફિર ઉસે દસવીં મુહર્રમ કો મસનૂઈ (બનાવટી) કરબલામેં લે જાકર દફન કરના, પહેલી મુહર્રમસે ઢોલ તાશા બજાના ફિર આશૂરા કે દિન તાઝિયા કે આગે આગે બજાતે હુએ ઉસે મસનૂઈ (બનાવટી) કરબલા તક લે જાના શરઅન કૈસા હય ? નીઝ તાઝિયાદારી કે અલમ (ઝંડે) ઔર શુદે કી હકીકત ક્યા હય ?

**સવાલ ૨ :** ઢોલ, તાશે, શુદે વગેરા કો મસ્જિદ યા ફનાએ મસ્જિદમેં રખના શરઅન કૈસા હય ? નીઝ મસ્જિદ યા ફનાએ મસ્જિદમેં રખ્ખે હુએ ઢોલ, તાશે, અલમ ઔર શુદે કો બાહર નિકાલ કર ફેંક દેનેવાલા શરઅન મુજરિમ હોગા યા નહીં ?

**જવાબ ૧ :** યહ તાઝિયાદારી મુરવ્વજા હિંદ (હિંદુસ્તાનમાં ચાલતી) નાજાઈઝ, બિદઅતે સૈયેઆ વ હરામ હય. (બ) યે સબ ભી નાજાઈઝ વ હરામ કાતિલે (નષ્ટ કરનાર) અહલે ઈસ્લામ, ઔર જબ યે નાજાઈઝો હરામ હંય તો ઉનકી અસલ (મૂળ) ક્યા હો સક્તી હય, હાં ! અગર સાઈલ કી મુરાદ યે હો કે યે કિસકી નકલ હય કે, જિસકી નકલ હો ઉસકી અસલ કરાર દી જાએ, તો નઝરે ગાઈરમેં ઐસા માલૂમ હોતા હય કે અલમ ઔર શુદે જો નેઝોં ઔર ઝંડો કી શકલમેં હોતે હંય, ગાલેબન યઝીદી ફોજ (સૈન્ય) કે ઉસ ફેઅ્લ (કામ) કી નકલ હય, જો ઉન્હોંને કરબલામેં ઝુલ્મો જફાકે પહાડ તોડને કે બાદ ઈમામ આલી મુકામ કા સરે મુબારક નેઝોં પર કૂફા કી ગલીયોંમેં બતૌર શાદિયાના (ખુશી) વ મુબારકબાદી ઘુમાયા થા. (મતલબ એ કે નકલ કરનારાઓ પોતાને હુસૈનના શુભેચ્છક કહે છે પણ મુહર્રમમાં નકલ યઝીદી લોકોની કરે છે જેમણે અહલે બયતના જવાનોની શહાદત પછી ખુશીમાં જે કામો કર્યા હતાં. દોસ્ત હુસૈનના અને નકલ યઝીદી સૈન્યની !)

**જવાબ ૨ :** યે વાહિયાતો ખુરાફત ચીઝેં સબ નાજાઈઝ હંય, તો જહાં ભી રખ્ખેં નાજાઈઝ હી હંય, ઔર મસ્જિદ યા ફનાએ મસ્જિદમેં બદરજએ ઔલા નાજાઈઝ ઔર ઈન ચીઝોં કો મસ્જિદ સે નિકાલ કર ફેંકનેવાલા સવાબ પાયેગા, ક્યૂં કે ઉસને નાજાઈઝ ચીઝ કો દફા કિયા ઔર હદીષે પાક પર અમલ કિયા.

**(લખનાર)** –*મુહમ્મદ અહમદ જહાંગીરખાં (મુફતી મર્કઝે અહલે સુન્નત મન્ઝરે ઈસ્લામ, બરેલ્વી શરીફ)*

**::::: મઝહરે ઈસ્લામ બરેલી :::::**

- અલ્ જવાબ સહીહ : મુહમ્મદ મુસ્તફા રઝાખાં (મુફતીએ આઝમે હિંદ)
- લકદ અસાબ મન અજાબ. કાઝી મુહમ્મદ અબ્દુર્રહીમ બસ્તવી
- સહ્‌હલ જવાબ : તહસીન રઝા
- અલ્ જવાબ સહીહ : મુહમ્મદ આ'ઝમ
- અલ્ જવાબ સહીહ : મુઝફ્ફર હુસૈન

**::::: મન્ઝરે ઈસ્લામ બરેલી :::::**

- અલ્ જવાબ સહીહ : મુફતી સૈયદ મુહમ્મદ અફઝલ હુસૈન
- સહ્‌હલ જવાબ : મુહમ્મદ ઈહસાન અલી
- અલ્ જવાબ સવાબ : ગુલામ મુજતબા અશરફી
- અલ્ જવાબ હુવલ જવાબ : સૈયદ મુહમ્મદ આરિફ રઝવી
- અલ્ જવાબ સહીહ : વલ મુજીબો નજીહ ખલીલુરર્હમાન રઝવી
- અલ્ જવાબ સહીહ : મુહમ્મદ ફૈઝ અહમદ સિદ્દીકી
- અલ્ જવાબ સહીહ : મુહમ્મદ ઉમર કાદરી

**::::: મુબારકપુર અલજામિઅતુલ અશ્રફિયા :::::**

- અલ્ જવાબ સહીહ : અબ્દુલ અઝીઝ અફીઅન્હ (હાફિઝે મિલ્લત)
- અલ્ જવાબ સહીહ : અબ્દુર્રઉફ
- અલ્ જવાબ સહીહ : અબ્દુલ મન્નાન આ'ઝમી
- સહલ જવાબ : મુહમ્મદ યહ્યા

**::::: કિછોછા શરીફ :::::**

અહલે સુન્નતો જમાઅત કે નઝદીક તાઝિયાદારી કહ કર જિન મરાસિમકો મુરાદ લિયા જાતા હય ઉનકે મુનકરાત અમ્રે મુનકર હી હંય, મષલન ઈઝાઅતે માલે મુસ્લિમ, અસબાબે તઅય્યુશો તફરીહ (મનોરંજન) વ બયાને મકઝુબાત (જૂઠુ બોલવું) વ અવહામે ફાસિદા (અંધ શ્રધ્ધા) વગેરે ઝાલિક ઔર યે વો મુનકરાત હંય જિનકા મુનકર હોના મનસૂસ હય. નીઝ મસ્જિદ વ ફનાઈ મસ્જિદ કો હર તરહ કે તઅય્યુશો તફરીહ કે આલાતો અશયાસે પાક રખના ઝુરૂરી હય.

**વલ્લાહુ અઅલમુ બિસ્સવાબ :** સૈયદ મુહમ્મદ મુખ્તાર અશરફ

**અલ્ જવાબ સહીહ :** સૈયદ મુઝફ્ફર હુસૈન

નોંધ અહલે સુન્નત વલ જમાઅતના જેટલા ઈદારા છે અને ત્યાંથી ફતાવાના જવાબ આપવામાં આવે છે, **દરેકનો ફત્વો એક જ છે કે તાઝિયાદારી અને એમાં થતી રસમો અને રિવાજો ધર્મથી સંબંધિત નથી, બલ્કે નાજાઈઝ, બિદઅત અને હરામ છે.** પછી જે લોકો કરી રહ્યા છે અને આટલું કહેવા છતાં છોડવા નથી માંગતા તે લોકોએ વિચારવું જોઈએ કે **તેઓ કયા મસ્લકના છે ?!** અને કયા મસ્લક પર રહી નાજાઈઝ કામોને જાઈઝ બનાવી રહ્યા છે ?! કારણ કે **સુન્ની મસ્લકમાં તો તાઝિયાદારી હરામ જ છે** એ પુરવાર થઈ ગયું !

**આલિમોની અને મુફતી હઝરાતની બહુમતી જ નહીં સર્વસંમતિ આ જ વાત પર છે કે આ કામો જાઈઝ નથી, પછી એમને જાઈઝનું કહેનાર કોણ છે ?! આલિમ તો હોય નથી શક્તો, જાહિલ હશે ! તો શું દીન અને ધર્મમાં જાહિલની વાત માન્ય રાખી શકાય છે ?** તો પછી અમારી તરફથી એવા બિદઅતી અને કસમજના લોકોને વિનંતિ કરવામાં આવે છે કે તેઓ મસ્લકે આ'લા હઝરતને પોતાની સમક્ષ રાખી એવા દીન વિરૂધ્ધનાં કામોથી તૌબા કરે, અને પોતાના માહોલને નાજાઈઝ રિવાજોથી જલ્દીથી પાક કરે. જો આ વાતો જાણી લીધા પછી પણ તમારે પોતાના માહોલને પાક નથી કરવો અને તમારે તમારી હઠ પર જ રહેવું છે તો પછી તમે અમને એ બતાવો કે તમારો ધાર્મિક આગેવાન આ વાતોમાં કોણ છે ? અમે તમારો સંબંધ તેની સાથે કરી અમારા મસ્લકે આ'લા હઝરતને નાપાક લોકોથી પાક કરીશું.

અને જે દેવબંદીઓ આ'લા હઝરત رضی اللہ عنہ તથા અન્ય સુન્ની ઉલમા પર બિદઅત તથા શિર્ક ફેલાવવાનો જૂઠો આક્ષેપ કરે છે તેઓની આંખો સત્ય જોવાથી આંધળી ન થઈ ગઈ હોય તો આ'લા હઝરતની તથા અન્ય સુન્ની ઉલમાની કિતાબોનો અભ્યાસ કરે અને સત્યને જોઈ સ્વીકારી લે અને પોતાની ગુમરાહીથી તૌબા કરે.

# ન્યાઝ, સબીલ...વગેરે કરવું જાઈઝ છે

**કાર્યાલય**

હઝરત સઅદ બિન ઓબાદા رضی اللہ عنہથી રિવાયત છે કે તે સરકારે દો આલમ ﷺની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારી માંનો ઈન્તેકાલ થઈ ગયો તો તેના માટે કયો સદકો અફઝલ છે ? હુઝૂર ﷺએ ફર્માવ્યું, પાણી. (બેહતરીન સદકો છે. તો હુઝૂરના ઈર્શાદ મુજબ) હઝરત સઅદે કૂવો ખોદાવ્યો અને (પોતાની માંની પ્રતિ નિસ્બત કરતાં) કહ્યું, આ કૂવો સઅદની માંના માટે છે. (એટલે કે એનો સવાબ એમની રૂહને મળે. *(મિશ્કાત, પેજ–૧૬૯)*

આ હદીષ શરીફથી સ્પષ્ટપણે સાબિત થયું કે હઝરત ઈમામ હુસૈન તથા અન્ય કર્બલાના શહીદો رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને સવાબ પહોંચાડવાના હેતુથી સબીલ લગાડવી અને ખીચડો પકાવવો, પછી એવું કહેવું કે આ ખીચડો અને સબીલ ઈમામ હુસૈન رضی اللہ عنہની છે, એમાં શરીઅતની રૂએ કોઈ ખરાબી નથી. જેમ કે જલીલુલકદર સહાબી હઝરત સઅદ رضی اللہ عنہએ કૂવો ખોદાવ્યા પછી ફર્માવ્યું કે, આ કૂવો સઅદની માંના માટે છે.

અને હઝરત શાહ અબ્દુલઅઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ લખે છે, જે ખાણુ હઝરાત હસ્નૈન કરીમૈનને ન્યાઝ કરે, તેના પર ફાતેહા, કુલ અને દુરૂદ પઢવાથી તે તબર્રુક થઈ જાય છે અને તેને ખાવું ઘણું સારું છે. *(ફતાવા અઝીઝિયા, ૧/૭૮)*

અને ઈર્શાદ ફર્માવે છે : જો માલીદો અને ચાવલોની ખીર કોઈ બુઝુર્ગના ફાતેહાના માટે ઈસાલે સવાબની નિય્યતથી પકાવીને ખવડાવે તો કોઈ વાંધો નથી, જાઈઝ છે. *(ફતાવા અઝીઝિયા, ૧/૫૦)*

પછી થોડીક લીટીઓ બાદ લખે છે, જો ફાતેહા કોઈ બુઝુર્ગના નામે કરવામાં આવ્યા તો માલદારોને પણ એમાંથી ખાવું જાઈઝ છે. *(હવાલો ઉપર મુજબ)*

અલ્બત્ત, તા'ઝીયાને ચઢાવેલુ ખાવા અને મીઠાઈ વગેરે ન ખાવી જોઈએ. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ લખે છે :–

"હઝરત ઈમામ رضی اللہ عنہના નામની ન્યાઝ ખાવી જોઈએ અને તા'ઝીયા પર ચઢાવેલ ખાવા ન ખાવું જોઈએ." પછી બે લીટી બાદ લખે છે, "તાઝીયા પર ચઢાવવાથી હઝરત ઈમામ رضی اللہ عنہની ન્યાઝ નથી થઈ જતી અને જો ન્યાઝ આપીને ચઢાવે અથવા ચઢાવીને પછી ન્યાઝ અપાવે તો તેને ખાવાથી બચવું જોઈએ.

*–(રિસાલા તા'ઝીયાદારી–૫)*

# યઝીદ પલીદની બુરાઈઓ હક્કની રોશનીમાં

(કાર્યાલય)

આજે આપણા પ્યારા ઈમામ હુસૈન رضی اللہ عنہ તથા બદ્‌બખ્ત યઝીદ પલીદના થયેલ ઘર્ષણ અને કર્બલાના બનાવ બાબતે મરદૂદ ઝાકિર નાયક તથા કેટલાક દેવબંદી મોલ્વીઓ પણ બકી નાખે છે કે તે સત્તાની જંગ હતી અને યઝીદ પલીદને અમીરુલ મો'મિનીન કહે છે તથા ઈમામ હુસૈન رضی اللہ عنہને બગાવત કરનાર ચીતરે છે, તેઓ વાસ્તવિક ઈતિહાસને તથા વિશ્વાસુ ઉલમાના હવાલા વાંચે અને પોતાની ગલત માન્યતાથી તૌબા કરે.

## યઝીદની બદ્અમલી કયા પ્રકારની ?

અલ્‌બિદાયા, ભાગ–૮, પેજ–૨૩૫માં અલ્લામા ઈબ્ને કષીર લખે છે કે એ રિવાયત કરવામાં આવી કે, યઝીદની બાબત એ મશહૂર છે કે એ વાજિંત્રો, દારૂ પીવું, ગાયનો સાંભળવા, શિકાર કરવો, યુવાન છોકરાઓ અને ગાવાવાળીઓ અપનાવવી, કૂતરા રાખવા, આખલા, ઘેટાં અને વાંદરાઓમાં મુકાબલો કરાવવો (વગેરેમાં) લાગેલો રહેતો હતો.

وَمَامِنْ يَوْمٍ اِلَّا يُصْبِحُ فِيْهِ مَخْمُوْرًا "કોઈપણ સવાર એવી ન હોતી જેમાં એ નશામાં ન હોય." એ વાંદરાને ઝીનથી શણગારેલ ઘોડા પર બંધાવતો અને દોડાવતો, વાંદરાને સોનાની ટોપી પહેરાવતો અને આમ જ છોકરાઓને એ ઘોડાઓની રેસ પણ કરાવતો. જ્યારે વાંદરો મરી જતો તો એના પર શોક કરતો. (અહલે બયતના યુવાનોને મારી નાખવા પર એને અફસોસ ન થયો પણ વાંદરાને મરી જવાથી એને શોક થતો. અલ્લાહની પનાહ !)

(આ તે કામો છે જેને ૧૪૦૦ વર્ષ પછી આપણે એક સામાન્ય મુસલમાન માટે પણ માન્ય નથી રાખી શક્તા, પણ એ પ્રકારનાં ખરાબ કામો ઉત્તમકાળમાં કહેવાતો મુસલમાનોનો ખલીફો કરી રહ્યો છે. તો પછી એવા વ્યક્તિની સત્તાને મુસલમાન માન્ય રાખી શકે છે ! અને જ્યારે સામાન્ય મુસલમાન માન્ય ન રાખે તો પછી રસૂલે પાક ﷺ ના પુત્ર અને નવાસા ઈમામે હુસૈન رضی اللہ عنہ કેવી રીતે માન્ય રાખે ?! જ્યારે **આવો વ્યક્તિ મુસલમાનોની નમાઝનો ઈમામ નથી બની શક્તો તો પછી એ ધર્મના સંચાલનનો આગેવાન કેવી રીતે બની શકે છે ?!**

અલબિદાયા, ભાગ–૮, પેજ–૨૩૦ માં અલ્લામા ઈબ્ને કષીર લખે છે :–

**وَكَانَ فِيْهِ اَيْضًا اِقْبَالٌ عَلَى الشَّهْوٰتِ وَ تَرْكُ بَعْضِ الصَّلٰوتِ فِىْ بَعْضِ الْاَوْقَاتِ**

"યઝીદમાં વાસનાઓનો ગલ્બો અને અમુક સમયે અમુક નમાઝો છોડી દેવાની વાત હતી."

## યઝીદના પુત્રની ગવાહી

યઝીદના મરણ પછી એના પુત્ર મુઆવિયાને અમીર બનાવવામાં આવ્યો તો તેણે પોતાના ખુત્બામાં પોતાના બાપની બુરાઈ કરી અને ખરાબ કાર્યોથી લોકોને વાકેફ કર્યા. સવાઈકે મુહરેકા, પેજ–૩૩૬ પર છે, અલ્લામા ઈબ્ને હજર મક્કી રિવાયત કરતાં લખે છે :

ثُمَّ قُلِّدَاَبِى الْاَمْرَ وَ كَانَ غَيْرَ اَهْلٍ لَّهٗ "પછી સત્તાનો હાર મારા બાપના ગળામાં નાખવામાં આવ્યો અને એ એના લાયક ન હતો. રસૂલુલ્લાહ ﷺના નવાસા સાથે લડયો, એમની ઉંમર ઓછી કરી નાખી, એમના વંશને નષ્ટ કર્યો, એ પોતાની કબરમાં પોતાના ગુનાહોને લઈને કેદી છે." પછી રડયો અને કહ્યું, "અમારા માટે વધારે કષ્ટદાયક એની બુરી મૌત અને બુરૂં ઠેકાણું જાણવું છે. એણે રસૂલુલ્લાહ ﷺની ઈતરતને કતલ કરી :–

اَبَاحَ الْخَمْرَ وَ ضَرَبَ الْكَعْبَةَ "દારૂ હલાલ કર્યો અને કા'બા તોડી નાખ્યું."

(પુત્રથી વધીને ગવાહી કોની થઈ શકે છે જેણે પોતાના બાપના કારનામાં પબ્લિક સમક્ષ રાખ્યાં અને એના ખિલાફતના લાયક ન હોવું જાહેર કર્યું.)

## અબ્દુલહક્ક મુહદ્દિષે દહેલ્વીનું મંતવ્ય

મુહદ્દિષે દહેલ્વી હઝરત શયખ અબ્દુલહક્ક رحمۃ اللہ علیہ પોતાની કિતાબ તકમીલુલ ઈમાન, પેજ–૨૯૨, પર વર્ણન કરે છે : યઝીદ ઈમામે હુસૈનના હોવા છતાં અમીર કેવી રીતે બની શકે છે ? અને મુસલમાનોની સંમતિ (ઈજમાઅ અને એકમતી) એના પર કેવી રીતે જરૂરી

ઠરી શકે છે ! (યઝીદની) વાત માન્ય રાખવાથી નારાજ હોવાનું એલાન કરી ચૂક્યા હતા, મદીના મુનવ્વરાથી અમુક લોકો એની (યઝીદ) પાસે સિરિયામાં જબરજસ્તી પહોંચાડવામાં આવ્યા ! પરંતુ યઝીદના પસંદ ન આવે એવા અમલો જોઈને મદીના મુનવ્વરા પરત ચાલ્યા આવ્યા અને બયઅત તોડી નાખી, અને એ લોકોએ બધાની વચમાં કહ્યું કે એ (યઝીદ) ખુદાનો દુશ્મન છે, દારૂ પીએ છે, નમાઝ છોડે છે, વ્યભિચારી અને ફાસિક છે, શરઈ કાયદાના આધારે જે સ્ત્રીઓ સગાઈને કારણે હમેશાં માટે હરામ છે તેનાથી ઝિના કરવામાં પણ રોકાતો નથી.

મુહદ્દિષ સાહબના કહેવાનો ભાવાર્થ એ છે કે જે લોકોએ જોયા વિના યઝીદની બયઅત કરી લીધી હતી તેમણે જ્યારે આંખોથી યઝીદના ખરાબ કામો જોયાં તો તેમણે યઝીદને ખુદાનો દુશ્મન કહ્યો, એનાં ખરાબ કામોથી લોકોને વાકેફ કર્યા અને અજાણતામાં જે બયઅત કરી હતી તે તોડી નાખી. એટલે યઝીદની સત્તા પર મુસલમાનોની એકમતી હતી એવું કહેવું તદ્દન ખોટું અને પાયા વિનાની વાત છે.

## આ'લા હઝરતનું મંતવ્ય

ફતાવા રઝવિય્યા, ભાગ–૬, પેજ–૧૦૭, ૧૦૮ માં આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ફર્માવે છે : યઝીદ નાપાક (જેના પર એના લાયક અલ્લાહની પકડ !) નિઃશંક ! યકીનન ! અહલે સુન્નતના ઈજમાઅ (એકમતી)થી ફાસિક, ફાજિર (બદ્અમલ) જરી અલલ કબાઈર (કબીરા ગુનાહને પણ કરવામાં જેનો ડર ન હોય) હતો, આટલા પર અહલે સુન્નતના ઈમામોની એકમતી અને સંમતિ છે. માત્ર એને કાફિર કહેવામાં (એને નામ લઈને) લઅનત કરવામાં વિવાદ કર્યો. ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہ એમના શુભેચ્છકો અને માનવાવાળાઓ એને કાફિર કહેતા, અને ખાસ કરીને એનું નામ લઈને લઅનત કરતા, અને આયતે કરીમા એના પર પુરાવા તરીકે લાવે છે :–

فَهَلْ عَسَيْتُمْ اِنْ تَوَلَّيْتُمْ اَنْ تُفْسِدُوْا فِی الْاَرْضِ وَتُقَطِّعُوْا اَرْحَامَكُمْ اُولٰٓئِكَ الَّذِيْنَ لَعَنَهُمُ اللّٰهُ فَاَصَمَّهُمْ وَ اَعْمٰی اَبْصَارَهُمْ

"શું નજીક છે કે દેશના આગેવાન બનો તો જમીનમાં ફસાદ ફેલાવો અને પોતાની સગાઈનો સંબંધ તોડી નાખો. આ છે તે લોકો જમનાં પર અલ્લાહએ લઅનત ફર્માવી તો એમને બહેરા અને આંધળા કરી આપ્યા." શંકા નથી કે યઝીદે દેશનો વાલી બનીને જમીનમાં ફસાદ ફેલાવ્યો, હરમૈન તય્યબૈન (મક્કા અને મદીના) અને પોતે કા'બા મુઅઝ્ઝમા અને રૌઝએ તય્યબાની ઘણી જ બેઈજ્જત કરી (જેનો અમે અલગથી ઉલ્લેખ કરીશું) મસ્જિદે કરીમામાં ઘોડા બાંધ્યા, એમની લીંદ અને પેશાબ મિમ્બરે અતહર પર પડયું, ત્રણ દિવસ મસ્જિદે નબી ﷺ અઝાન અને નમાઝ વિના રહી. મક્કા, મદીના અને હિજાઝમાં હજારો સહાબા અને તાબઈન નિર્દોષ શહીદ કર્યા, કા'બા મુઅઝ્ઝમા પર પથ્થર ફેંક્યા, ગિલાફ શરીફ ફાડયો અને સળગાવ્યો, મદીના તય્યૈબાની પાકદામન નેક સ્ત્રીઓને ત્રણ દિવસ સુધી પોતાના ખબીષ સૈન્ય માટે હલાલ કરી આપી. રસૂલુલ્લાહ ﷺ ના કલેજાના ટુકડાને ત્રણ દિવસ ખાધા પીધા વગર રાખી સાથે રહેવાવાળાઓ સહિત જુલ્મની તલ્વારથી કતલ કર્યા, મુસ્તફા ﷺ ના ખોળામાં પોષણ થયેલ લાડમાં રહેલ બદન પર શહાદત પછી ઘોડા દોડાવવામાં આવ્યા કે સઘળાં હાડકાં મુબારક તૂટી ગયાં. પ્રકાશિત માથુ જે મુહમ્મદ ﷺ ના ચૂમવાની જગા હતું તેને કાપીને ભાલા પર ચઢાવ્યું, અને જગા જગા ફેરવ્યું, હરમે મુહતરમ, પર્દામાં રહેનારીઓ, રિસાલતની મુશ્કથી મહેકતી પાકીઝા સન્નારીઓને બંદી બનાવવામાં આવી અને બેઈજ્જતીની સાથે એ ખબ્બીસના દરબારમાં લાવવામાં આવી. એનાથી વધીને સગાઈ તોડવી અને જમીનમાં ફસાદ શું હશે ! મલઊન છે ! (અલ્લાહની રહમતથી દૂર !) એ જે આ મલઊન હરમતોને ફિસ્કો ફોજૂર ન સમજે. કુર્આને અઝીમમાં સ્પષ્ટ શબ્દોમાં એના પર લઅનહુમુલ્લાહ ફર્માવ્યું. એટલે ઈમામે અહમદ અને એમના શુભેચ્છકો એના પર લઅનત કરે છે. અને અમારા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ એ લઅનત અને કાફિર કહેવાથી ઉત્તમતા પર અમલ કરવા ચૂપ રહેવું કે એનાથી ફિસ્કો ફોજૂર (બદ્ અમલી) મુતવાતિર (એટલે રિવાયત કરનારથી સાબિત છે જેમનું જૂઠ પર સંમત થવું આદતના આધારે અશક્ય છે) છે કુફ્ર મુતવાતિર નથી. (કુફ્રનો પુરાવો રિવાયતના

આધારે એટલો સશક્ત નથી) શંકાસ્પદ હોવાથી કબીરા ગુનાહનો સંબંધ જોડવો જાઈઝ નથી, ન કે તકફીર, અને વઈદો (કુર્આન અને હદીષની ધમકીઓ) મશરૂત બેઅદમે તૌબા છે. (એટલે તૌબા ન કરે તો એ પ્રમાણે અઝાબ થાય, સાચી તૌબા કરી લે તો માફ થઈ જાય છે.) અલ્લાહ તઆલાના ફર્માનને લઈને فَسَوۡفَ يَلۡقَوۡنَ غَيًّاۙ اِلَّا مَنۡ تَابَ (નિકટમાં તેઓ ગયની ખાડીમાં જશે પણ જેમણે તૌબા કરી. એટલે કે તૌબા કરનાર પરથી ધમકીનો હુકમ ઉઠી જાય છે.) તૌબા સકરાત સુધી માન્ય છે અને એના ન હોવા પર યકીન નથી, અને આ જ સેફ અને સલામતીનો માર્ગ છે. પરંતુ એના ફિસ્કો ફોજૂર (બદ્અમલી)નો અસ્વીકાર કરવો અને મઝલૂમ ઈમામ પર આક્ષેપ રાખવો મઝહબે અહલે સુન્નતની જરૂરી વાતોનો વિરોધ છે. ગુમરાહી તથા કુમાર્ગી હોવું સ્પષ્ટ છે. બલ્કે ન્યાયની વાત એ છે કે એ દિલથી આ પ્રમાણે વિચારી નથી શકાતું જેમાં રસૂલુલ્લાહ ﷺની મહબ્બતનો છાંટો હોય કે જેવું યઝીદે કર્યું.

وَسَيَعۡلَمُ الَّذِيۡنَ ظَلَمُوۡۤا اَىَّ مُنۡقَلَبٍ يَّنۡقَلِبُوۡنَ "જાલિમ લોકો નિકટમાં જ જાણી લેશે કે કેવો પલ્ટો ખાશે."

ફતાવા રઝવિય્યા, ભાગ–૬, પેજ–૧૧૪ માં આ'લા હઝરત ફર્માવે છે : યઝીદ નિઃશંક ! નાપાક હતો, એને નાપાક કહેવું અને લખવું જાઈઝ છે, અને એને રહ્મતુલ્લાહિ તઆલા અલૈહિ નાસેબી જે અહલે બયતનો દુશ્મન છે તે જ કહેશે. (એટલે કે કોઈ સુન્ની આ પ્રમાણેની વાત કરી શક્તો નથી.)

(આ'લા હઝરતના લખાણથી પણ સ્પષ્ટ થયું કે યઝીદ ખરાબ માણસ હતો, ખિલાફતના લાયક ન હતો. એની સત્તા જુલ્મ પર આધારિત હતી. એનું સૌથી અધિક ખરાબ કૃત્ય અહલે બયતને જુલ્મથી સત્તા માટે શહીદ કરવું છે.)

## હઝરત મુલ્લા અલી કારીનું મંતવ્ય

હઝરત મુલ્લા અલી કારી શરહે ફિકહે અકબર, પેજ–૮૭ ફર્માવે છે : અમુક જાહિલ જે કહે છે કે ઈમામ હુસૈને યઝીદ સાથે બગાવત (દગાબાજી) કરી, તો આ અહલે સુન્નત વલ જમાઅતના નજીક ખોટુ છે, અને આ પ્રમાણેની બોલી ખારજીઓના બકવાસમાંથી છે જેઓ અહલે સુન્નત વલ જમાઅતથી બહારના છે.

(એટલે કે હઝરત ઈમામે પાક એની ખિલાફતનો વિરોધ ઉઠાવવામાં સત્ય માર્ગે હતા અને યઝીદ એમાં ખોટો હતો. ખરાબ વ્યક્તિ જેની ખરાબીઓથી દીનના ખરાબ થવાનો ભય લાગે તેવાને સત્તા પરથી હટાવવો જ જોઈએ. એટલે ઈમામે પાકે આ કામ કર્યું અને આપ હક્કને બચાવવા શહીદ થયા છે.)

## અલ્લામા તફતાઝાનીનું મંતવ્ય

અલ્લામા સઅ્દુદ્દીન તફતાઝાની رحمۃ اللہ علیہ શરહે અકાઈદે નસફી, પેજ–૧૧૭ પર ફર્માવે છે કે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ના કતલ, અને અહલે બયતે નબુવ્વતની તૌહીન અને બેઈજ્જતી પર યઝીદની રેઝા અને ખુશી તવાતુરથી સાબિત છે. એટલે અમે એની જાત બાબતે રોકાશું નહીં. (એને ખરાબ કહીને જ રહીશું) પણ એના ઈમાન બાબત રોકાશું. (એટલે એને કાફિર તથા મુસ્લિમ કંઈ કહીશું નહીં એની બાબત આ વાતમાં ચૂપ રહીશું.)

## વીસ કોરડાનો ફ઼ાયદો

તારીખુલ ખુલફા, ભાગ–૨ માં છે : નવફલ બિન અબુલ ફુરાત કહે છે કે હું એક દિવસ ઉમવી ખલીફા હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہما પાસે બેઠેલો હતો. એટલામાં યઝીદની વાત આવી, તો એક વ્યક્તિએ યઝીદને અમીરુલ મુ'મિનીન યઝીદ બિન મુઆવિયા કહ્યું. હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ એ એ વ્યક્તિને કહ્યું કે તું એને અમીરુલ મુ'મિનીન કહે છે ! પછી આપે હુકમ આપ્યો કે યઝીદને અમીરુલ મુ'મિનીન કહેવાવાળા આ વ્યક્તિને વીસ કોરડા ફટકારવામાં આવે.

એટલે કે આટલા ખરાબ બદ્અમલ, જાલિમ યઝીદને મુસલમાનોનો અમીર કહેવું ખરાબ વાત છે. ઈમાનવાળા વ્યક્તિના મોઢા પર એવા અપ શબ્દો આવવા ન જોઈએ. કોઈ હિંમત ન કરે એટલે આપે કહેનારને વીસ કોરડા મારવાનો હુકમ આપ્યો. નિકટના જમાનાના લોકોને વધારે ખબર હતી કે સારો કોણ અને ખરાબ કોણ ? નિઃશંક ! હઝરત ઈમામે પાક رضی اللہ عنہ હક્ક઼ પર હતા અને યઝીદ ફાસિક હતો.) –*(હવાલો : તોહફાએ નજાત, ભાગ–૧૧, અઝ : મૌલાના યૂનુસ મિસ્બાહી*

(ઉર્સ : ૧૭ મુહર્રમ)

## હુઝૂર મુફતીએ આ'ઝમની કેટલીક યાદો કેટલીક વાતો.....

# રઝાએ મુસ્તફાનું બીજું નામ મુસ્તફા રઝા !

અઝ : હઝરત મુફતી અબ્દુલ હલીમ અશરફી નાગપૂરી

**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

ઈ.સ. ૧૯૫૨થી ૧૯૬૦ સુધી લગભગ આઠ વર્ષનો જીવનકાળ બરેલી શરીફમાં પસાર થયો. છ વર્ષ તા'લીમ પ્રાપ્ત કરવામાં અને બે વર્ષ તા'લીમ આપવામાં. તાલિબે ઈલ્મીના સમયમાં ચાલીસ મિનિટનો ગાળો જે ખાલી રહતો હતો, જો સૈયદી સરકાર મુફતીએ આ'ઝમ બરેલી શરીફમાં જલ્વા ફર્મા હોય તો તે સમયને કિતાબોની તકરારમાં નહીં પરંતુ સરકાર મુફતીએ આ'ઝમની બારગાહમાં પસાર કરતો. આ રીતે તાલિબે ઈલ્મીના અરસામાં જ મને (મૂળ લેખકને) સરકાર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ થી નિકટતા પ્રાપ્ત થઈ ગઈ હતી. ફારિગ થયા પછી ક્યારેક ક્યારેક ખિદમતનું સદ્ભાગ્ય પણ મળતું રહ્યું. મેં હુઝૂર મુફતીએ આ'ઝમની સવાર જોઈ, સાંજ જોઈ, રાત જોઈ, દિવસ જોયો, તેમનો સફર જોયો, મકામ જોયો, ખલ્વત (એકલતા) જોઈ, જલ્વત (લોકોના સમૂહમાં) જોઈ, તેમને અલગ અલગ રીતે જોયા અને ઘણી ઊંડાઈથી તેમના જીવનનો અભ્યાસ કરતો રહ્યો પરંતુ **ખુદા ગવાહ છે કે ક્યારે પણ તેમનો કોઈ કદમ સુન્નત વિરુદ્ધ ઉઠતો ન દેખાયો.** માનવીની ફિતરત છે કે જ્યારે કોઈ મહાન વ્યક્તિથી પ્રભાવિત થાય છે તો તેનો અકીદતમંદ બની જાય છે, જ્યાં સુધી તે દૂર રહે છે તેની અકીદત સલામત રહે છે અને જેટલો નજીક થાય છે તેમ તેની માનવીય કમજોરીઓ જાહેર થવા માંડે છે જેના પરિણામે અકીદત તથા શ્રદ્ધામાં કમી પેદા થઈ જાય છે. પરંતુ કસમ છે તે જાતની જેના કબ્ઝએ કુદરતમાં મારી જાન છે ! હિંદુસ્તાનમાં બે હસ્તીઓ મને એવી જોવા મળી કે હું તેમનાથી જેટલો નજીક થયો, મારી અકીદત તથા શ્રદ્ધામાં વધારો થતો ગયો. તેમાં એક જાત સરકાર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની છે અને બીજી જાત હુઝૂર મુજાહિદે મિલ્લત رحمۃ اللہ علیہની છે.

ઈતિહાસ સાક્ષી છે કે આ ધરતી ઉપર ન જાણે કેવી કેવી હસ્તીઓ આવી ગઈ, તેમાંથી અમુક તો તે છે જેમનું નામો નિશાન સુદ્ધાં બાકી ન રહ્યું અને કેટલીક હસ્તીઓ તે છે જેમને દુનિયાથી જવાને કેટલાયે દાયકાઓ વીતી ગયા પરંતુ તેમનું નામ કાલે પણ રોશન હતું અને આજે પણ રોશન છે.

એવા જ પવિત્ર વ્યક્તિત્વવાળી હસ્તીઓમાં તાજદારે અહલે સુન્નત શાહઝાદએ આ'લા હઝરત હુઝૂર સૈયદી સરકારે મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની ઝાતે ગિરામી છે. આપને માથાની આંખોથી જોવાવાળા સદ્ભાગીઓનું સચોટ મંતવ્ય અને સ્વીકાર છે કે ઈબાદત તથા રિયાઝત, ઝોહદ તથા તકવા, હક્કગોઈ, ઈલ્મો ફઝ્લ અને અખ્લાક તથા કિરદારમાં સરકાર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ પોતાના સમકાલિન લોકોમાં અજોડ હતા. આપના તકવા અને પરહેઝગારીને જોઈ અબ્દુર્રહીમ રાયપૂરી જેવા સખત ચુસ્ત તબ્લીગીને કહેવું પડયું કે, ''મુફતીએ આ'ઝમ જેવો મુત્તકી પરહેઝગાર મેં અન્ય કોઈ જોયો નથી.'' આજે મુફતીએ આ'ઝમ આપણા દરમ્યાન નથી પરંતુ આપની યાદો આપની વાતો આજે પણ આપણા માટે દીવાદાંડી છે.

આપના જીવન દૃષ્ટાંત પર વિવિધ દળદાર કિતાબો પ્રકાશિત થઈ ચૂકી છે જેમના અભ્યાસથી આપણે પોતાના દિલ અને રૂહમાં તાજગી ભરી શકીએ છીએ. અત્રે આપના પવિત્ર જીવનના અમુક પાસાંઓ લખવામાં આવે છે જે આપના તકવા અને પરહેઝગારી તથા હક્કગોઈની રોશન દલીલ છે.

અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہનું બયાન છે, એકવાર ફજરની નમાઝ માટે સરકાર મુફતીએ

આ'ઝમ رحمۃ اللہ علیہ રઝા મસ્જિદ (બરેલી શરીફ)માં તશરીફ લાવ્યા, નમાઝ પછી જોયું કે ઝડપથી ગલીઓની સફાઈ થઈ રહી છે અને પોલીસવાળાઓ ઊભા છે. આપે ઘણી જ સાદાઈથી ફર્માવ્યું, આ શું છે ? કોઈકે કહ્યું, હુઝૂર ! રાષ્ટ્રપતિ ફખ્રુદ્દીન અલી અહમદ આપની મુલાકાતે આવી રહ્યા છે એટલા જ માટે સફાઈકાર્ય થઈ રહ્યું છે. આપ કાંઈ ન બોલ્યા, ઘરે તશરીફ લાવી એક પ્યાલી ચાય પીધી, રીક્ષા મંગાવી ઘર છોડી જૂના શહેર ચાલ્યા ગયા. જ્યારે રાષ્ટ્રપતિને આની જાણ થઈ કે આપ ઘર છોડી બહાર ચાલ્યા ગયા છે અને મળવા નથી ઈચ્છતા તો સમજી ગયા કે અલ્લાહવાળાઓની ઓળખ આ જ છે કે તેઓ બાદશાહોની સંગત પસંદ નથી કરતા, માટે તેમણે એ દિવસનો કાર્યક્રમ મુલ્તવી રાખી બીજે દિવસે કોઈને જાણ કર્યા વિના સરકાર મુફતીએ આ'ઝમની બારગાહમાં હાજર થઈ ગયા. આપ લખવામાં વ્યસ્ત હતા અને ઘણા લોકો ત્યાં હાજર હતા. અમુક લોકો રાષ્ટ્રપતિને ઓળખીને ઊભા થવા માંડયા. રાષ્ટ્રપતિએ તેમને ઈશારાથી રોકી દીધા અને પોતે ઊભા રહ્યા. જ્યારે સરકાર મુફતીએ આ'ઝમ ફારિગ થયા તો રાષ્ટ્રપતિએ ઘણા જ અદબ સાથે સલામ કરી મુસાફા માટે હાથ આગળ કર્યા તો આપે પૂછયું, આપ ક્યાંથી પધાર્યા છો ? તેમણે કહ્યું, હું ફખ્રુદ્દીન અલી અહમદ છું ! આપની મુલાકાત માટે આવ્યો છું. આપ કાંઈ ન બોલ્યા, થોડીવાર પછી બેસવાનો ઈશારો કર્યો. તેઓ સામાન્ય લોકો સાથે બેસી આપને નિહારતા રહ્યા. આપ પોતાના કામમાં વ્યસ્ત રહ્યા. થોડીવાર પછી ઊભા થઈ ઈજાઝત માંગી અને મુસાફા માટે હાથ લંબાવ્યો. મુસાફો કરતી વેળા રાષ્ટ્રપતિએ અર્ઝ કરી, હુઝૂર ! કાંઈ નસીહત ફર્માવો ! આપે હાથ પકડી રૂઆબથી ફર્માવ્યું, નસબંદીના નામ પર આજે હજારોનું ખૂન થઈ રહ્યું છે તો કયામતના દિવસે અલ્લાહ તઆલા તમારાથી એનો હિસાબ લેશે એના માટે તૈયાર રહેજો ! એ બાબતે થોડી નસીહતો ફર્માવતા રહ્યા અને ફખ્રુદ્દીન અલી અહમદની આંખોથી અશ્રુ તપકતાં રહ્યાં અને તેઓ આંસૂ લુછતા લુછતા બહાર નીકળ્યા. આ છે સરકાર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની હક્કગોઈ, જેમને કોઈનો મોટો હોદ્દો પ્રભાવિત ન કરી શક્યો અને આપે ગવર્નમેન્ટના આટલા મોટા હોદ્દાધારીને પણ તેની ભૂલો પર ચેતવણી આપીને ઉલ્માએ હક્કની રિવાયત જારી રાખી.

એકવાર બરેલી શરીફના મહોલ્લા ઝખીરામાં જલ્સો થઈ રહ્યો હતો, સરકાર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ રોનક અફરોઝ હતા. એક શૈખુલ હદીષ સાહબે બયાન કરતાં કહ્યું કે હઝરત જિબ્રઈલ علیہ السلامએ કહ્યું, ک (કાફ) નબીએ કરીમ ﷺ એ ફર્માવ્યું, فَهِمْتُ(હું સમજી ગયો), જિબ્રઈલ علیہ السلامએ કહ્યું, ہ (હા) આપ ﷺએ ફર્માવ્યું, فَهِمْتُ (મેં સમજી લીધું), જિબ્રઈલે કહ્યું, ی (યા), આપ ﷺએ ફર્માવ્યું, فَهِمْتُ (મેં સમજી લીધું), જિબ્રઈલે કહ્યું, ع (ઐન) આપે એ જ પ્રમાણે ફર્માવ્યું, ص (સુવાદ) આપે એ જ રીતે ફર્માવ્યું, જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આ મહબૂબ અને મુહિબ્બની વાત છે ! મુહિબ્બ (અલ્લાહ તઆલા)એ વહી મોકલી અને મહબૂબ (સરકાર ﷺ) સમજી ગયા ! "હું તો ખાક પણ ન સમજ્યો !" એમનો અંદાઝ એ રીતનો હતો કે લોકોને રસ પડે જેથી આ વાક્ય પર લોકોએ ના'રા પોકાર્યા. સરકાર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہએ મૌલાનાને રોકીને ફર્માવ્યું, મૌલાના ! રિવાયતમાં એ તો છે કે જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, હુઝૂર મને સમજ ન પડી, પરંતુ આપે બયાન કર્યું કે "હું ખાક ન સમજ્યો" આમાં હઝરત જિબ્રઈલ علیہ السلامની તૌહીન છે ! હું તૌબા કરું છું, પછી હાજરજનોને સંબોધીને ફર્માવ્યું કે આપ સૌ તૌબા કરો અને મૌલાનાને પણ તૌબા કરવા કહ્યું તો સૌએ આપના હુકમ પર તૌબા કરી.

ઈ.સ. ૧૯૭૪માં પહેલીવાર હરમૈન શરીફૈનની હાજરી થઈ. જ્યારે મસ્જિદે નબવી શરીફના દ્વાર બંધ થતાં કુત્બે મદીના ઝિયાઉદ્દીન મુહાજિર મદની رحمۃ اللہ علیہના ઘરનાં દ્વાર ખુલતાં અને રોજ મહફિલે મીલાદ સજતી. એક રાત્રીનો પ્રોગ્રામ ટેપ કરી લેવામાં આવ્યો. પહેલીવાર "હકીકત મેં લુત્ફે જિંદગી પાયા નહીં કરતે" નઅત શરીફ સાંભળવામાં આવી.

એ જ વરસે સરકાર મુફતીએ આ'ઝમ નાગપૂર તશરીફ લાવ્યા. હાજી અલી મુહમ્મદે સરકારે મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની સામે ટેપ ચાલુ કરી દીધી. નઅત સાંભળી આપની આંખોથી અશ્રુ વહેવાં લાગ્યાં. એ જ દિવસે જબલપૂર ઉર્સે સલામીમાં જવાનું હતું. હાજી અલી મુહમ્મદને સાથે ટેપ રોકર્ડર લઈ ચાલવાનું કહ્યું, રસ્તામાં આપે કેટલીયવાર આ નઅત શરીફ સાંભળી. જબલપૂર પહોંચી હઝરત મહમૂદમિયાંને ફર્માવ્યું કે આ નઅત શરીફ માટે થોડોક સમય રાખજો. તેમણે આ નઅત શરીફ માટે એ સમય નક્કી કર્યો જ્યારે ઉલ્મા અને મશાઈખ સ્ટેજ પર બિરાજમાન હતા. સરકાર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ પણ તશરીફર્મા હતા. ઉલ્માની બેઠક થોડેક ઉપર હતી અને માઈક થોડુ નીચે રાખવામાં આવ્યું હતું જેથી ટેપરોકર્ડર જેમાં નઅત શરીફ વાગતી હતી તે બેઠકથી નીચે હતું. સર્વ હાજરજનોએ પોતાની આંખોથી જોયું કે સરકાર મુફતીએ આ'ઝમ સ્ટેજ પરથી નીચે ઉતરી પડયા. મને કારણ સમજાઈ ગયું જેથી મેં ટેપ રેકોર્ડર હાથમાં લઈ ઉપર કરી લીધું ત્યારે સરકાર મુફતીએ આ'ઝમ ઉપર તશરીફ લાવ્યા.

વિચારો તો ! જ્યારે સરકાર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہના દિલમાં નઅતે મુસ્તફા صلی اللہ علیہ وسلم નો આટલો અદબો એહતેરામ છે તો જાતે મુસ્તફા صلی اللہ علیہ وسلمનો કેટલો એહતેરામ હશે ? એટલે જ તો કહેવામાં આવે છે કે જે રઝાએ મુસ્તફા હોય છે એ જ મુસ્તફા રઝા હોય છે અને બીજા શબ્દોમાં રઝાએ મુસ્તફાનું બીજુ નામ મુસ્તફા રઝા છે. સુબ્હાનલ્લાહ !

એક પ્રોગ્રામમાં હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની મૌજૂદગીમાં હું તક્રીર કરી રહ્યો હતો, મેં મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ સિરાતે મુસ્તકીમની રદ કરી તેમાં કહ્યું કે, "તમે કહો છો કે નમાઝમાં હુઝૂર صلی اللہ علیہ وسلمની યાદથી નમાઝ તૂટી જાય છે અને બળદ તથા ગધેડાંની યાદથી નમાઝ થઈ જાય છે ! બતાવો ! શું આ મહોબ્બતની બોલી છે ?! કયા મોઢે તમે પોતાને સરકાર صلی اللہ علیہ وسلمના ઉમ્મતી કહો છો?!" તક્રીર પછી હુઝૂરે મને ઈશારાથી પોતાની પાસે બોલાવ્યો અને ફર્માવ્યું, "તેણે એવું ક્યાં લખ્યું છે કે હુઝૂરની યાદથી નમાઝ તૂટી જાય છે ?! તેણે તો લખ્યું છે કે, નમાઝમાં રસૂલનો ખ્યાલ લાવવો બળદ તથા ગધેડાંની યાદથી અધિક બુરુ છે !" મેં અદબ સાથે અર્ઝ કરી, હુઝૂર શું હુકમ છે ?! ફર્માવ્યું, "ભાવિમાં ખ્યાલ રાખશો, દુશ્મનની તરફ પણ તે વાત સંબંધિત ન કરવી જોઈએ જે એણે કહી નથી." વાંચકો ન્યાય કરો કે જે હસ્તી આટલી વાત પણ સહન ન કરી શકે તે જાત વિના દલીલે કોઈને કાફિર કેવી રીતે કહી શકે છે ?!

દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ બરેલી શરીફમાં જ્યારે તલ્બાના રહેવા માટે વ્યવસ્થા ન હતી અને તલ્બા દરગાહ શરીફના ઉપલા ભાગમાં રહેતા હતા. એક દિવસ એક તાલિબે ઈલ્મ મૌલાના સિરાજ અહમદ પોખરેરવી શહીદ નઅત પઢી રહ્યા હતા. આપ રઝા મસ્જિદમાં નમાઝ માટે તશરીફ લાવ્યા. કોઈએ આપને કહ્યું, બાળકો મઝાર શરીફ પર ગાયનો ગાય છે ! આપે કોઈને ફર્માવ્યું કે બાળકોને કહો કે મઝાર શરીફ પર ગાયનો ન ગાય. જ્યારે બાળકો સુધી આપનો પયગામ પહોંચ્યો તો મૌલાના સિરાજે કહ્યું કે અમે તો આ'લા હઝરતની નઅત પઢી રહ્યા હતા. આની જાણ આપને કરવામાં આવી તો આ સાંભળતાંની સાથે જ આપે લખતાં લખતાં હાથ રોકી લીધો અને ફર્માવ્યું કે મૌલાના સિરાજને બોલાવી લાવો ! હું પોતે તેમની પાસે જાત પરંતુ હું વ્યસ્ત છું. હુકમ મળતાં મૌલાના ખિદમતમાં હાજર થયા, સલામ અને દસ્તબોસી કરી તાજદારે અહલે સુન્નત رحمۃ اللہ علیہએ તેમનો હાથ પકડી રાખ્યો અને ફર્માવ્યું, મારાથી ભૂલ થઈ ગઈ ! મેં નઅતે પાકને ગાયન કહી દીધું ! હું તૌબા કરું છું અને આપનાથી ક્ષમા ચાહું છું. આ સાંભળી મૌલાના સિરાજ ધ્રુજી ઉઠયા, આપના પગોમાં પડી ગયા. પરંતુ પરહેઝગારી તો જુઓ કે જ્યાં સુધી મૌલાના સિરાજના મોઢેથી માફીના શબ્દો ન સાંભળ્યા તેમને જવા ન દીધા.

વિચારો ! આમાં સરકાર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની શી ભૂલ ?! જાણ કરવાવાળાએ જ ખોટી ખબર આપી હતી તો પણ માફી માંગી રહ્યા છે. આ તક્વો અને પરહેઝગારી નથી તો શું છે ?!

# કા'બા શરીફનું ગુસ્લ

## ઈતિહાસની રોશનીમાં

મૂળ લેખક
શફીક અહમદ ફારૂકી-મદીના મુનવ્વરા
અનુવાદક
મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી
(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)

તારીખોમાં સામાન્ય ફેરબદલ સાથે દર વરસે બે વાર ખાનાએ કા'બાને ગુસ્લ આપવામાં આવે છે. આ ભવ્ય પ્રસંગમાં સઊદી હુકૂમતના અગ્રણીઓ સિવાય ઈસ્લામી દેશોના સફીરો તથા આગેવાનો ઉપસ્થિત રહે છે. સામાન્યજનોને માત્ર એટલા માટે પ્રવેશ નથી મળતો કે વ્યવસ્થા તૂટી જાય છે અને ભીડ પર અંકુશમાં સખત મુશ્કેલીઓ ઉભી થાય છે. અલ્બત્ત કા'બા શરીફને ગુસ્લ આપ્યા પછી તેનું ધોવાણ સામાન્ય લોકો સુધી હાથો હાથ પહોંચે છે જે ઝાઈરીનના હસ્તે વિશ્વભરના મુસલમાનો સુધી તબર્રુકરૂપે પહોંચી જાય છે.

આ તબર્રુકની અસલ બૈતુલ્લાહ શરીફની પવિત્રતા છે. બ્રહ્માંડમાં સૌ પ્રથમ પાણી સર્જન પામ્યું. પાણીની લહેરો ચારે તરફથી આવી એક ખાસ સ્થળ ટકરાતી એનાથી ઉત્પન્ન થતું ફીણ ધીરે ધીરે જામીને માટી બનવા લાગ્યું. પાણીની સપાટી પર સૌ પ્રથમ જ્યાં માટી બની એ જ ખાનએ કા'બાની જગા હતી (જ્યાં આજે કા'બા શરીફ છે). આ જગા દુનિયાના એકદમ મધ્યમાં છે. પછી એ જ માટી ફેલાઈ અને મક્કા શરીફની પવિત્ર ધરતીનો ઉદ્‌ભવ થયો. ધીરે ધીરે એ જ જમીન પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણમાં વિકસિત થતી ગઈ એટલે જ મક્કા શરીફને 'ઉમ્મુલ કુર્રા' કહેવામાં આવે છે અને દુનિયાના મધ્યમાં હોવાના કારણે એને દુનિયાનું કેન્દ્ર કહેવામાં આવે છે.

આ બધું અલ્લાહ તઆલાની હિક્મતથી થયું હતું કારણ કે એ જ જમીન બૈતુલ્લાહ શરીફથી મુશર્રફ થવાની હતી. જેમ કે આપણી આ ધરતી પર અલ્લાહ તઆલાની ઈબાદત અને તવાફ માટે બનેલું સૌ પ્રથમ ઘર એ જ પવિત્ર ખાનએ કા'બા છે જે મક્કા મુકર્રમામાં મસ્જિદે હ઼રામની અંદર સહનની વચમાં છે.

### કા'બાના બાંધકામનો ઈતિહાસ

હઝરત આદમ علیہ السلام જમીન પર ઉતર્યા તે પહેલાં જમીન પર ફરિશ્તાઓનો વસવાટ હતો અને અલ્લાહ તઆલાના હુકમથી સૌ પ્રથમ બૈતુલ્લાહ શરીફના બાંધકામનો શર્ફ તેમને જ મળ્યો. કા'બા શરીફની બુન્યાદમાં જે પથ્થરોનો ઉપયોગ તેમણે કર્યો તે જ઼બલે હિ઼રા (મક્કા મુકર્રમા), તૂરે ઝીના, તૂરે તીનાઅ (બૈતુલ મુક઼દ્દસ), તૂરે સીના (મિસ્ર), જ઼બલે અવલિયા (શામ) અને 'જૂદી' પહાડથી લાવવામાં આવ્યા હતા. આ પથ્થર એટલા વજની હતા કે ત્રીસ ત્રીસ માણસો મળીને પણ મુશ્કેલીથી ઉઠાવી શકતા. *(તફસીરે ઈબ્ને કસીર, અઝરકી, તાહિરુલ કુર્દી)*

એ પથ્થરોને એવી રીતે બેસાડવામાં આવ્યા છે કે જેમ ઊંટો પોતાની ગરદન બીજા ઊંટો સાથે ફસાવી લે છે એમ એ પથ્થરો એકબીજાની સાથે મળેલા છે. એક પથ્થરને હલાવવામાં આવે તો ન કેવળ તે હાલે બલ્કે પૂરો પાયો હલી જાય છે બલ્કે ધરતીની સપાટી પર ભૂકંપ ઉત્પન્ન થાય છે. *(અખ્બારે મક્કા)*

ફરિશ્તાઓની બતાવેલી એ જ બુનિયાદ પર હઝરત આદમ علیہ السلامએ બીજીવાર અને માનવોમાં સૌ પ્રથમ કા'બા શરીફનું બાંધકામ કર્યું. પછી શીશ علیہ السلامએ સુધારો વધારો કર્યો અને તૂફાને નૂહ઼ પછી જ્યારે ખાનએ કા'બા માત્ર એક ટેકરી જેમ દેખાતો હતો ત્યારે હઝરત ઈબ્રાહીમ علیہ السلام અને હઝરત ઈસ્માઈલ علیہ السلامએ જૂના પાયા પર જ નવેસરથી નિર્માણ કર્યું અને હજરે અસ્વદને તેના સ્થાને રાખ્યો. *(અઝરકી ફી અખ્બારે મક્કા)*

ઈબ્રાહીમી બાંધકામ સંપૂર્ણ થઈ ગયું તો અલ્લાહ તઆલાનો હુકમ થયો જેનું વર્ણન કુર્આનમાં આ રીતે

થયું છે :–

وَعَهِدۡنَا اِلَىٰ اِبۡرَاهِيۡمَ وَاِسۡمٰعِيۡلَ اَنۡ طَهِّرَ بَيۡتِىَ لِلطَّآئِفِيۡنَ وَالۡعٰكِفِيۡنَ وَالرُّكَّعِ السُّجُوۡدِ۔

"અને અમે ઈબ્રાહીમ તથા ઈસ્માઈલ તરફ આ આદેશ મોકલ્યો કે મારા આ ઘરને તવાફ તેમજ એ'તેકાફ તથા રુકૂઅ અને સજદા કરનારાઓ માટે ખૂબ પાક તથા સાફ રાખો." *(સૂ. બકરહ)*

એકબીજા ઠેકાણે પણ આ હુકમને ફરીવાર ઈર્શાદ ફર્માવવામાં આવ્યો છે :–

وَاِذۡ بَوَّاۡنَا لِاِبۡرَاهِيۡمَ مَكَانَ الۡبَيۡتِ اَنۡ لَّا تُشۡرِكۡ بِىۡ شَيۡـًٔا وَّ طَهِّرۡ بَيۡتِىَ لِلطَّآئِفِيۡنَ وَالۡقَآئِمِيۡنَ وَالرُّكَّعِ السُّجُوۡدِ۔

"અને યાદ કરો ! એ સમયને જ્યારે કે અમે ઈબ્રાહીમ માટે આ ઘરની જગ્યા નક્કી કરી અને આદેશ આપ્યો કે મારી સાથે કોઈને શરીક ન ઠરાવજે અને તવાફ કરનારાઓ તેમજ કયામ કરનારાઓ તથા રુકૂઅ કરનારાઓ અને સજદા કરનારાઓ માટે મારા ઘરને ખૂબ પાક સાફ રાખજે." *(સૂ. હજ્જ)*

વારંવાર પાક સાફ રાખવાનો આદેશ એ પાકી તથા સફાઈના તમામ ભાવાર્થો તથા ઉદ્દેશોને સામેલ છે. જેમ કે હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا ફર્માવે છે કે પવિત્ર કા'બાને સુગંધો (ખૂશ્બૂઓ)થી સુગંધિત રાખો કે એ જ એની તત્હીર (સફાઈ) છે. *(અખ્બારે મક્કા)*

બીજા એક ઠેકાણે પણ આપ (હઝરત આઈશા)નો જ ઈર્શાદ છે કે 'કા'બાએ મોઅઝ્ઝમાને સુગંધિત રાખવું મને સોના ચાંદીની ભેટ ચડાવવા કરતાં વધુ ગમે છે."

ગંદકી, મેલ, ધૂળ માટીની હોય અથવા કચરા પૂજાની હોય, ગંદકી ભલે લોકોની ભીડના કારણે હોય અથવા શિર્કની નાપાકી હોય, આ બધા જ પ્રકારની ગંદકીઓથી અલ્લાહના ઘરને પાક સાફ તથા સુગંધિત રાખવું એ સફાઈના આદેશમાં સામેલ છે અને તેની પૂર્તિ તેમજ તેના ઉપર અમલ કરવાના પરિણામે કા'બાના ગુસ્લનો પાયો નંખાયો.

## કા'બાના ગુસ્લનો ઈતિહાસ

ઈબ્રાહીમી યુગમાં કા'બાનું બાંધકામ ફક્ત એટલું જ થયું હતું કે દીવાલોને પથ્થર ઉપર પથ્થર રાખીને ગાળા વગર જમાવી આપવામાં આવી હતી, છત પણ ન હતી તથા દરવાજો ન હતો, અંદરનું તળીયુ પણ કાચુ હતું. મતાફ (તવાફ કરવાની) જગ્યા પણ કાચી હતી. કુરૈશી બાંધકામ સુધી તો લગભગ આ જ પરિસ્થિતિ હતી. જેના કારણે આ અરસા દરમ્યાન કા'બાના ગુસ્લની ન તો જરૂરત અનુભવવામાં આવી અને ન તો તેનો કોઈ ફાયદો હતો. કુરૈશી બાંધકામ થયું તો કા'બા શરીફની ઈમારતમાં ઘણાયે ફેરફાર કરવામાં આવ્યા, જેમ કે :–

૧. કા'બા શરીફની બેઠકને આદમીના કદથી પણ ઊંચી કરી દેવામાં આવી.
૨. ઉપર છત (ધાબુ, સિલિંગ) બનાવી દેવામાં આવી.
૩. હતીમ તરફથી કા'બાને લગભગ દસ ફૂટ નાનુ કરી આપવામાં આવ્યું અને એ દીવાલને ઈબ્રાહીમી પાયાને બદલે પોતાના બનાવેલા પાયા ઉપર તામીર કરવામાં આવી.
૪. છત તથા ધાબા ઉપર જવા માટે સીડી ઉભી કરી દેવામાં આવી જે રૂકને ઈરાકીવાળા ખૂણામાં હતી જેમ કે આજે છે.
૫. ધાબા ઉપર હતીમ તરફ પરનાળુ લગાડી દેવામાં આવ્યું જેને મીઝાબે રહમત કહેવામાં આવે છે.
૬. દરવાજો લગાડી દેવામાં આવ્યો અને તેમાં તાળુ પણ લગાડી આપવામાં આવ્યું.
૭. એક ખુદાના નામ પર તામીર થયેલ આ પાક ઘરને શિર્કની ગંદકીથી ગંદુ કરી દેવામાં આવ્યું. કેટલીયે મૂર્તિઓને અંદર રાખી દીધી અને દીવાલો ઉપર તેવી જ આકૃતિઓ બનાવી દેવામાં આવી.

આ પરિસ્થિતિમાં કોઈને તહારત તથા પાક સાફ રાખવાનો વિચાર પણ આવે તો કેવી રીતે ?

## સૌથી પ્રથમ ગુસ્લે કા'બા

હિ.સ. ૮ તથા ઈ.સ. ૬૨૯માં ફત્હે મક્કાના અવસરે ખાતિમુન્નબીય્યીન રસૂલુલ્લાહ ﷺએ કા'બાતુલ્લાહનો દરવાજો ખોલી સર્વ પ્રથમ મૂર્તિઓનો નાશ કર્યો અને તેમને કાઢીને બહાર કરી આપી. ત્યારબાદ દીવાલોને મૂર્તિ તથા આકૃતિઓથી પાક સાફ ફર્માવી. શિર્કની ગંદકીથી અલ્લાહના ઘરને પાક કરીને આપ ﷺએ ઝમઝમ તલબ ફર્માવ્યું. જ્યારે પાણી ભેગુ થઈ ગયું તો આપ ﷺએ સ્વંય જાતે સહાબાએ કિરામની સાથે દીવાલોથી લઈને સંપૂર્ણ કા'બાને અંદર તથા બહારથી ગુસ્લ આપ્યું અને તમામ જાહેરી તથા બાતિની (આંત્રિક તથા બાહ્યરૂપે) નાપાકીથી તથા ગંદકીઓથી અલ્લાહના પાક ઘરની સફાઈની ઐતિહાસિક અગ્રેસરતા અંજામ આપી. *(સીરતની કિતાબો, અઝરકી)*

ઈસ્લામી ઈતિહાસ બલ્કે કા'બા ઈતિહાસનું સર્વ પ્રથમ આજ પેહલુ ગુસલ હતું જેનો શુભારંભ હુઝૂર ﷺએ ફર્માવ્યો અને તેમની તાબેદારી સહાબાએ કિરામ رضوان الله تعالى عليهم اجمعينએ કરી. ત્યારબાદ દર વર્ષે આ સુન્નતે મુતહ્હરા અને સફાઈની ફર્ઝિયતનું વારંવાર પુનરાવર્તન થતુ રહ્યું. એક મુદ્દત સુધી ખાનાએ કા'બાના વાર્ષિક ગુસ્લની આ જ પદ્ધતિ રહી. પરતુ ત્યાર બાદ જરૂરત અનુભવતાં વર્ષમાં બે વાર ગુસ્લ આપવાની પરંપરા ચાલુ થઈ ગઈ. જે પરંપરા આ જ સુધી ચાલી રહી છે. *(બુખારી કિતાબુત તારીખ, મનાસખુલ્કિરામ, તારીખુલ કવીમ)*

## ખાનએ કા'બાના ગુસ્લની તારીખો

ગ઼ાઝીએ પોતાના ઈતિહાસની કિતાબમાં હસન બિન અબ્દુલ ક઼ાદિર અશ્રાબીની કિતાબ 'અલ્ ઈત્મામ અલા અઅ્લામિલ્ અનામ'ના હવાલાથી લખ્યું છે કે કા'બાએ અત્હરને વષમાં બે વાર ગુસ્લ આપવામાં આવે છે. એક તો ઝિલ્ ક઼અદના અંતમાં અને બીજીવાર ૧૨ રબીઉલ અવ્વલની તારીખે.

જ્યારે કે હુસૈન બિન અબ્દુલ્લાહ સબાએ પોતાની કિતાબ 'તારીખુલ કા'બા'માં લખ્યું છે, કા'બાનું ગુસ્લ વરસમાં બે વાર થતુ હતું, એક ઝિલ્ ક઼અદાના અંત અથવા ઝિલ્ હજ્જના પ્રારંભમાં. જ્યારે કે બીજીવાર ૧૨ રબીઉલ અવ્વલના રોજ ગુસ્લ આપવામાં આવ્યું હતું.

સ્પષ્ટ છે કે આ તારીખોના નક્કી કરવામાં એ જ મસ્લેહત હતી કે એકવાર હજ્જનો મોસમ આવતા પહેલાં ગુસ્લ આપવામાં આવે, અને બીજીવાર હુજ્જાજે કિરામ (હાજીઓ)ની મક્કા મુકર્રમાથી સંપૂર્ણ રવાનગી પછી ગુસ્લ આપવામાં આવે. મુહમ્મદ તાહિર અલ્કુર્દી પોતાની કિતાબ 'તારીખુલ કવીમ'ના ભાગ નં. ૫માં લખે છે કે, "મેં કા'બા શરીફની ખિદમત કમિટીના અધ્યક્ષ શૈખ મુહમ્મદ ઈબ્ને મુહમ્મદ સાલેહ બિન અહમદ અશ્શૈબીને છ રજબ હિ.સ. ૧૩૭૬ અને શનિવારના દિવસે મુલાકાતના સમયે પોતે પૂછયું કે કા'બા શરીફને ગુસ્લ ક્યારે આપવામાં આવે છે ? તો તેમણે ફર્માવ્યું કે કા'બા શરીફને વરસમાં બે વાર ગુસ્લ આપવામાં આવે છે, એકવાર શાબાનના અડધા મહિના પછી ૨૫ અથવા ૨૭ તારીખે અને બીજીવાર ઝિલ્ હજ્જની સાત તારીખે."

## ખાનાએ કા'બાના ગુસ્લની સહીહ તારીખો

ઉપરોક્ત હવાલાઓથી એ વાત સ્પષ્ટ થાય છે કે તારીખોમાં તફાવત છે. એનો મતલબ એ કે આ તારીખોમાં ફેરફાર કરવામાં આવે છે જેનું કારણ એ બતાવવામાં આવે છે કે તારીખોની જાણકારી થઈ જવાથી પબ્લિકની ભીડ એટલા પ્રમાણમાં ભેગી થઈ જાય છે જેના કારણો ઘણી વ્યવસ્થા સંબંધિત સમસ્યાઓ ઉભી થઈ જાય છે. એટલા માટે ન તો તારીખો નક્કી કરવામાં આવે છે અને ન તો ગુસ્લની તારીખનું અમુક દિવસો પેહલાં એલાન કરવામાં આવે છે, જેથી આવી સમસ્યાઓથી બચી શકાય.

ટૂંકમાં આ નિયમ જરૂર નક્કી છે કે કા'બા શરીફને ગુસ્લ પહેલીવાર હજ્જ પેહલાં આપવામાં આવે છે જ્યારે બીજીવાર કા'બા શરીફને ગુસ્લ તમામ હાજી સાહેબોના પરત થઈ ગયા પછી આપવામાં આવે છે. .......*(ક્રમશઃ)*

## વિશ્વશાંતિ માટે સૌથી મોટો ખતરો !



# અમેરિકાની બળપ્રયોગની પોલિસી

::::: રજૂકર્તા :::::
**મૌલાના સાદિક દહેગામી સાબરી**
*(મુદર્રિસ : દારુલ ઉલુમ નૂરે મુહમ્મદી–દયાદરા)*

મશ્હૂર વિવેચક તથા ભાષાઓના માહિર નોમ ચામસકીએ પોતાના પુસ્તક Pirates and emperors old and newમાં અમેરિકાની ઓળખ સિકંદર અને દરિયાઈ ડાકૂના બનાવના રૂપમાં કરાવી છે. ચામસકી કહે છે, સિકંદરે દરિયાઈ ડાકૂઓની ધરપકડ કરી અને સરદારને પૂછયું કે આવા ગેરઈન્સાની અને ગૈર અખ્લાક઼ી કામ કરવાની તારી હિંમત કેવી રીતે થઈ ? ડાકૂઓના સરદારે જવાબ આપ્યો, તમારા અને મારામાં કાંઈ ફરક નથી ! તમે મોટા મોટા જહાઝોની મદદથી બીજાના ઈલાકા લૂંટો છો, હું એ જ કામ નાની હોડીઓથી કરું છું ! આ બનાવની રોશનીમાં ચામસકી અમેરિકાની ઓળખ કરાવતાં કહે છે, **દુનિયામાં અમેરિકાની બળપૂર્વક કબ્જાની પોલિસીથી જેટલા ઈન્સાની જીવોનું નુકસાન થાય છે, જેટલી બરબાદી અને તબાહી થાય છે તેની સરખામણીમાં આતંકવાદી પ્રવૃત્તિઓથી નથી થઈ શકતી.** ચામસકીએ ડંકાની ચોટ પર અમેરિકાને **આતંકવાદી દેશ** જાહેર કર્યો છે.

જો આપણે ફક્ત ૧૯૯૦ પછીથી વિશ્વની હાલત જોઈએ તો આપણને ચામસકીની વાતોમાં ઘણી બધી સચ્ચાઈ જોવા મળે છે. વિશ્વના અનેક દેશોમાં અમેરિકા ખોટી દખલગીરી કરે છે તે એ ઉઘાડી સાબિતી છે કે અમેરિકા બળજબરીની પોલીસીથી કામ કરી રહ્યું છે.

મિડલ ઈસ્ટમાં આજ સુધી શાંતિ સ્થાપિત થઈ શકી નથી તો તેની મોટી જવાબદારી અમેરિકા પર છે. જેમ કે અમેરિકાએ યહૂદી ઈઝરાઈલની ખુલ્લી રીતે હિમાયત કરી છે અને પેલેસ્ટાઈનવાસીઓ પર થનાર દરેક જુલ્મ પાછળ અમેરિકાની હિમાયત સામેલ છે. જો ઈઝરાઈલ UNOના નિયમોનો ખુલ્લેઆમ ભંગ કરી પેલેસ્ટાઈનીઓ પર જુલ્મ કરે છે તો અમેરિકા સલામતી કાઉન્સિલમાં તેની તરફેણમાં વીટોનો ખોટો ઉપયોગ કરે છે. ઈ.સ. ૧૯૪૮થી આજ સુધી લાખો પેલેસ્ટાઈનીઓ માનવતા વિરુદ્ધના માહોલમાં નિર્વાસિત કેમ્પોમાં જિંદગી ગુજારે છે એટલું જ નહીં પરંતુ નિવાર્સિત કેમ્પોમાં પણ ઈઝરાઈલી જ્યારે ઈચ્છે છે બેગુનાહ પેલેસ્ટાઈનીઓની ક઼ત્લેઆમ કરે છે. સાબરા અને સેહતલા નિર્વાસિત કેમ્પમાં થનાર ક઼ત્લેઆમ તેનું ઉઘાડુ દષ્ટાંત છે. એવી જ રીતે આપણે ઈઝરાઈલની સ્થાપનાથી આજ સુધી અમેરિકાએ ઈઝરાઈલનો ઉપયોગ મિડલ ઈસ્ટમાં પોલીસ મેન જેમ કર્યો છે અને પોતાના રાષ્ટ્રીય ફાયદા ખાસ કરીને તેલની સપ્લાય પર પૂરે પૂરા કન્ટ્રોલના એજન્ડાને હાંસલ કરવા માટે કર્યો છે. એટલે સુધી કે હાલમાં ઈઝરાઈલે જે જુલ્મ લેબનાન પરના હુમલા વખતે કર્યો તેને પણ અમેરિકા યોગ્ય ગણાવે છે ! સેંકડો લેબનાનીવાસીઓની મૌતની અમેરિકાએ ટીકા આલોચના સુદ્ધાં ન કરી અને સલામતી કાઉન્સિલમાં પોતાના ખોટા હક્કનો ઉપયોગ યહૂદી ઈઝરાઈલની તરફેણ માટે કરતું રહ્યું જેના પરિણામે જંગ લગભગ ચાલીસ દિવસ સુધી ચાલતો રહ્યો અને માનવજીવોની લાશો ઢળતી રહી.

ઈ.સ. ૧૯૯૧માં અમેરિકાએ પોતાના સાથી દેશો સાથે મળીને ઈરાક પર હુમલો કર્યો. હુમલો તો હક઼ીક઼તમાં કુવૈતને ઈરાકના કબ્જામાંથી મુક્ત કરાવવા માટે હતો પરંતુ કુવૈતની મુક્તિ પછી જુલ્મો સિતમની જે પોલિસી ઈરાકી જનતાની વિરુદ્ધ અપનાવવામાં આવી તે માનવતાનું હનન કરવા સમાન છે. હુમલાની સાથે જ ૧૭ જાન્યુઆરીથી ૨૮ ફેબ્રુઆરી દરમ્યાન અમેરિકન વિમાનોએ ૧,૧૦,૦૦૦ Sortise ઉડ્ડયન કર્યું એટલે એક સિરીયલ હુમલો દરેક ત્રીસ સેકન્ડમાં થતો તે

દરમ્યાન ૮૮૫૦૦ ટન ભયાનક ધમાકાખેઝ પદાર્થો ફેંકવામાં આવ્યા જે લગભગ આઠ હિરોસીમા TNTના બરાબર છે ! જ્યાં સુધી ઈન્સાની જીવોના નુકસાનનો પ્રશ્ન છે તો તેની કોઈ યોગ્ય ગણત્રી મૌજૂદ નથી પરંતુ Unicefના અંદાઝા પ્રમાણે **ઈ.સ. ૧૯૯૦થી ઈ.સ. ૧૯૯૭ના દરમ્યાન લગભગ છ વર્ષમાં વીસ લાખથી વધુ ઈરાકી માર્યા ગયા જેમાં લગભગ પાંચ લાખ બાળકો હતાં.** બ્રિટની સાઈન્સી મેગેઝિન The Lancetએ મૌજૂદા અમેરિકાના કબ્જાની ચકાસણી કરતાં પર્દો ઉઠાવ્યો છે કે **ઈ.સ. ૨૦૦૩ થી ઈ.સ. ૨૦૦૭ એટલે ચાર વર્ષમાં ઈરાક પર અમેરિકન કબ્જા દરમ્યાન છ લાખ પચાસ હજાર ઈરાકી માર્યા ગયા છે. વીસ લાખથી વધુ ઈરાકી ઈરાક છોડી હિજરતીની જેમ બીજા દેશમાં વસી ગયા છે અને લગભગ વીસ લાખ ઈરાકી દેશમાં જ નિર્વાસિત કેમ્પમાં રહે છે. લગભગ પચ્ચીસ લાખ બાળકો ભૂખમરાના શિકાર છે અને બેરોજગારી સિત્તેર ટકાથી વધુ છે.** આ ગણત્રી કરીને જો ઈરાકની અઢી કરોડ આબાદીની રોશનીમાં જોવામાં આવે તો અમેરિકાના કબ્જાની ભયાનક્તા અને જુલ્મ જાહેર થઈ જશે. અફસોસની વાત એ છે કે **અમેરિકન કોંગ્રેસ ઈરાકીઓની આ તબાહીથી વધુ પરેશાન નથી પરંતુ તેને આશરે સાડા ત્રણ હજાર અમેરિકન ફૌજીઓના મરવાનો વધુ અફસોસ છે !** તેથી તેઓ જલ્દીથી જલ્દી ઈરાકથી અમેરિકન ફૌજીઓને પાછા ફેરવવા ઈચ્છે છે.

ઈરાક પર અમેરિકાના હુમ્લાની અસર મોડેથી થશે જેવી રીતે અમેરિકાએ બળજબરી કબ્જાની પોલીસી (Divide and Rule)નો ઉપયોગ ઈરાકમાં કર્યો છે અને મસ્લકી અને નસ્લી (વંશિક) બુનિયાદ પર ઈરાકીઓને વહેંચી નાખ્યા છે અને તેના પરિણામે જે બરબાદી આવી છે તે ભવિષ્યમાં કેટલાંય વર્ષો સુધી દરેક ફિર્કાઓ અને જમાઅતોને આપસની લડાઈ અને ખૂન ખરાબામાં વ્યસ્ત રાખશે. તેની અસરો માત્ર ઈરાક પર જ નહીં પરંતુ પૂરા મિડલ ઈસ્ટ પર પડશે. અને સાથો સાથ ઈરાક અને અરબોના સંબંધો પણ બગડી શકે છે, પરંતુ તેનો ફાયદો બળજબરી કરનાર અમેરિકા અને યહૂદી ઈઝરાઈલને થશે. અમેરિકાએ ઈરાકમાં એક કઠપૂતળી જેવી ગવર્મેન્ટ સ્થાપિત કરી છે જેની મદદથી ઈરાકના તેલના જથ્થા પર તેનો પૂરેપૂરો કન્ટ્રોલ થઈ ગયો છે. ઈરાકને તબાહ કર્યા પછી તેના Reconstructionના દરેક કોન્ટ્રાક્ટ હવે અમેરિકા તથા તેના સાથી દેશો પાસે છે. બીજી તરફ યહૂદી ઈઝરાઈલને એક તાક઼તવર મુસ્લિમ દેશથી જે ભય હતો તે હવે ઘણા વર્ષો માટે ખત્મ થઈ ચૂક્યો છે.

ઈરાક પર કબ્જા પછી અમેરિકા પોતાનુ સંપૂર્ણ ધ્યાન એટમી તાક઼ાત મેળવવાની લાયકાત રાખનાર ઈરાન પર કેન્દ્રિત કરી રહ્યું છે. જાહેરી વાત છે કે ઈરાકમાં જેવી રીતે અમેરિકાને પરેશાનીઓનો સામનો કરવો પડયો છે તેનાથી એ વાત તો સાફ છે કે અમેરિકા ઈરાન પર કોઈ એવો હુમલો નહીં કરે પરંતુ જેવી રીતે ઈરાનની વિરુદ્ધ અમેરિકા ધમકીભર્યા ઉચ્ચારણો કરી રહ્યું છે તેનાથી એ વાત સાબિત થાય છે કે પાકિસ્તાન પછી **અમેરિકા કોઈ પણ મુસ્લિમ દેશને પરમાણુ તાક઼ાત ધરાવનાર બનવા દેવા ઈચ્છતો નથી.** અહીંયા એક વાત નોંધ પાત્ર છે કે અમેરિકા તેનાથી પહેલાં આશરે એક દાયકા સુધી ઈરાક અને ઈરાનને એકબીજા સાથે લડાવી લાખો મુસલમાનોનું લોહી વહાવી ચૂક્યું છે પરંતુ ઈઝરાઈલી બળજબરી કબ્જા માટે આટલું પૂરતુ નથી.

અફઘાનિસ્તાનમાં અમેરિકાની દખલગીરી આશરે પચ્ચીસ વર્ષ જૂની છે અને તેનું પરિણામ આપણી સામે છે. પોતાનામાં દરેક ખામીઓ હોવા છતાં તાલિબાન અફઘાનિસ્તાનમાં એક મજબૂત હુકૂમત સ્થાપવામાં કામયાબ થઈ ગયા હતા પરંતુ અમેરિકાએ વિશ્વના ઈતિહાસની ભયાનક બોમ્બવર્ષા કરી અફઘાનિસ્તાનને પથ્થરયુગમાં પહોંચાડી દીધું અને ત્યાં પણ પોતાની કઠપૂતળી હુકૂમત સ્થાપી દીધી. આજે અફઘાનિસ્તાનમાં જે હાલતો છે જે રીતે NETOના સૈનિકો સેંકડો બેગુનાહ અફઘાનીઓને શકની બુનિયાદ પર બોમ્બવર્ષાનું

નિશાન બનાવી રહ્યા છે, દિવસે દિવસે બેગુનાહ લોકોને જે રીતે મારવામાં આવી રહ્યા છે તે અમેરિકાના જુલ્મની દરેક સરહદો તોડી ચૂકેલ છે. છેલ્લા બાર વર્ષોથી ઘરેલુ લડાઈનો શિકાર સોમાલિયામાં જ્યારે ઈસ્લામ પસંદોએ એક મજબૂત હુકૂમત સ્થાપિત કરી અને સોમાલિયામાં અમ્નો શાંતિની સૂરત પેદા થવા લાગી તો અમેરિકાએ ઈસાઈ ઈથોપિયાની મદદથી હુમલો કર્યો. **પેહલા હુમલામાં જ અમેરિકાએ આશરે ચાર સુમાલી ગામોને દુનિયાના નક્શાથી મિટાવી નાખ્યાં !** એ પછીથી આજ સુધી અંદરો અંદર લડાઈનો સિલસિલો ચાલુ છે. મોગા દેશોમાં અમેરિકાએ પોતાની એક કઠપૂતળી હુકૂમત સ્થાપિત કરીને સોમાલિયાની આશરે તેત્રીસ કિલોમિટર જમીન Line Coastal પર કબ્જો કરી લીધો એવી રીતે સોમાલિયાની Geo Political Locationનો ફાયદો અમેરિકાને સીધે સીધો પહોંચી ગયો. પૂરા આફ્રિકાના તેલના જથ્થા અને વેપાર પર અમેરિકા હવે કબ્જો ધરાવી શકે છે. આ રીતે આપણે જોઈ રહ્યા છીએ કે હજારો જાનોની બરબાદી અમેરિકા માટે કોઈ મહત્વ ધરાવતી નથી જો તેના થકી અમેરિકાની બળજબરી નીતિ અને વ્યાપારી ફાયદાને તાક઼ાત મળતી હોય.

આ સર્વ વાતોના પ્રકાશમાં નોમ ચામસકીની વાત અમેરિકા બાબતે સાચી જણાય છે. ચામસકી સાચુ કહે છે કે દુનિયામાં દરેક બુરાઈઓ અને જુલ્મો, અન્યાયોની જડ (મૂળ) અમેરિકા અને તેની બળ જબરી નીતિ છે. અમેરિકન બળજબરીના પરિણામમાં થનાર જાની નુકસાનનો હિસાબ લગાવીએ તો માલૂમ થાય છે કે **આતંકવાદી પ્રવૃત્તિઓમાં માર્યા જનાર લોકોની સંખ્યા કરતાં અમેરિકન બળજબરીના શિકાર થતા લોકોની સંખ્યા ઘણી ઊંચી છે.** જેથી ચામસકીનું એ કહેવું કે અમેરિકાની બળજબરી પોલીસી વિશ્વ માટે સૌથી મોટો ખતરો છે અને તે એક આતંકવાદી દેશ બની ચૂક્યો છે એ સત્ય હક઼ીક઼ત છે.

*(માહનામા અશ્રફિયા, નવેમ્બર–૦૮, મુબારકપુર)*

## મુહર્રમની મજલિસોની બરકતો

કા...ર્યા...લ...ય...

મુહર્રમની મજલિસથી ઘણા બધા ફાયદા હાંસલ થાય છે. પ્રથમ એ કે હદીષ શરીફમાં છે, "સાલેહીનના ઝિક્ર વખતે અલ્લાહ તઆલાની રહમતોનો નુઝૂલ થાય છે." અને ખુલફાએ રાશિદીન તથા ઈમામૈન કરીમૈન હઝરાત હસન તથા હુસૈન رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَ તો સાલેહીનના ઈમામ તથા પેશવાઓ છે જેથી તેમના ઝિક્ર વખતે તો પુષ્કળ રહમતો નાઝિલ થતી હશે. એ મજલિસોમાં શિર્કત કરવાવાળા ખાસ રીતે ફયૂઝયાબ થાય છે. અને બીજો ફાયદો એ છે કે તેમના ઝિક્રને સાંભળીને અલ્લાહના મહબૂબ સરકારે દો આલમ ﷺની મહોબ્બત અને તેમની ફર્માંબરદારીનો જઝબો પેદા થાય છે. અને ત્રીજો ફાયદો એ છે કે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہના વિશે બયાન કે દીન તથા મઝહબની હુર્મત ક઼ાયમ રાખવા માટે મેદાનમાં નીકળવું અને કલમાએ હક્ક઼નું એલાન કરવું, વિવિધ પ્રકારની મુસીબતો વેઠવું તથા સબ્ર તથા સંયમનો દામન ન છોડવું, ત્રણ દિવસ ભૂખ્યા તરસ્યા રહેવું અને નાનાં નાનાં બાળકોનાં રડવા સીસકવા છતાં હક્ક઼ની હિમાયત કરવું અને બાતિલની સામે ન ઝુકવું. સગાં વહાલાંની લાશો લોહી તથા ધૂળમાં તડપતી જોઈને પણ શિકાયતનો અક્ષર જીભ પર ન લાવવો, દરેક હાલતમાં અલ્લાહની રઝામાં રાજી રહેવું અને મક઼ામે સિદક઼ો સફામાં અડગ રહેવું. આ વાતોને સાંભળવાથી દિલમાં ઈમામે આ'લી મક઼ામની અઝમત તથા મહોબ્બત પેદા થાય છે અને દીન તથા મઝહબની ઈજ્જત તથા હુર્મત બાકી રાખવાના માટે જાન તથા માલની કુર્બાની આપવાનો જઝબો પેદા થાય છે. અને ચોથો ફાયદો એ છે કે દુનિયાના માટે કૂફીઓનું પોતાની આખેરત બર્બાદ કરવું, અહલે બયતે રિસાલતની તૌહીન કરવી, તેમને સતાવવું અને ઈજા પહોંચાડવું, પછી પોતે જાત જાતની આફતો તથા મુસીબતોમાં સપડાવું અને હુસૈનના ક઼ત્લના બદલામાં એક લાખ ચાલીસ હજારનું માર્યા જવું. એ વાતોને સાંભળવાથી ઈબ્રત તથા નસીહત હાંસલ થાય છે અને અલ્લાહવાળાઓની શાનમાં ગુસ્તાખી તથા બેઅદબી કરવાથી બચવાની તૌફીક઼ થાય છે. અને પાંચમો ફાયદો એ પણ છે કે મુહર્રમના અશરામાં ઈમામ સાથે જૂઠી મહોબ્બતનો દાવો રાખનારોઓએ જે જાત જાતની ખરાબીઓ તથા નાજાઈઝ વાતો રિવાજ બનાવી દીધી છે તેમાં જવાથી આ મજલિસોની બરકતથી બચી જાય છે. *(ખુત્બાતે મુહર્રમ–૪૫૯)*

ઐલાને હક઼્ !....

# આ સમૂહ લગ્નો કે દીન તથા સુન્નિયત તોડનાર શંભૂમેળા ?!

કાર્યાલય

આજકાલ અવારનવાર વર્તમાનપત્રોમાં સમાચારો વાંચવા મળે છે કે સમાજમાં કુરિવાજોની નાબૂદી માટે ખોટા ખર્ચાથી બચવા અને ગરીબો, યતીમો, વિધવાઓ તથા નિઃસહાયોની પુત્રીઓને ઠેકાણે પાડવાના આશયથી ફલાણી કમિટી તથા ફલાણા હાજી સાહબ તરફથી, ફલાણી હસ્તીની સદારતમાં સમૂહ લગ્નનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો જેમાં યુગલોને ફલાણી ફલાણી ચીજો મળી આટલા હજારની ભેટો આપવામાં આવી. ફલાણા ફલાણા હિંદુ–મુસ્લિમ નેતા આવ્યા અને આવાં આવાં લેકચરો કર્યાં. .......વગેરે

ગરીબ વિધવાઓની સહાય એ ખૂબ જ ઉમદા ચીજ છે જેથી એ લેબલને જોઈને ઘણા લાગણીશીલ ભાઈબહેનો ડોનેશનનો વરસાદ વરસાવી આપે છે, પણ કોઈ છાનબીન નથી કરતું કે એમાં જે જોડાં ભાગ લે છે તેમાં સર્વ સુન્ની મસ્લકના છે કે વહાબી, દેવબંદી તથા સુન્ની સૌ ભેળસેળ છે ? તથા નિકાહ પઢાવનારા કોણ છે ? અને પ્રોગ્રામ કરનારા કોણ છે ? કયા અક઼ીદાના લોકો છે ?

હા ! જ્યારે સર્વ સંચાલકો સુન્ની હોય, સર્વ જોડાં સુન્ની હોય ત્યાં તો વાંધો નથી, પણ આજકાલ એકતાના નામે અજબ ગજબના શંભૂમેળા ઠેર ઠેર યોજાય છે. બલ્કે એવી જાહેરાતો થાય છે કે, **"ફિર્ક઼ાબંદીનો કોઈપણ જાતનો ભેદભાવ રાખવામાં આવશે નહીં બલ્કે સમૂહ લગ્નમાં ભાગ લેનારાઓને ઘણી બધી ભેટો આપવામાં આવશે."** જેમ કે **નબીપુર** (તા. જિ. ભરૂચ)માં થનાર એક સમૂહ લગ્ન માટે ગુજરાત ટુ ડે દૈનિક પત્ર તા. ૧૬–૧૦–૨૦૦૮માં જાહેરાત છે.

વહાબી, દેવબંદી, ગૈરમુક઼લ્લિદ, મૌદૂદી વગેરે ફિર્ક઼ાવાળા અલ્લાહ વ રસૂલની શાને પાકમાં બેઅદબી કરવાને કારણે કાફિર મુર્તદ ઠરેલા છે, જેના સંબંધે સુન્નીઓને ચેતવવા અવારનવાર તેમના અક઼ીદા દર્શાવવામાં આવેલ છે. અને એવા અક઼ીદા ધરાવનાર સ્ત્રી કે પુરૂષ મુર્તદના હુકમમાં છે. હવે તેવા મુર્તદ પુરૂષ કે મુર્તદ સ્ત્રીના નિકાહ સંબંધે શરીઅતનો શું હુકમ છે તે જોઈ લો :–

## આ'લા હઝરત ઈમામ અહમદ રઝાનો ફત્વો

"મુર્તદ તથા મુર્તદાના વિશે શરઈ હુકમ એ જ છે કે તેમના નિકાહ કોઈ મુસલમાન પુરૂષ કે મુસ્લિમ સ્ત્રી સાથે નથી થઈ શકતા ન કાફિર પુરૂષ કે કાફિરા સ્ત્રી સાથે, ન મર્તુદ તથા મુર્તદા સાથે, ન તેમના હમમઝહબ ન મુખાલિફ મઝહબવાળા સાથે, સારાંશ કે **આખી દુનિયામાં કોઈની સાથે નથી થઈ શકતા.** જેમ કે 'મબસૂત'માં ઈમામ શમ્સુલ અઈમ્મા સરખસી તથા ફતાવા હિંદિયહ્‌માં છે. .....તેમજ ફતાવા ઈમામ કાઝીખાનમાં છે. ....વલ્લાહુ તઆલા અઅ્‌લમ. *(ફતાવા રઝવિય્યહ્‌, ૫/૨૫૩)*

સારાંશ કે સુન્નીના નિકાહ દેવબંદી છોકરા કે છોકરી સાથે થશે નહીં. તેમજ એ બદ્‌અક઼ીદાઓના અંદર અંદર પણ થશે નહીં. અને શરીઅતનો હુકમ છે કે, આવા નિકાહના નિમિત્ત બનનાર, તેમાં હાજર રહેનારા તથા તેમાં સહકાર કરનાર સૌ ઝિનાના દલાલ ગણાશે, એ સંબંધે ફત્વા ફિક઼્હની કિતાબોમાં છે. તો જેઓ આવા ભેળસેળિયાં જોડાં હોય તેવાં સમૂહ લગ્નો યોજે, તેમાં નિકાહ પઢાવે, તેમાં હાજરી આપે અને ગમે તે રીતે તેમાં સહકાર કરે સૌ ઝિનાના દલાલ બનશે પછી તે કહેવાતા મોલ્વી હોય કે કહેવાતા પીર બાવા હોય કે આમ પબ્લિક હોય. સુન્ની ઈમામોએ સંગઠન કરવું જોઈએ કે કોઈ સુન્ની સિવાયના મિક્સ જોડાં કે વહાબી જોડાંના નિકાહ પઢાવવામાં નહીં આવે, તેને બદલે વિના તેહક઼ીક઼ે જેઓ નિકાહ પઢાવ્યે જાય છે, જાણવા છતાં પઢાવે છે તેઓ ઈમામતને પાત્ર પણ રહેતા નથી, તેમના પર તૌબા લાઝિમ છે.

વળી આજે તો ઠેર ઠેર આવા સમૂહ લગ્નોના પ્રોગ્રામો યોજાય છે અને સામાન સામગ્રી મળવાની લાલચમાં કેટલાય સુન્નીઓ દેવબંદીઓને ત્યાં પણ જાય છે, તેમનું મુરદાર પણ ખાય છે અને તેમના મોલ્વીઓ તેમના નિકાહ પઢાવી આપે છે, પોતાને સુન્ની કહેનારા ખુશી ખુશી ત્યાંથી માલ મેળવીને ખુશ થઈ જાય છે પણ એનાથી સુન્નિયતનું જે નુકસાન થાય છે તેની તથા પોતે કરેલાં હરામ કામોની તેમને જરાય ચિંતા થતી નથી.

વળી **ક્યાંક દરગાહો પર એક જ મંચ પર મુસ્લિમોના નિકાહ તથા એક તરફ હિંદુ લગ્ન વિધિ તેમના શિર્કમય શ્લોકો બોલીને થાય છે,** એમાં કહેવાતા મોલ્વીઓ, પીર બાવાઓ તથા રાજકરણીઓ હાજર રહી ક઼ૌમી એકતાનાં લેકચરો આપી પોતાની વાહવાહ કરાવી ખુશ થતા હોય છે. પણ તેઓ શરીઅતમાં આ ચીજોના શા હુકમ છે તે જાણવાની રજ માત્ર દરકાર કરતા નથી, અને આખેરતના અઝાબની લેશ માત્ર પરવા કરતા નથી. આવા સર્વ પ્રકારના ભેળસેળિયા સમૂહ લગ્નોથી સુન્ની મુસ્લિમો બચે એ જ અપીલ છે.

# Fear of Allah

# QUALITIES

**Fatimah Zehra** -*Leicester (U.K.)*

**"Laa Kinil Ladheenat Taqoo Rabbahum Lahum Jannaatun Tajree Min Taĥtihal Anhaaru Khaalideena Feehaa Nuzulam Min 'Indil Laah; Wa Maa 'Indal Laahi Khayrul Lil Abraar."** The last couple of articles focused on the fear of Almighty Allah and the reasons for doing so, and Insha Allah – Allah Willing – the next couple of article will touch upon the qualities that a believer gains and the rewards he receives for fearing his Lord. Allah Az Zawajjal states in the Holy Qur'an, **"Laa Kinil Ladheenat Taqoo Rabbahum.."** *'But those who fear their Lord..'* **"Lahum Jannaatun Tajree Min Ta%tihal Anhaaru.."** *'..for them there are gardens beneath which flow rivers..'* **"Khaalideena Feehaa Nuzulam Min 'Indil Laah;"** *'They shall abide therein, an entertainment from Allah;'* **"Wa Maa 'Indal Laahi Khayrul Lil Abraar."** *'And that, which is with Allah, is still better for the righteous.'* (3:198). We can see from this verse that Allah clearly favours and bestows those whom fear Him in their worldly lives; and His favouring and bestowing is not of a mortal kind, but instead, such a believer will receive an eternally blissful life in Paradise, where all things are indeed unimaginably exquisite. Allah Az Zawajjal is our Lord, our Creator and the most Merciful and He will, without doubt, reward those who believe in Him and fear Him as their Allah, both in this world and in the hereafter.

We are all individuals, and every person is different and every person feels emotion at a different level; likewise, we all have different degrees of the fear we have for Allah: some have no fear, some have little, and some have complete fear of the One and Only. Allah's reward, in turn, is equivalent to the fear that one has, and this, in turn, can be seen from the qualities that one has, and how they live their life. Allah states in the Holy Qur'an, **"Inna Akramakum 'Indal Laahi At-Qaakum; Innal Laaha 'Aleemun Khabeer."** *'Undoubtedly, the most respected among you in the Sight of Allah is he who is more pious, verily, Allah is Knowing, Aware.'* (49:13). Here, Allah clearly defines who has a higher status, and it is the one who is more pious, more devout with regards to his faith and his religion. And how does one become pious? It is when he has the knowledge that Allah is watching him at all times, Allah is aware of his every utterance, every action throughout the day and so he must not fail to perform and fulfil his duty as a Muslim; it is then through these good deeds, that he becomes a pious person and attains a lofty rank in the Sight of Allah.

My dear brothers and sisters, living in this world today, we are caught up in paradoxical circle of being narrow-minded with regards to religion and all too liberal with the ways of the world; its glamour, its glitter, its fashion, its ideals, its customs, its behaviour, its habit have all sucked us in to such a deep fog that we find it difficult, if not impossible, to decipher between what is morally, ethically and religiously right and wrong. And, compared to other religions, Islam is the only religion that guides its believers on a

path that is both morally and ethically conscious. When one loses sight of the two, then you can presume that he is lost in a world unbeknownst to the common civil man; he becomes wound up in a whirlwind of wrong, of evil and committing the lowest and dirtiest of deeds. However, for the believer who has the fear of Allah, the Almighty, in his heart, his Lord promises him, **"Yaa Ayyuhal Ladheena Aamanoo In Tat-Taqul Laaha Yaj'al Lakum Furqaana Wa Yukaffir 'Ankum Sayyi Aatikum Wa Yaghfir Lakum;"** *'O you who believe! If you will fear Allah , He will grant you that by which you may be able to distinguish between right and wrong and will remove off all evils and will forgive you;'* Allah is so Great that not only does He guide His slave but also removes the deeds that have blackened his heart and forgives his sins, and goes on to remind him, **"Wallaahu Dhul Fadlil 'Adheem."** *'And Allah is Owner of great Grace.'* (8:29).

The above mentions the Grace of Allah Az Zawajjal, and we have read, in previous articles, about the Mercy of Allah; therefore when it comes to being Merciful towards His believers who fear Him, Allah does not disappoint them; it is stated in the Holy Qur'an, **"Yaa Ayyuhal Ladheena Aamanut Taqul Laaha Wa Aaminu Bi-Rasoolih, Yu'-Tikum Kiflayni Mir Raĥmatih,"** *'O you who believe! Fear Allah and believe in His Messenger, He will give you a two-fold portion of His Mercy,'* and not only this, but, **"Wa Yaj 'Al Lakum Nooran Tamshoona Bih,"** *'and will provide for you a light wherein you will walk,'* and in addition to this, **"Wa Yaghfir Lakum;"** *'and will grant you forgiveness;'* for indeed, **"Wallaahu Ghafoorur Raĥeem."** *'and Allah is Forgiving, Merciful.'* (57:28). From this verse, we can understand that Allah is bountiful in His rewards: as well as Allah showering many blessings and favours in the lives of His believers whilst they are here on earth, He is more Merciful to them in the hereafter. Why is this important? Because, for as long as we are here on this earth, we have every opportunity to correct our mistakes, ask for Almighty Allah's forgiveness and to better ourselves as Muslims. In the hereafter however, there will be none this, there will be no second chances, no supplications of forgiveness to Allah, it will only be our deeds to speak for us, and it is at this time that we need Allah's Mercy the most. In the above-mentioned verse, Allah is saying that at such times, for those who fear Him, His Mercy will be double, and their reckoning will be easy for them. Subĥan Allah!

My dear brothers and sisters, as Muslims, we may pray our daily prayers, we may supplicate to Allah, we may give alms and do charity and perform many good deeds, but we have no guarantee of whether all of these are accepted. The only One who has knowledge of this is Allah Almighty alone. However, Allah defines that there are conditions under which he shall accept the doings of His believers, and one such condition is that one must fear Allah: **"Innamaa Yataqabbalul Laahu Minal Muttaqeen."** *'Allah accepts only from the God-fearing.'* (5:27). Imagine if you were a teacher and you had set an exam for the students, and part of the exam was to read a poem and write an essay on it; however, if the student has written an essay but has not read the poem, hence showing lack of

understanding for the poem and the requirements of the examination, would you, as the teacher, be able to accept that student's work and pass their exam? No. Why? Because the student showed a lack of effort and understanding, and complete disregard for the requirements of the exam. The rule then, my dear brethren, applies to us as believers too: Allah Az Zawajjal asks and requires us to fear Him, and through this fear will our worship be accepted. Knowing this however, if we do not fear Allah yet we continue to worship, how can we expect our worship to be accepted?

On a final note, Allah provides a way for His believers who fear him to overcome any and every obstacle: **"Wa May Yat Taqil Laaha Yaj'al Lahoo Makh Rajaa."** *'And he who fears Allah, Allah will make a way for his deliverance.'* (65:2). Allah promises here that regardless of the problems that his believers face and how long they face it for, they are never alone and they will surely survive such a predicament; for certainly, nothing is greater than Allah, He is the Guardian, the Preserver, the Overseeing Protector. Allah goes on to say, **"Wa May Yat Taqil Laaha Yaj'al Lahoo Min Amrihi Yusraa."** *'And he who fears Allah, Allah will make his work easy.'* (65:4). Allah Az Zawajjal continues to promise to His believers here that He will make their life easy, the work they have to carry out uncomplicated and He will always be there to protect them and support them, for He is Al-Mughniy (the Enricher, the Emancipator). Allah then continues, **"Wa May Yat Taqil Laaha Yukaffir 'Anhu Sayyi Aatih, Wa Yu'dhim Lahoo Ajraa."** *'And he who fears Allah, Allah will put off his evils and will give him immense reward.'* (65:5). Here, Allah Az Zawajjal, the most Gracious and the most Merciful, tells His believers that even though they have committed wrongdoings, if they fear Him, he will forgive them and will shower them with His rewards and grant them entry in to the abode where all pray to be: Jannat – Paradise.

My dear brothers and sisters, Allah is so Kind and Merciful that He is showing us the way to having a better life in both the worlds: that if we are to believe in the One Allah and believe in His Prophets, follow Islam and ultimately, have the fear of Allah in our hearts, this will automatically lead us to performing good deeds, becoming a better person, staying away from evil and wrongdoings, leading us on to a better path, which will strengthen our faith and fear in Allah, the Almighty, who shall then open the doors of His Mercy on us and abundantly shower us with blessings we can, right now, only imagine of. We are being given everything on a platter, we have yet to pick up the food and taste it. Once tasted, we would never stop eating.

All praises are due to Allah, we praise Him, we seek His Help, and we supplicate to Him and ask for His Mercy and His Forgiveness. May Allah grant us faith, hope and ultimate fear in Him for He alone will surely alleviate us from distress, show us compassion, kindness and mercy. May He forgive our sins and guide us away from the temptations and desires of the world and its belongings; and guide us on to the righteous path. Aameen. Allahumma Aameen.

*Wa Maa 'Alayna Illal Balaag*

References: Qur'anic Translation: Kanzul Iman

## બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

### ★ ઉર્સે સૈયદ નૂરાની ★

**પેટલાદ :** મુકામે મોહસિને સુન્નિયત હઝરત સૈયદ મુહમ્મદ નૂરાનીબાબા رحمۃ اللہ علیہનો ઉર્સ મુબારક શાનો શૌકત સાથે તા. ૨૧–૧૦–૨૦૦૮ સોમવારે, ૨૦ શવ્વાલ હિ.સ. ૧૪૨૯ના રોજ મનાવાયો. સજ્જાદાનશીન હઝરત સૈયદ યૂસુફબાવા નૂરાની સાહબની સદારતમાં ઝહોર બાદ હઝરતના ઘરેથી સલાતો સલામ સાથે જુલૂસ નીકળ્યું જેમાં હાજરી આપવા યુ.કે.થી જનાબ હાફેઝ આદમ કંબોલ્વી સાહબ તથા જનાબ હાફેઝ આદમ વોરાસમનીવાળા તથા મૌલાના ઉસ્માન ગની બાપુ (દારુલ ઉલૂમ મુસ્તફા રઝા C/o. અમીને શરીઅત એજ્યુ. ટ્રસ્ટ–ધ્રોલ) તથા જનાબ હાફેઝ મુહમ્મ હનીફ રિફાકતી (નાઝિમે આલા : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ) જનાબ અબ્દુલ્લાહભાઈ મીમ સેગવાવાળા, જનાબ હાફેઝ ઈબ્રાહીમ કહાનવાળા, પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક), જનાબ કાઝી અમીરમિયાં દયાદરવી (તાંદલજા) તથા મુકામી તેમજ બહારના મોટી સંખ્યામાં મુરીદો, અકીદતમંદો તથા ચાહકોએ હાજરી આપી હતી. જુલૂસ કબ્રસ્તાન અગાઉ રોડની બાજુમાં રોકાયું જ્યાં હઝરત સૈયદ યૂસુફબાવાના હસ્તે 'ખાનકાહે કાદરીયા નૂરાની'ની તામીર માટેની જગા પર સંગે બુનિયાદ રાખવામાં આવી. ત્યારબાદ હઝરત નૂરાનીબાવા رحمۃ اللہ علیہની દરગાહે પહોંચી ગિલાફ, ગુલપોશી તથા ફાતેહાખ્વાની કરવામાં આવી હતી. સર્વ હાજરજનો માટે ન્યાઝ જમવાની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

### ★ જશ્ને ઉર્સ મુબારક ★

**કણકોટ (તા. વાંકાનેર) :** અત્રેના મશ્હૂર બુઝુર્ગ હઝરત આસ્તાપીરબાવા رحمۃ اللہનો જશ્ને ઉર્સ મુબારક હર સાલની માફક આ વર્ષે પણ ૧૦ ઝિલ્ કઅદ, હિજરી ૧૪૨૯ને તા. ૧૦/૧૧/૨૦૦૮ના રોજ મનાવાયો સવારમાં ૧૦ વાગે સંદલ શરીફની રસ્મ અદા કરવામાં આવી હતી. બપોરે આમ ન્યાઝ અને ઈશા બાદ તકરીરના શાનદાર પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં શેરે રાજસ્થાન હઝરત મૌલાના મુફતી શેર મુહમ્મદ સાહબ તથા મુફતી મોહસિન રઝા સાહેબે (ધ્રોલ) શાનદાર ઈમાન અફરોઝ તકરીર ફર્માવી હતી. તથા સૈયદ કાદરીબાપુ કોડીનારવાળા અને મૌલાના સૈયદ ફારૂકબાપુ એ આ પ્રોગ્રામમાં મહેમાને ખુસૂસી તરીકે તશરીફ લાવ્યા હતા. બળોહી સંખ્યામાં અકીદતમંદોએ હાજરી આપી ફયૂઝે બરકાત પ્રાપ્ત કર્યો હતો. –*રજૂકર્તા : (મૌલાના) ઈસ્માઈલ રઝવી કણકોટી (ગ્રા. નં. ૫૫૮૩)*

### ★ જશ્ને રિદાએ ફઝીલત ★

**પ્રભાસ પાટણ :** મદરસાએ ખદીજતુલ કુબ્રા લિલ બનાત–પ્રભાસ પાટણ ખાતે તા. ૧૭–૧૦–૨૦૦૮ જશ્ને રિદાએ ફઝીલતના ઔરતોના ઈજલાસમાં ૨૨ ફાઝિલા બહેનોને રિદાએ ફઝીલત અર્પણ કરવામાં આવેલ. તા. ૧૮/૧૦/૨૦૦૮ના રોજ એ જ સ્થળે ખલીફાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત કિબ્લા મુજીબ અશ્રફ સાહબ دامت برکاتہمનું ખાસ ઈમાન અફરોઝ બયાન ઈસ્લાહે મુઆશરા પર થયું હતું. તિલાવતે કુર્આન જનાબ મૌલાના કારી શબ્બીર સાહબે કરી અને હમ્દ તથા નઅતે પાક જનાબ હાફેઝ શોએબ રઝા સાહબે પેશ કરેલ.

**છોટાઉદેપુર :** ગ્રા.નં. ૩૫૯૬ જનાબ સોલંકી ફીરોઝભાઈ ઐયૂબભાઈને ત્યાં બાબાનો જન્મ થયો છે તેની ખુશીમાં 'ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા'માં રૂા. ૫૦૦ લિલ્લાહ મોકલ્યા છે. જઝાકલ્લાહ ! મૌલા તઆલા તેમને તથા તેમના ફરઝંદને બંને દુનિયાની આફત, બલાઓથી બચાવે અને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન) –*તંત્રી*

**કરજણ :** હુસૈન ટેકરી મુકામે તા. ૧/૧૧/૨૦૦૮ને શનિવારના રોજ સૈયદ અહમદમિયાં બાપુ રેલ્વેવાળાની પૌત્રી સૈયદા માહેનૂર જહાંની બિસ્મિલ્લાહખ્વાનીની રસ્મ અદા કરી જેની ખુશીમાં રૂા. ૨૫૦/– 'ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા'માં ઈમદાદ આપેલ છે.

તેમજ સૈયદ અહમદમિયાંનાં ખાલાજાન સૈયદા

રાબીયાબીબી છોટાઉદેપુર મુકામે તા. ૧૨/૧૧/૦૮ના ઈન્તેકાલ કરી ગયાં છે. અલ્લાહ મર્હૂમાની મગફેરત ફર્માવે. એમના સવાબ અર્થે રૂા. ૨૫૦/– 'ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા'માં આપેલ છે.

*(રજૂ. હાફેઝ મેહબૂબ ઝંઘારવી–કરજણ)*

**★ જશ્ને શાદી મુબારક ! ★**

**આમોદ** : જનાબ અબ્દુલભાઈ હાજી અલી પટેલના નેક ફરઝંદ 'સાદિક'ની શાદી દયાદરા નિવાસી અબ્દુલ્લાહ દાઉદ ભાની નેક દુખ્તર 'મેહઝબીન' સાથે તા. ૧૪/૧૨/૨૦૦૮ રવિવારે રાખવામાં આવી. (મુબારકબાદ ! –*તંત્રી*)

**સૂરત** : જનાબ મૂસા મુહમ્મદ પટેલ (આછોદ)ના નેક ફરઝંદ (અ. સમદભાઈ–હાલ નાનાવરાછાના ભાઈ) "અખ્તર હુસૈન"ની નિકાહ ખ્વાની તા. ૨૫–૧૨–૨૦૦૮ જુમેરાતે મરજાન શામી મસ્જિદ–સૂરત ખાતે રાખવામાં આવી. (મુબારકબાદ ! –*તંત્રી*)

**નબીપુર** : જનાબ ગુલામ અલી આદમ મૂસા કડુજી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિકના મામાના) નેક ફરઝંદ શૌકત હુસૈનની નિકાહખ્વાની સાંસરોદ નિવાસી હાફેઝ અબ્દુલ્લાહ લાખાની નેક પુત્રી ફીરોઝાબાનુ સાથે તા. ૭–૧૦–૨૦૦૮ જુમ્આની નમાઝ બાદ જુમ્આ મસ્જિદ નબીપુર ખાતે રાખવામાં આવ્યા હતા. (મુબારકબાદ ! –*તંત્રી*)

**★ ઈન્તેકાલ પુરમલાલ !★**

**પ્રભાસ પાટણ** : 'બરકાતે ખ્વાજા (માસિક)ના ચાહક જનાબ ખલીલ અહમદભાઈ સાબરીનાં વાલિદા હજીયાણી સારબાઈમાં બરકાતીનો ઈન્તેકાલ ૩૦ શવ્વાલ બરોઝ જુમ્આ થયો હતો. મૌલા કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે જન્નતમાં આ'લાથી આ'લા મકામ અતા કરે અને કુટુંબીજનો, સગાં સંબંધીઓને સબ્રે જમીલ આપે. (આમીન) –*તંત્રી*

**ભૂલ સુધારો** બરકાતે ખ્વાજા (માસિક), ડિસેમ્બર ૨૦૦૮, પેજ–૧૩, 'તકબીરે તશરીક' બ્લોકમાં **'વલિલ્લાહિલ હમ્દ'** પહેલાં **'અલ્લાહુ અકબર'** ઉમેરશો. –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


**વજન વધારો/ઘટાડો શ્રેષ્ઠતમ હર્બલ ફોર્મ્યુલા દ્વારા**

વા, પગ, ગુઠણ, સાંધાના દુઃખાવા, કમરના દર્દ માટે ૧૦૦% ગેરેંટેડ ઈલાજ (મનીબેક ગેરેંટી)

સંપર્ક કરો :– **ઈસ્માઈલ સાલેહ**

મુ. **દયાદરા**, મોટા ચકલા, તા. જિ. ભરૂચ

ઈન્ડિયા ખાતે ફોન : (૦૨૬૪૨) ૨૮૦૩૨૨,

**લંડન** ખાતે સંપર્ક ફોન. : (૦૨૦૮) ૪૭૦૨૧૯૮



**કિતાબ મંગાવો : (કિતાબ) : રોશન સિતારા**

**પ્રકાશક : ગરીબ નવાઝ કમિટી, રેલ્વે કોલોની ક્વાર્ટસ્ નં. ૯૧–ડી, મુ. હાપા, જિ. જામનગર–૩૬૧ ૧૨૦, મો. ૯૩૨૮૦ ૮૮૩૭૮** કિતાબમાં હઝરત અબૂબક્ર સિદીક, હઝરત અલી, હઝરત ફાતેમા ઝહરા, હઝરત ઉવૈસ કરની, હઝરત પીર મેહમૂદશા બુખારી, હઝરત મૂસા સુહાગ, હુઝૂર ગૌષ પાક رضوان الله تعالى عليهم أجمعين, નમાઝે ગૌષિયા..... વગેરે વિશે વર્ણન છે.

*પ્રકાશકના સરનામે રૂા. ૫/– ટપાલ ટિકિટ મોકલીને મંગાવો.*


**મદદની હાર્દિક અપીલ !**

**શિનોર** : (જિ. વડોદરા) મુકામે 'મદરસાએ ગૌષિયા–શિનોર' ખાતે મદરસામાં બાળકોની સંખ્યા લગભગ ૨૦૦ ઉપરાંત છે જેમની દીની તા'લીમ માટે મદરસાની અગવડ હોવાથી નવેસરથી બાંધકામ ૨૫૦૦ સ્કવેર ફૂટમાં (બે માળ) કરવામાં આવશે જેનો અંદાજિત ખર્ચ રૂા. ૨૭,૫૦,૦૦૦/– જેટલો છે તો આપના મર્હૂમોના સવાબ અર્થે શક્ય તે રીતે રોકડ કે ઈંટો, રેતી, કપચી, સળિયા, લાકડાં વગેરે આપી સહાય કરવા નમ્ર અપીલ છે. સખીદાતાઓ આ વિસ્તાર તરફ ખાસ ધ્યાન કરે તેવી વિનંતિ છે.

સંપર્ક કરો : **મદરસાએ ગૌષિયા**, પ્રમુખ : સોમરા ગુલામ રસૂલ નઝરભાઈ (મો. ૯૭૨૫૩૫૨૫૩૫) તેમજ ઝાકિર હુસૈન હાજી અ. મજીદ (મો. ૯૭૧૨૫૧૩૪૦૬), ઠે. મોટી ભાગોળ, મુ.પો. શિનોર, જિ. વડોદરા–૩૯૧ ૧૧૫

# અહલે બયતે નબુવ્વતપે લાખોં સલામ

રઝા : શૈખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિસે બરેલ્વી

મુસ્તફા જાને રહમતપે લાખોં સલામ
શમ્એ બઝ્મે હિદાયતપે લાખોં સલામ
ઉન્કે મૌલાકી ઉન પર કરોડોં દુરૂદ
ઉન્કે અસ્હાબો ઈતરતપે લાખોં સલામ
પારહાએ સહ્ફ ગુન્ચહાએ કુદ્સ
અહ્લે બયતે નબુવ્વતપે લાખોં સલામ
આબે તત્હીરસે જિસમેં પૌદે જમે
ઉસ રિયાઝે નજાબતપે લાખોં સલામ
ખૂને ખૈરુર્રોસુલસે હૈ જિનકા ખમીર
ઉન્કી બેલૌષ તીનતપે લાખોં સલામ
ઉસ બતૂલે જિગર પારાએ મુસ્તફા
હજલહ્ આરાએ ઈફ્ફતપે લાખોં સલામ
જિસ્કા આંચલ ન દેખા મહો મહરને
ઉસ રિદાએ નઝાહતપે લાખોં સલામ
સૈયદા ઝાહિરા તૈયબા તાહિરા
જાને અહમદ કી રાહતપે લાખોં સલામ
હસને મુજતબા સૈયદુલ અસ્ખિયા
રાકિબે દોશે ઈઝ્ઝતપે લાખોં સલામ
શહદખ્વારે લુઆબે ઝબાને નબી
ચાશનીગીર ઈસ્મતપે લાખોં સલામ
ઉસ શહીદે બલા શાહ ગુલગૂં કબા
બેકસ દસ્તે ગુર્બતપે લાખોં સલામ
દુર્રે દર્જે નજફ મહરે બુર્જે શરફ
રંગ રૂએ શહાદતપે લાખોં સલામ
કાશ ! મેહશરમે જબ ઉનકી આમદ હો ઔર
ભેજેં સબ ઉનકી શૌકતપે લાખોં સલામ
મુઝસે ખિદમત કે કુદ્સી કહેં હાં **“રઝા”**
મુસ્તફા જાને રહમતપે લાખોં સલામ

**લેખ હરીફાઈ............**

વિષય : **ઈસ્લામમાં નિકાહનું મહત્વ અને વર્તમાન જગત**

દારુલ ઉલૂમ, મદરસા, સ્કૂલ, કોલેજના તલબા (વિદ્યાર્થીઓ) ભાગ લે અને દીન માટે કલમ ચલાવે.

તા. **૧૦/૦૨/૨૦૦૯** સુધીમાં લેખ મોકલવો. –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## આશૂરાના ફઝાઈલ તથા અમલો

**આશૂરા** એટલે મુહર્રમની દસમી તારીખ ઘણી અઝમત તથા બુઝુર્ગીવાળી અને અફઝલ તથા મહાનતાવાળી છે. એટલા માટે કે ઘણા મહત્વના બનાવો આ તારીખથી સંબંધિત છે. હઝરત શયખ અબ્દુર્રહ્માન શફૂરી પોતાની મશ્હૂર કિતાબ "નુઝહતુલ મજાલિસ'માં લખે છે કે આ દિવસે :–

★ આસ્માન તથા જમીન અને કલ્મનું સર્જન થયું. ★ હઝરત આદમ عليه السلام તથા હવ્વા પેદા થયાં. ★ હઝરત આદમ عليه السلامની તૌબા ક઼બૂલ થઈ. ★ હઝરત નૂહ عليه السلامની કશ્તી 'જૂદી' પહાડ પર લાગી. ★ હઝરત ઈબ્રાહીમ عليه السلامને ખલીલનો મર્તબો મળ્યો. ★ ૪૦ સાલ બાદ હઝરત યાકૂબ عليه السلامથી હઝરત યૂસુફ عليه السلام મળ્યા. ★ હઝરત ઈદરીસ عليه السلام આસ્માન પર ઉઠાવી લેવામાં આવ્યા. ★ હઝરત ઐયૂબ عليه السلام સાજા થયા. ★ હઝરત યૂનુસ عليه السلام માછલીના પેટથી નીકળ્યા. ★ હઝરત દાઊદ عليه السلامની તૌબા ક઼બૂલ થઈ. ★ હઝરત સુલૈમાન عليه السلامને સલ્તનત અતા થઈ. હઝરત ઈસા عليه السلام આસ્માન પર ઉઠાવવામાં આવ્યા. ★ આપણા નબી صلى الله عليه وسلمનો નિકાહ હઝરત ખદીજા رضي الله عنها સાથે થયો અને આ જ દિવસે ક઼યામત પણ ક઼ાયમ થશે. *(નુઝહતુલ મજાલિસ બહવાલા ખુત્બાતે મુહર્રમ)* તેમજ હઝરત ઈમામ હુસૈન رضي الله عنهની શહાદત પણ એ જ દિવસે થઈ.

**આશૂરામાં રોઝો :** આશૂરાના દિવસે રોઝો રાખવો સુન્નત છે અને ઘણી ફઝીલત ધરાવે છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم મદીના શરીફ તશરીફ લાવ્યા તો યહૂદીઓને જોયા કે તેઓ આશૂરાના દિવસે રોઝો રાખે છે. આપે તેમને ફર્માવ્યું, આ કેવો દિવસ છે કે જેમાં તમે લોકો રોઝો રાખો છો ? તેમણે કહ્યું, આ તે અઝમતવાળો દિવસ છે કે જેમાં અલ્લાહે મૂસા عليه السلام અને તેમની ક઼ૌમને નજાત આપી અને ફિરઔનને તેની ક઼ૌમની સાથે ડૂબાડી દેવામાં આવ્યો. મૂસા عليه السلامએ એના શુક્રિયામાં રોઝો રાખ્યો જેથી અમે પણ રાખીએ છીએ. તો રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ ફર્માવ્યું, અમે મૂસા عليه السلامના તમારા કરતાં અધિક હક્ક઼દાર છીએ. જેથી આશૂરાનો રોઝો રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ પણ રાખ્યો અને એ રોઝાનો હુકમ પણ ફર્માવ્યો. *(બુખારી, ૧/૨૬૮, મુસ્લિમ, ૧/૩૫૯)*

અને હઝરત અબૂ ક઼તાદા رضي الله عنهથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ ફર્માવ્યું, "મને અલ્લાહથી ઉમ્મીદ છે કે તે આશૂરાના રોઝાને પાછલા વરસભરના ગુનાહોનો કફ્ફારો બનાવી આપે. *(મુસ્લિમ મિશ્ક઼ાત–૧૭૯)*

અને હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهماથી રિવાયત છે કે જ્યારે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ આશૂરાના દિવસે રોઝો રાખ્યો અને તેના રોઝાનો હુકમ કર્યો તો સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم આ તે દિવસ છે જેની યહૂદી તથા ઈસાઈ તા'ઝીમ કરે છે ! તો રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ ફર્માવ્યું, જો આવતા વરસે દુનિયામાં બાકી રહ્યો તો નવમી મુહર્રમનો પણ રોઝો રાખીશ. (મુસ્લિમ, મિશ્ક઼ાત–૧૭૯) એટલા માટે ફક઼ીહો (ફુક઼હાએ કિરામ) ફર્માવે છે કે સુન્નત એ છે કે મુહર્રમની નવમી તથા દસમી બંને તારીખોએ રોઝો રાખો. (જેથી યહૂદીની મુશાબેહત ન રહે.)

**આશૂરામાં નફ્લ નમાઝ :** સરકાર صلى الله عليه وسلم ઈર્શાદ ફર્માવે છે, "જે શખ્સ આશૂરાના દિવસે ચાર રકાતો એ રીતે પઢે કે દરેક રકાતમાં સૂરએ ફાતિહા પછી કુલ્ હુવલ્લાહુ અહદ પૂરી સૂરત ૧૧ વાર પઢે તો અલ્લાહ તઆલા તેના પચાસ વરસના ગુનાહ માફ ફર્માવી આપશે અને તેના માટે નૂરનો મિમ્બર બનાવી આપશે. *(નુઝહતુલ મજાલિસ, ૧/૧૮૧)*

અને હઝરત ઈબ્ને મસ્ઊદ رضي الله عنهથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم ફર્માવે છે, "જે શખ્સ આશૂરાના દિવસે પોતાના ઘરવાળાં માટે ખાવા પીવામાં અધિક્તા કરશે તે વરસભર બરાબર અધિક્તામાં રહેશે. *(માષબત બિસ્સુન્નહ્–૧૦)*